લગ્ન ગીતાવળી

યોજક

સરલા મગનલાલ દીવાનજી

૧૯૨૮

કિંમત રૂ. ૦-૮-૦

લગ્ન ગીતાવળી

સંયોજક

સરલા મગનલાલ દીવાનજી

૧૯૨૮

કિંમત રૂા. ૦-૮-૦.

બીજી આવૃત્તિ] [પ્રત ૧૦૦૦

પ્રકાશકઃ—સરલા મગનલાલ દીવાનજી.
ઠા. સેતાન ફળીઆ, ગોપીપુરા,—સુરત.

છાપનારઃ—ગોવિંદજી ડાહ્યાભાઇ નાયક.
શ્રી "અનાવિલ બંધુ" પ્રીન્ટીંગ પ્રેસ, બરાનપુરી ભાગળ,
ભાજીવાળી પોળ—સુરત.

પ્રસ્તાવના.

આ "લગ્નના ગીતો"ના લઘુ પુસ્તકને પ્રસ્તાવના શી હોય? પરંતુ લગ્ન પ્રસંગે નાના મોટા ગણેશ બેસવા જોઇએ. તેથી પ્રસંગાનુસાર લાંબી ટુંકી જેવી તેવી એક પ્રસ્તાવના આ પુસ્તક રચવાના પ્રયત્નના મંગળાચરણ રૂપે પ્રદર્શિત કરૂં છું.

પરમકૃપાળુ પરમેશ્વરે મનુષ્યના જીવનમાં સ્ત્રી પુરૂષનું દ્વંદ્વ રચીને લગ્ન જેવો માંગલિક પ્રસંગ ખરૂં જોતાં એકજ અપૂર્વ આનંદ લેવાનો અવસર આપેલો છે. એ અવસરને અતિ આહલાદિક બનાવી અલૌકિક આનંદ મેળવવામાં સહાય કરનાર, "જ્યાં નહિ પહોંચે રવિ ત્યાં પહોંચે કવિ." એવા અનુભવી કવિઓએ સ્ત્રી વર્ગની ઉન્નતિ અને સાહિત્ય કળા કેળવણી માટે તથા "સાહિત્ય સંગીત કલા વિહીન સ્ત્રીઓ" ને પશુ કોટીમાંથી આબેહૂબ મનુષ્ય કોટીમાં આણી તેમને યોગ્ય સ્થળે શોભાવવા માટે, અને ઇશ્વર પ્રેરિત નાજુક કોયલકંઠીઓના સુસ્વરને અલંકૃત કરવાના શુભ હેતુથી, કેટલાક સુંદર ગીતોની બક્ષિસ પરાપૂર્વથી આપેલી છે; છતાં એવા અમૂલ્ય આભૂષણો છૂટાં છવાયાં રઝળતા વીણી ચુંટી તેમને એકત્રિત કરી તેવા સુમન (સારા મનવાળા) કવિઓના વિખરાઇ કરમાઈ જતાં સુમન (પુષ્પો) ને સુમનગૌરી, કુસુમગૌરી, પુષ્પાબેન વગેરે નામધારી અમારી ગુણવંતી ગુજરાતની સુશિક્ષિત બેનોને સરળતા આપવા માટે તથા આપણી, સર્વ કલાવતીઓ અને લીલાવતીઓને શુભ અવસરે આનંદનો લહાવો લેવા આપવા બની આવે એવી ઉમેદથી પુસ્તક રૂપે પ્રકાશમાં મુકવા મને આ પ્રસંગ મળ્યો તેથી હું પોતાને કૃતાર્થ સમજુ છું.

મર્યાદા એ સ્ત્રીઓનું ભૂષણ છે. અને સ્ત્રીઓની સંગીત કેળવણી કુમારિકા અવસ્થામાં શાળામાં પુરી થતાં સ્ત્રી રૂપે બ્રાહ્મણસ્ત્રીઓદ્વારા અથવા સ્વજ્ઞાતિની સુશિક્ષિત સ્ત્રીઓ મારફત લગ્નમંડપમાં પ્રથમજ મળે છે. અને આધુનિક સ્ત્રીઓને મંડનમિશ્રની સ્ત્રી સરસ્વતીની માફક સભાઓ જીતવાનો

અવસર આવવાનો હાલ સંભવ નથી. તેમને તો પહેલે નંબરે ઉત્તીર્ણ થવાનો માંગલિક અવસર લગ્ન પ્રસંગની સ્ત્રીઓની સભા સિવાય ભાગ્યેજ અન્ય પ્રસગે પ્રાપ્ત થાય છે. આ પુસ્તકમાં મર્યાદા જળવાય એવા સરળ ગીતો ઉપરાંત સહૃદય હાસ્યજનક ગીતોનો પણ સમાવેશ કરેલો છે. પરંતુ મર્યાદા ભંગ કરનારા ફટાણા શંગાર કે બિભત્સને સ્થાન ન મળે તે પર લક્ષ રાખ્યું છે. અને તેથી "સ્ત્રીઓને ટાઢું ખાવું ને ખોટું ગાવુ" બહુ ગમે છે, એવા આક્ષેપમાંથી તેઓને કેટલેક અંશે મુક્ત કરી શકી છું.

લખેલા કાગળો લઈ તેમાંથી વાંચી સ્ત્રીઓ ગવડાવે અને અન્ય સ્ત્રીઓ ઝીલતાં અચકાય એવી કફોડી સ્થીતિ આવાં પુસ્તકથી દૂર થશે, અને ગુજરાતની સ્ત્રીઓને આવાં પુસ્તક વાંચેથી શીખેથી અને મુખપાઠ કરેથી અત્યંત લાભ થશે, એમ જાણી આ પ્રયત્ન આદર્યો છે તો આશા છે કે એનો જેમ વધુ પ્રચાર થશે તેમ આ પરિશ્રમ વધુ પસાર થયો માનીશ એટલુંજ નહીં પણ રા. ખાનસાહેબ વગેરે વિદ્વાનો જેમ મેટ્રીકયુલેશન માટે અથવા યુનિવરસીટી માટે સાહિત્ય સંગીત કલાના ગ્રંથો ગુંથે છે, તેમ આ ગીતોનો "ગુણીયલ ગજરો" ગુંથીને મારી સ્વદેશી બહેનોને સંગિતની પરિક્ષામાં ઉત્તીર્ણ થવાના અભ્યાસાર્થે અર્પણ કરી તેમની સેવા બજાવવાના પ્રયત્નમાં હું કંઈક અંશે સફળ થઈ છું એમ સમજી મનમાં ને મનમાં પુરેલા મોતીના ચોકમાં મગ્ન રહીશ.

આ સ્વદેશી સત્યાગ્રહ, અને રાષ્ટ્રીય સમયમાં સંગીતનો અમુક દિશામાં વિસ્તાર થયો છે. અને તે સ્ત્રીઓની કેળવણીનો એક ઉત્તમ ભાગ ગણાવા લાગ્યો છે. તેની સાથે સાથે લગ્ન પ્રસંગના નીતિ બોધક ગીતો જે લાંબો સમયથી પ્રથમ પદવીનો હક ધરાવતા આવ્યા છે, તેની વિસ્મૃતિ થાય નહીં એવા હેતુથી પણ આ પ્રયત્ન સર્વમાન્ય ગણાશે એવી ઉમેદ છે. અને આ પુસ્તકના ગીત ૧૦૯ માં "હાં હાંરે કે સોટીઓ સાત મારી" તથા ગીત ૧૨૯માં "હું તમારા ઘરની ગુલામ હવે ન જાઉં રૂસણે મારા રાજ" વગેરે

હોંસે હોંસે ગાવાની જીયાવરની દમન નીતિના સ્વીકાર સાથે ગીત ૧૨૪માં એવી દમનનીતિથી વહાલાનું નાક રહેશે નહીં અને બાયલો ગણાશે એવી ભાવના જણાવી "નાનો સરખો રેંટીઓને તેને લાંબુ ત્રાક, બાયલો હોય તે બાયડી મારે. તેનું વાઢો નાક, વહાલા બિજનારે, મારે ચુદડીના ચોર" એવો સત્યાગ્રહ દર્શાવી, સ્ત્રીઓએ સ્વરાજ્ય સ્થાપિત કર્યું છે. આવા આવા સ્ત્રીઓના અનેક સરલ પ્રસંગોથી મળતું મધુર કર્ણામૃત મેળવી કઇ સહૃદય વ્યક્તિ અસંતુષ્ટ રહેશે?

ટુંકમાં, હું કંઈ વિદુષી નથી અને વિદેશી તો નથીજ. પણ સ્વદેશી બહેનોને વિદોષી અને વિદંશી જોવા અતિ ઉત્સુક છું. તેથી "લગ્નમાં અનેક વિઘ્ન" એ કહેવતને નિષ્ફળ કરવા એવે શુભ પ્રસંગે હરેક પ્રકારે કુસંપ કલેશ લેશ પણ થાય નહીં એવી રીતે આ સરલ ગીતોનો નિર્દોષ આનંદ લેશે, અને એ લ્હાવો લેવા લેવડાવવાનો મને આ અપૂર્વ અવસર મળ્યો તેથી સરલ ભાવે સર્વ સુખાનંદ રૂપ શ્રી પરમ પુરૂષોત્તમ પ્રભુજીને પુનઃ પુનઃ પ્રણામ કરી વિરમું છું.

સુરત સેતાન ફળીયું
તા ૧-૧-૨૫

લી૦
સરલ સ્નેહાધીન
સરલા

બીજી આવૃતિની પ્રસ્તાવના.

લગ્નની ખુશાલી લગ્નના ગીતોને લીધે છે. અને આ સુંદર સરલ ગીતોના પુસ્તકની બીજી આવૃતિની પ્રસ્તાવનાનો પ્રસંગ પણ લગ્નની ખુશાલી જેવોજ આવકારદાયક છે.

પરંતુ આ સ્થળે એ ગીતોના સંયોજક તરીકે આપણી ગુણવંતી ગુજરાતની સુશિક્ષિત બ્હેનોનો તેમજ આપણા ગુજરાતના સહૃદય અને ઊદાર બંધુ વર્ગનો વધુ આભાર માનું છું. તેમજ પ્રથમ આવૃતિનો સ્વીકાર સારી રીતે થયેલો જાણી સંતોષ સાથે આ દ્વિતીય આવૃત્તિ પ્રજા સમક્ષ મુકવા હિંમત ધરી છે. અને પરમ કૃપાળુ પરમેશ્વર સમક્ષ પ્રાર્થના કરૂં છું કે અમારો બંધુવર્ગ તથા ભગિનીવર્ગ આ દ્વિતીય આવૃતિનો સ્વીકાર કરી તેમાં સમાયલા ગીતોનો સહૃદય સદુપયોગ કરી આનંદ પ્રાપ્ત કરે.

મનુષ્યની જીંદગીમાં લગ્નનો અવસર અપૂર્વ આનંદ આપનાર છે. એ પ્રસંગે સ્ત્રીઓને કંઇક ગીતો ગાવાની છૂટ મળે છે. પુરૂષ વર્ગ રૂબરૂ પણ મર્યાદાસહ ગીતો લલકારી શકે છે. અને "જીયાવર" તથા "લાડકડી" ની હોંસ પૂરી પડે એવો ભાગ ભજવી ઊત્સાહી રહે છે.

શાળામાં ભણનારી બ્હેનો તથા તેમના વડીલો સ્ત્રી વર્ગ પણ આવાં પુસ્તકનો સારો લાભ લઇ શકે છે. કોયલકંઠીઓ જ્યારે "આજ મેં તો ધણીલા પર્વત નોતર્યા," "રામ પ્રભાતે ને પોરે." વગેરે ગીતો લલકારે છે. તે વેળા સાંભળનાર સ્તબ્ધ બની જાય છે. તેમજ "પુછલડું કયાં વળગ્યું રે મારા કુંવર કોડીલા." "નવા નગરથી વાંદરો આવ્યો." વગેરે ગીતોની ઠંડી રમુજ મનુષ્યને ઘડીભર ગાઢી અસર કરી વિચારમાં લીન કરી નાંખે છે.

આ પુસ્તકમાં કંઈ પણ સુધારો કર્યો નથી. હવે પછી સુચના મળશે તો તે ઊપર ધ્યાન દેવામાં આવશે. અને હવે પછીની આવૃતિમાં સુધારો કરવામાં આવશે.

હું સરળ સ્વભાવે આ લગ્નના ગીતોની સંયોજક છું અને લગ્નની જોડીનો સ્વાભાવિક સંયોજક પરમકૃપાળુ પરમેશ્વર છે. તે પ્રભુ દરેક દંપતિને સદા સુખી રાખો. અને સર્વને નિર્દોષ આનંદ આપો એવી મારી પ્રભુ પ્રત્યે અતિ નમ્ર વિનતિ છે. અને આ દ્વિતીય આવૃતિનો આવકાર થઇ સત્વર ઊઠાવ થઇ ઊપયોગ થાય એવી ઊમેદ છે.

આ પુસ્તક મે૦ ઊત્તર વિભાગના ઇન્સપેકટર સાહેબે ઈનામ તરીકે મંજુર કર્યું છે. અને ઘણી ખપત તેને લીધેજ થઇ છે. તેથી તેમનો આભાર માવનામાં આવે છે.

સુરત સેતાન ફળીયા.
તા ૧-૧૦-૨૮

લિ. સરલ હૃદયની સાહિત્ય પ્રેમી
સરલા.

અનુક્રમણિકા.

શ્રી

શ્રીગણેશાયનમઃ



લગ્ન પ્રસંગે ગાવાનાં ગીત.

ચોડી પછેડા વખતે ગાવાનું ગીત.

કંકુના છડારે દેવાડીએ, મોતીના ચોક પુરાવો, કુંવર પરણાવીએ.
કંકુની ગાર ઘલાવીએ, સીંદુરની ઓકળી પડાવો, કુંવર૦
પાછલી ભીંત ધોળાવીએ, સીંદુરના ગણપતી લખાવો, કુંવર
ઘીના દીવા અજવાળીએ, નાળીએરે અરઘ દેવાડો, કુંવર૦
સેવના પાટ મંડાવીએ, લીલડે નેત્ર ઓછાડો, કુંવર૦
આપણા ગોર તેડાવીએ, તેની પાસે પ્રતિષ્ટા કરાવો, કુંવર૦
આપણી મૈયારી તેડાવીએ, તેની પાસે માએ મંડાવો, કુંવર૦
વિશ્વનાથ, ત્રંબકનાથ ગદાધર, ગણપતી સાથે છે ચાર, કુંવર૦
જીયાવર તમારીરે પાઘડી, બાંધી છે રક્ષા એ ચાર, કુંવર૦
ધર્મરક્ષા, કર્મરક્ષા, પુત્રરક્ષા, આયુષ્ય લખ્યારે લેલાટ, કુંવર૦
સુમનવહુ લીલાવહુ કળાવતીવહુ સરલાવહુ સાથે ચાર, કું૦
ચાર ચુડાળીરે પાચમી, જીયાવર ઘરકેરી નાર, કુંવર પરણાવીએ.
(છોકરીના લગ્ન હોય તો "લાડવઇ તમારી ઘાટડી")

(૨)

આજ મારે ઘેર રામ રમેરે, રામ રમે ત્યાં તો સૌને ગમેરે
સૌને ગમે ત્યાં દીવડા બળેરે. દીવડા બળે ત્યાં રત્ન ખરેરે.
રત્ન ખરે ત્યાં અમીર ઢળેરે, અતીરે ઢળે ત્યાં સૌને ગમેરે
અણુચીંત્યો આવ્યોરે મારે ઘેર સોહેળોરે
ગાજતો વાજતો આવ્યો મારે ઘેર સોહેળોરે
એણુને સોહેલડોરે માંડીઓ જીયાવર કાં જાય પનોતા
નવી વહુ આવેરે મારે ઘેર સોહેળોરે

---

(૩)

(પીઠી તથા કુવરડી વખતનું ગીત.)

જીરે આજ મેં તો ઘઉંલા પર્વત નોતર્યા
ઘઉંલા તમે છોરે સેવો વણુવા જોગ
મારે સાજન મેળાવા જો મળ્યા રે
જીરે આજ મેં તો ચોળા પર્વત નોતર્યા
ચોળા તમે છો મારે વડીઓ મુકવા જોગ
મારે સાજન મેળાવા જો મળ્યારે
જીરે આજ મેં તો અડદા પર્વત નોતર્યા
અડદા તમે છો મારે પાપડ વણુવા જોગ
મારે સાજન મેળાવા જો મળ્યારે

---

(૪)

નાણાવટીરે લાડકડાના પુઆંરે.
નાણા ખરચીને લાવ્યા અળધીરે
અળધી પાવલાની પાસેરરે
અળધી અડધાની અછેરરે
અળધી પોણાની પોણોશેરરે
અળધી રૂપીઆની શેરરે
અળધી મોંઘેરી વેચાયરે
અળધી કેળવી કીધી આછીરે
અળધી ચોળે લાડકડાની માસીરે
અળધી કેળવી કીધી શેઈરે

અળધી ચોળે લાડકડાની ફોઇરે
અળધી કેળવી કીધી આંકીરે
અળધી ચોળે લાડકડાની કાકીરે
અળધી કેળવી કીધી આંબીરે
અળધી ચોળે લાડકડાની મામીરે

અળધી કેળવી કીધી ઘાડીરે
અળધી ચોળે લાડકડાની માડીરે
અળધી કપુર કાચલડી ને ઘણીરે
અળધી ચોળે તે સઘળી વહુરે

અળધી મળધીનો કીધો રોળોરે
લાડકાને અંગે ચોળોરે

(૫)

પીળો પીળોરે અળધીનો રંગ, સોહેને પીળોરે મેં તો નીરખીઓ
મારા જીયા વરરે તમને પીઠી ચડેશ;આજ મારે ઘેર સોહેળોરે
રાતો રાતોરે કંકુડાનો છોડ, સોહેને રાતોરે મેં તો નીરખીઓ
મારા જીઆવરરે તમને ગાજરીઆ કાડેશ,આજ મારેઘેર સોહેળોરે
લીલો લીલોરે નાગરવેલનો છોડ,સોહેને લીલોરે મેં તો નીરખીઓ
મારા જીયાવરરે તમને પાન આપેસ આજ મારે ઘેર સોહેળો
ધોળો ધોળોરે મોગરડાનો રંગ સોહેને ધોળોરે મેં તો નીરખીઓ
મારા જીયાવરરે તમને હાર ઘાલેસ, આજ મારે ઘેર સોહેળોરે
કાળો કાળોરે કાજળનો રંગ સોહેને કાળોરે મેં તો નીરખીઓ
મારા જીયાવરરે તમારાં નયણાં ભરેશ આજ મારે ઘેર સોહેળોરે

(૬)

પ્રભાતીઆં.

સુરજ ઉગ્યોરે કેવડીઆની ફણુસે કે વહાણેલાં ભલે વાયાંરે
સુતા જાગોરે વાસુદેવના નંદ કે વાહાણેલાં ભલે વાયાંરે
તમ જાગેરે જાગે સહુ દેવ કે વાહાણેલાં ભલે વાયાંરે
લેજો લેજોરે પીતળના લોટા કે વાહાણેલાં ભલે વાયાંરે
દાતણ કરજોરે તુળસીને કયારે કે વહાણેલાં ભલે વાયાંરે
મુખ ધોજોરે ગંગાજળ પાણી કે વહાણેલાં ભલે વાયાંરે

સુખ લુછજોરે પામરીઆને છે કે વાહાણેલાં ભલે વાયાંરે
નામ લેજોરે શ્રી રામના નામ કે વાહાંણેલાં ભલે વાયાંરે
સુરજ ઉગ્યોરે કેવડીઆની ફણુસે કે વહાણેલાં ભલે વાયાંરે
સુતા જાગોરે ફુલાણીના કંથ કે વાહાણેલાં ભલે વાયાંરે
તમ જાગેરે જાગે સહુ ઢેડ કે વહાણેલાં ભલે વાયાંરે
લેજો લેજોરે સંડાસના લોટા કે વાહાણેલાં ભલે વાયાંરે
દાતણુ કરજોરે ઉકરડાની ટોચે કે વહાણેલાં ભલે વાયાંરે
મુખ ધોજોરે ખાળકુંડીના પાણી કે વાહાણેલાં ભલે વાયાંરે
મુખ લોજોરે મસોતાને છેડે કે વાહાણેલાં ભલે વાયાંરે
નામ લેજોરે તમારા બાપના નામ કે વાહાણેલાં ભલે વાયાંરે

---

(૭)

રામ પ્રભાતને પહોરે દેવકીજીએ દાતણુ માંગીઆં
માગ્યાં માગ્યાં તે વાર બેચાર રૂકમણીએ શબ્દ ન સાંભળ્યો
રામ પાનનાં બીડલાં તે હાથ મેડીએથી શ્રી ક્રશ્ન ઉતર્યો
મારાં ગંગાજી સરખાંરે માત તમારાં મન તે કોણે દુભવ્યાં
આપણા ઘરમાં રૂકમણી નાર તેણે મારો શબ્દ ન સાંભળ્યો
મારા મોટેરા બળભદ્ર વીર ગંગા કીનારે ઘર કરો
તેમાં રાખો રૂકમણી નાર, માડીનાં મનરે પ્રસન કરો
સ્વામી શો છે અમારો વાંક, શાને કારણે અમને દૂર કરો
ગોરી તું છે મારા હૈયાનો હાર, તુંજને ઘડાવું સોના સાંકળાં

રહેજો રહેજોરે માસ છ માસ, છઠે માસે આણું મોકલો
રહેજો રહેજોરે માસ બે માસ માતાજીનાં મનરે પ્રસન કરો
રામ પ્રભાતને પહોર, ફુલાણી વહુએ દાતણુ માગીઆં
માંગ્યાં માંગ્યાં તે વાર બે ચાર, ફુલાણી વહુએ શબ્દ ન સાંભળ્યા
રામ પાનનાં બીડલાં તે હાથ મેડીએથી ફુલાણા ભાઈ ઉતર્યાં
મારાં ગંગા સરખાં તે માત, તમારાં મન તે કોણે દુભવ્યાં
આપણા ઘરમાં ફુલાણી વહુ'નાર, તેણે મારો શબ્દ ન સાંભળ્યો
મારા નાનાશા ફુલાણુલાલ વીર, તાપી કીનારે ઘર કરો
તેમાં રાખો ફુલાણી વહુ નાર, માડીનાં મનરે પ્રસન કરો
સ્વામી શો છે અમારો વાંક શાને કારણે અમને દૂર કરો
ગોરી તું છે મારા હૈયાનો હાર, તુજને ઘડાવું સોનાં સાંકળાં
રહેજો રહેજો માસ છ માસ, છઠે માસેરે આણું મોકલો
રહેજો રહેજોરે માસ બે ચાર, માતાજીનાં મનરે પ્રસન કરો

---

(૮)

વાણાણેલાં વાયાં સોરંગી તારો ઉગીયો
જઈ જગાડો રૂકમણીના કંથને
સુતાં કેમ આવે ઓ શ્રી કૃષ્ણને નીંદડી
આજ આપણે વેવા સરખાં કાજ છે
લંકાગઢ મોકલાવો મેવાડાની સાંઢણી
ત્યાં થકી સોનારે મંગાવીએ

લાડકડા જીયાવરની પોંચીઓ ઘડાવીએ
વાહાણેલાં વાયાં સોરંગી તારો ઉગ્યો
જઈ જગાડો ફૂલાણી વહુના કંથને
સુતાં કેમ આવે ઓ ફૂલાણા ભાઇને નીંદડી
આજ આપણે વેવા સરખાં કાજ છે
હુડમછગઢ મોકલાવો મેવાડાની સાંઢણી
ત્યાં થકી હીરારે મંગાવીએ
લાડકડા જીયાવરની પોંચીઓ જડાવીએ
વાહાણેલાં વાયાં સોરંગી તારો ઉગીયો
જઇ જગાડો ફૂલાણી વહુના કંથને
સુતાં કેમ આવે ઓ પૂલાણાભાઇને નીંદડી
આજ આપણે વેવા સરખાં કાજ છે
સીંગડગઢ મોકલાવો મેવાડાની સાંઢણી
ત્યાં થકી મોતીડાં મંગાવીએ
લાડકડા જીયાવરની પોંચીઓ પોવડાવીએ
વાહાણેલાં વાયાં સોરંગી તારો ઉગીયો
જઇ જગાડો ફૂલાણી વહુના કંથને
સુતાં કેમ આવે ઓ ફૂલાણાભાઇને નીંદડી
આજ આપણે વેવા સરખાં કાજ છે
પાટણગઢ મોકલાવો મેવાડાની સાંઢણી
ત્યાં થકીરે રેશમ મંગાવીએ

લાડકડા જીયાવરની પોંચીઓ ગંઠાવીએ
(છોકરીને ઘેર લાડવાઇ અહુલ્યા બેન કરીને ગાવું)
(મુંડણ પ્રસંગે મુંજીઆજી કરીને ગાવું)

---

(૯)

ઉંચો ચોરોરે ચોતરો ત્યાં ઉગ્યો ચંદનનો છોડ કે વૃંદાવનનોરે પોપટો
ત્યાં બેસી પોપટજીરે બોલીયા, જગાડયા ચારે દેવ કે વૃંદા૦
પ્રથમેને નવનીતલાલ જાગીયા, બીજેને લાડીલાલજી દેવ કે વૃંદા૦
તીજેરે બાળકૃષ્ણજી જાગીયા, ચોથલે ગણુપતી દેવ કે વૃંદા૦
ચારે તે જાગીને શું કર્યાં રાખ્યા મારા દ્રવ્યના રંગ કે વૃંદાવન૦
ઉંચો ચોરોરે ચોતરો ત્યાં ઉગ્યો ચંદનનો છોડ કે કદળી વનનોરે પો૦
ત્યાં બેસી પોપટજીરે બોલીયા, જગાડયાં ચારે વહુવારૂ કે કદળી૦
પ્રથમેને ફલાણી વહુ જાગીયાં, બીજેને ફલાણી વહુવારૂ કે કદ૦
અગણે ફલાણી વહુરે જાગીયાં, ચોથે ફલાણી વહુવારૂ કે કદળી૦
ચારે તે જાગીને શું કર્યાં, રાખ્યા મારા ઘરના રંગ કે કદળી૦
ઉંચો ચોરોરે ચોતરો ત્યાં ઉગ્યો ભાંગનો છોડ કે કદળી વનનો કાગડો
ત્યાં બેસી કાગડાજી બોલીયા જગાડયા ચારે જમાઇ કે કદળી૦
પ્રથમેને ફલાણુલાલ જાગીયા, એ ફલાણી બેનના કંથ કે કદળી૦
બીજે ફલાણુભાઈ જાગીયા, એ ફલાણીબેનના કંથ કે કદળી૦
અગણેરે ફલાણુભાઈ જાગીયા, એ ફલાણીબેનના કંથ કે કદળી૦
ચોથેરે ફલાણુભાઇ જાગીયા, એ ફલાણીબેનના કંથ કે કદળી૦

ચારે તે જાગીને શું કર્યાં રાખ્યા મારા ઊકરડાના રંગ કે કહ૦
ફલાણુભાઈના હાથમાંરે પાવડો, ફલાણુભાઈના હાથમાંરે ચાંચવે।
ફલાણુભાઈના હાથમાંરે ટોપલો, ફલાણુભાઈને ગાડે ચડાવો
કે કહળી વનનોરે કાગડો
(ઉપર મુજબ નામ ફેરવીને ગાવું)

---

(૧૦)

પીપલડી તે પાકી ઝાલમઝાલ, અડાળીએ બેઠા ચાર જણા,
વચમાં બેઠારે વાસુદેવના નંદ કે વાહાણેલાં ભલે વાયાંરે
દાતણ કરજોરે ગંગાજળ ઝારી કે વાહાણેલાં ભલે વાયાંરે
મૂખ લુછજોરે પામરીને છેડે કે વાહાણેલાં ભલે વાયાંરે—૧
પીપલડી તે પાકી ઝાલમઝાલ, અડાળીએ બેઠા ચાર જણા,
વચમાં બેઠાંરે જગમોહનલાલ કે વાહાણેલાં ભલે વાયાંરે
દાતણ કરજોરે પીતળને લોટે કે વહાણેલાં ભલે વાયાંરે
મુખ લુછજોરે ધોતીઆંને છેડે કે વાહાણેલાં ભલે વાયાંરે—૨
પીપલડી તે પાકી ઝાલમઝાલ; અડાળીએ બેઠા ચાર જણા,
વચમાં બેઠારે ધનસુખલાલ કે વાહાણેલાં ભલે વાયાંરે
દાતણ કરજોરે ખાળકુંડીના પાણી કે વાહાણેલાં ભલે વાયાંરે
મુખ લુછજોરે બળોતીયાંને છેડે કે વાહાણેલાં ભલે વાયાંરે—૩
(ઉપર મુજબ નામ ફેરવીને ગાવું)

---

(૧૧)

અમદાવાદી ઓરસીયો ને સુરતની સુખેડ
　　ચંદન ઘસાવો એને માંડવે
ચંદન ઘસાવો ને ચંદરવા બંધાવો
　　સુરજ લખાવો એની ખડકીએ
સુરતના સલાટી ને પાટણનો પહાણરે
　　ઓરસીયો ઘડી લાવોને આરસ પહાણનો
એવાને હોંસીલા અમારા ફલાણાના કુંવરરે
　　નિત્ય પૂજા કેદારનાથને મોકલે
ચંદન ઘસી ઓરસીયો મંડપ હેઠે મેલ્યોરે
　　ઓરસીયાને ચોર ચોરી ગયારે
ઓરસીઆના ચોર ફલાણી બેનના નાથ
　　ફલાણાભાઇ ઓરસીયો ચોરી ગયા
આગળ જતાં બીજા જમાઇ મળીયા
　　બેઉ મળી ઓરસીયો જપત કર્યો
લાવોને નાડી બાંધને તાણી રાહુની રીતે
　　ઓરસીયો મનાવીયે
ઉપર રહ્યાં ફૂલાણાં બેન બોલેરે
　　આજનો ગુનો વીરા માફ કરો
લ્યોને મારી ટોટીને મારો એને સોટી
　　મુરખ લીયો વણાસીયો

હ્યોને મારી સાડીને મેલો એને કાઢી
રાહુની રીતે ઓરસીયો મનાવજો

(૧૨)

ઊઠો ગોરા રે ઊઠો સામળા ઊઠો નાથ વિશ્વનાથ
શ્રીફળ એ આણ્યાં અવર સાંતેકે વહેલા આવજોરે
એણીને સાંતેકે ગંગામાટી જોઇશેરે ગંગાજળ હોયરે રળિઆમણા
એણીને સાંતેકે આંબાપત્ર જોઈશેરે સેવાસૂત્ર હોયરે રળિઆમણા
એણીને સાંતેકે હવનપડી જોઇશેરે નાડાછડી હોયરે રળિઆમણા
એણીને સાંતેકે શ્રીફળ જોઇશેરે ફોફળ હોયરે રળિયામણા
એણીને સાંતેકે દુધદહીં જોઈશેરે પંચામૃત હોયરે રળિઆમણા
એણીને સાંતેકે આચાર જોઇશેરે સરવા હોયરે રળિઆમણા
એણીને સાંતેકે જીયાવર જોઇશેરે પોસનાળિએર હોયરે રળિ૦
એણીને સાંતેકે ફલાણાભાઈ જોઇશેરે ફલાણીવહુ હોયરે રળિ૦

---

(૧૩)

દીને સુપ્રભાતેરે ઉઠીનેરે લીજે ચારે દેવના નામ નમોરે હરિવાસુદેવારે
પેલાં નામ રૂડાં વિશ્વનાથનાંરે બીજલે ગદાધર દેવ, નમોરે૦
ત્રીજાં નામ દીજે રૂડાં કદમેશ્વરનાંરે ચોથે કેદારનાથ દેવ નમો૦
ચારે તે જાગીને શું કર્યાં રાખ્યો તારા સેવકનો રંગ નમોરે૦
દીને સુપ્રભાતે ઉઠીનેરે લીજે ચારે કાકાના નામ નમોરે૦
કાકાએ જાગીને શું કર્યાં રાખ્યો તમારા સાજનનો રંગ નમો૦

(૧૪)

વાહાણું વાતાં કુકડો રાણો બોલીયા, જાગો જાગો જગતના
જન કે કેતકી બાગનો કુકડો
જાગીને ઉત્તમ કામ આદરો, ભાવે કરીને કરો પ્રભુનું ભજન કે
કેતકી બાગનો કુકડો
મેડીમાંથી કનકો રાણો જાગીયા, કનકાવતી તણા ભરથાર કે
કેતકી બાગનો કુકડો
જાગીને ઈશ્વર આરાધીઆ, દાન દીધાં થઈને દાતાર કે કેતકી૦
મેહેલમાંથી ફૂલાણાભાઇ જાગીયા, ફૂલાણી વહુના કંથ કે કેતકી૦
પ્રભુની પ્રાર્થના કર્યો પછી, ગુણવંત વાંચ્યા રૂડા ગ્રંથ
કે કેતકી બાગનો કુકડો
ઝુપડામાંથી જગશીંહ વેવાઇ જાગીયા, ઘોળવા બેઠા અફીણ કે ભાંગ
કે કેતકી બાગનો કુકડો
ક્રોધ કરી કુટુંબની ઉપરે, દેવા લાગ્યા લઇને ડાંગ કે કેતકી૦
છાપરામાંથી કુલીન વેવાઈ જાગીયા, બાઇરે સુમીત્રા બેનના જેઠ
કે કેતકી બાગનો કુકડો
આળસ મરડીને આંખો ચોળતાં ઝોકા ખાતા બાવળ હેઠ કે કેત૦
ગીત ગાતાં ફૂલાણી વહુ જાગીયાં, મધુર સ્વર જાણે કોયલ મોર
કે કેતકી બાગનો કુકડો
બડાઇ કરતાં ફૂલાણી વહુ જાગીયાં, વચન એનાં ઘણા કઠોર કે
કેતકી બાગનો કુકડો

માંડવામાંથી ફુલાણીબેન જાગીયાં, પ્રભુ ભજન કરતાં કલોલ
કે કેતકી બાગનો કુકડો
જાની વાસે ફૂલાણા વેવાઇ જાખીયા, નાચે કૂદે કાટલું
અંટોલ કે કેતકી બાગનો કુકડો
સાજન સહુ જાગીને સવારમાં કરવા માંડે પરમારથ કામ
કે કેતકી બાગનો કુકડો

(૧૫)

સુખે પોઢારે કનકસીંહ નરેશ કે વહાણે વ્હેલા જાગેરે
જેના ઘરમાંરે ઘણો સંપ હમેશ કે વહાણે વ્હેલા જાગેરે
સુખે પોઢરે રૂડા ફુલાણાભાઇ કે વહાણે વ્હેલા જાગેરે
જેની નારીરે ગુણવંતી ગણાઇ કે વહાણે વ્હેલા જાગેરે
સુખે પોઢરે કનકાવતી માય કે વહાણે વ્હેલા જાગેરે
જેના પુત છે સપુત સદાય વહાણે વ્હેલા જાગેરે
સુખે પોઢરે કનકાજીના પુત્ર કે વહાણે વ્હેલા જાગેરે
શાની ચિંતારે જેને છે શીર કે વહાણે વહેલા જાગેરે
સુખે પોઢરે ચંપાબાઇ ચતુર કે વહાણે વ્હેલા જાગેરે
જેના ચિતમાંરે ચિંતા નહીં લગાર કે વહાણે વ્હેલા જાગેરે

(૧૬)

(વાને ઘાલતી વખતે ગાવાનું ગીત.)

શ્રી કૃષ્ણની ઘરૂણી તમે નીદ્રા ન પોઢો, અનીરૂધ્ધને તેલ
ચડાવવા કે રૂક્ષમણી વહુને જાગવાંરે,

પ્રદ્યુમનની ઘરૂણી તમે નીદ્રા ન પોઢો, અનીરૂધ્ધને તેલ
ચડાવવા કે રતી વહુને જાગવાંરે
ચંદ્રમાની ઘરૂણી તમે નીદ્રા ન પોઢો, અનીરૂધ્ધને તેલ
ચડાવવા કે રોહીણી ને જાગવાંરે
આદીતની ઘરૂણી તમે નીદ્રા ન પોઢો અનીરૂધ્ધને તેલ
ચડાવવા કે રન્ના દેવને જાગવાંરે
ગણુપતીની ઘરૂણી તમે નીદ્રા ન પોઢો, અનીરૂધ્ધને તેલ
ચડાવવા કે સીધ્ધી બુધ્ધીને જાગવાંરે.
(ઉપર મુજબ ઘરનાં માણુસોનાં નામ દઈ ગાવું.)

---

(૧૭)

એને વાને તે કોણુ કોણુ આવશે, સાથે કઇ વહુ સરખી જોડ
કે વાનો અતી રળીઆમણો.
એને વાને તે અબીલજ ઉડી રહ્યાં, કસ્તુરી તો અપરંપાર
કે વાનો અતી રળીઆમણો.
એને વાને તે ફલાણુભાઈ આવસે સાથે ફલાણી વહુ સરખી
જોડ કે વાનો અતી રળીઆમણો.

(ઉપર મુજબ ઘરનાં માણુસોનાં નામ દઇને ગાવું.)

(૧૮)

પુરી દોરે પુરી દોરે જીયાવર જેમ ગુણુવંતાને હોજોરે
પાપડ દોરે પાપડ દોરે જીયાવર જેમ પનોતાંને હોજોરે

પૈસા દોરે પૈસા દોરે જીયાવર જેમ નાણાવટીઓને હોજોરે
જીરૂં દોરે જીરૂં દોરે જીયાવર જેમ જસવંતાને હોજોરે
રૂ દોરે રૂ દોરે જીયાવર જેમ રૂપવંતાને હોજોરે
મીઠું દોરે મીઠું દોરે જીયાવર જેમ મીઠા બોલાને હોજોરે
મામા પનોતારે જીયાવર મામી ચડાવે છે તેલરે
કાકા પનોતારે; જીયાવર કાકી ચડાવે છે તેલરે
ફુઆ પનોતારે જીયાવર ફોઇ ચડાવે છે તેલરે
માસા પનોતારે જીયાવર માસી ચડાવે છે તેલરે
બનેવી પનોતારે જીયાવર બેન ચડાવે છે તેલરે

---

(૧૯)

(ઊકરડી નોતરવાનું ગીત)

ઓછવ ઘેર આપણે ઊકરડી અમે નોતરી રવ છંદારે
નોતર્યા ચારે દેવ મનોરા પોતારે
કાશીમાં વિશ્વનાથ નોતર્યા રવછંદારે
ગયામાં ગદાધર દેવ મનોરા પોંતારે

---

(૨૦)

(ઉકરડી નોતરીને ઘરમાં જતી વખતનું ગીત)

સામે ટોળે પેંસતાં મોંડુલાવેરે
ઘરડોસો બળદ વેચાય કે બાણુ નીપજેરે

તાણીને બાંધ્યો સેરીયે કે મોડું લાવેરે
ફુલાણા જમાઇ કહે કે મારો બાપ બાણુ નીપજેરે
બાપ જાણીને ગયો ભેટવા મોં ડુલાવેરે
આપે મારી એ લાત કે બાણુ નીપજેરે

---

(૨૧)

(ગૃહશાંતી વખતે ગાવાનું ગીત)

રણુઝણુ કરતોરે ભમરો સંચર્યો, જઇ બેઠો કંકુડાને છોડ,
રે ભમરો જેમ રણુઝણે
ભમરીએ ભમરાને પુછીઆંરે, તમે કહોને ભમરા એ કંકૂ
કોણ કાજરે ભમરો જેમ રણુઝણે
કયા ભાઇએ રાય જગ્ન માંડીઆરે, એઓ કંકૂ તે અસઘેર
જાય, રે ભમરો જેમ રણુઝણે
(ઉપર મુજબ ફેરવીને ગાવું)

---

(૨૨)

(વર અથવા વહુના બાપને નાહ્વાતી વખતનું ગીત)

ફટકપાન રે કેરો ચોતરો, શોભા શ્રી કૃષ્ણ તો
કોણે ઢોળ્યો કોણે ચીતર્યો, શોભા શ્રી કૃષ્ણ તો
ઢોળ્યોરે સુભદ્રા પાતળાં, અર્જુન ચીતારાનો બેટો શોભા
શ્રી કૃષ્ણ તો

(૨૩)

(દામણુ ડગલાં ભરતી વખતનું ગીત)

ડગ ભરો ડગ ભરો જીયાવરની ફોઇ તેણુંરે મૈયારાવાટ જોઇ
ડગ ભરામણુ લાખ આપશે તે જીયાવરના બાપ,
ડગ ભરામણુ હીરા આપશે તે જીયાવરના વીરા.
ડગ ભરામણુ આંકા આપશે તે જીયાવરના કાકા,
ડગ ભરામણુ સાડી આપશે તે જીયાવરની માડી.

---

(૨૪)

એક ઇંટ પડેને મહેલ નીપજે, નીપૂજે નીપજેરે બેઠક
બંગલાની જોડ; વધાવો મારે આવીઓ
હું તો વહુરે ફલાણી વહુને વીનવું, મૃગનયનીરે તારો નાવલો
દેખાડ વધાવોરે મારે આવીઓ
એના નાવલાને હાથે સોના સાકળાં, એનો નાવલોરે મુંબઇ
શહેરનો સરદાર વધાવોરે મારે આવીઓ
અમે જોશીને જનોઇ પહેરાવીયાં, આપ્યાં છે રૂડાં દાન
વધાવો મારો આવીઓ
અમે ગોત્રેજ સોનાનાં ઘડાવીઆં, મૈયારીને આપ્યાં દાણુ
વધાવોરે મારે આવીઓ
અમારે બારણે હાથી ઝુલી રહ્યા ઘર પાછળ સવચ્છી ગાય,
વધાવોરે મારે આવીઓ

એક રોડું પડે ને સંડાસ નીપજે, નીપજે નીપજેરે ખાડી
સંડાસની જોડ, વધાવોરે મારે આવીઓ
હું તો ફુલાણી વેવણને વીનવું, ગધેડીરે તારો નાવલો દેખાડ
વધાવોરે મારે આવીઓ
એના નાવલાને હાથે કલાઇ સાંકળાં એનો નાવલો ફુલાણા
ગામનો ઉતાર વધાવોરે મારે આવીઓ
એણે જોસીના જનોઇ તોડાવીયાં, મૈયારીનારે કાંઇ વાઢયાં
નાક, વધાવોરે મારે આવીઓ
એણે ગોત્રેજ ગોદડે ઢાંકીઆં, એણે ભંગીયાને આપ્યાં દાન
વધાવોરે મારો આવીઓ
એને બારણે કુતરા ભસી રહ્યા, ઘર પાછળ ગધેડાં ભુંકે છે
ચાર, વધાવોરે મારે આવીઓ

---

(૨૫)

લવેગી બાજટડો ને હીરલે જડીઓ
કુંવારી કન્યાએ કાગળ લખીને મોકલીઓ તો,
જાનૈયા વર વહેલો આવજેરે,
સમુદ્ર વચ્ચે બાપ મોકલાવો ઘોડા
ઘોડે બેસીને આવે જીયાવર ગોરા
તો જાન આવે ભલી શોભતીરે
સમુદ્રની વચ્ચે બાપ મોકલાવો હાથી

હાથીએ બેસી આવે જીયાવરના સાથી,
તો જાનૈયા વર વહેલો આવજોરે,
સમુદ્રની વચ્ચે દાદા મોકલાવો વેલ
વેલે બેસીને આવે જીયાવરની બેન
તો જાન દીસે રળીઆમણીરે,
સમુદ્રની વચ્ચે બાપ મોકલાવો ગાડી
ગાડીએ બેસીને આવે જીયાવરની માડી
તો જાન આવે ભલી શોભતીરે.

---

(૨૬)

નારેશ્વરના જી ચાર ઓવારા
ચાર ઓવારાના જુદા જુદા નામ તો
નારેશ્વર રળીઆમણાંરે
પહેલો ઓવારો જી ઘડો કેહવાયે,
ઘડો ઓવારો જી દૂધડે ભરાયે
જીયાવરના સાથી સહુ દુધ પીવા જાયે
તો નારેશ્વર રળીઆમણાંરે
બીજો ઓવારો જી રાજા કહેવાયે
રાજા ઓવારો જી કુલડે સીંચાયે
જીયાવરના સાથી સહુ ફુલ સુંઘવા જાયે
તો નારેશ્વર રળીઆમણાંરે

ત્રીજો ઓવારો જી ગુજરી કહેવાયે
ગુજરી ઓવારે જી ગુજરી ભરાયે
જીયાવરના સાથી સહુ ગુજરી જોવા જાયે
તો નારેશ્વર રળીઆમણુંરે.

ચોથો ઓવારો જી મુલ્લાં કહેવાયે
મુલ્લાં ઓવારેજી છીદ્દડાં છપાએ
નવી વહુના મામા બધા છાપવાને જાયે
તો નારેશ્વર રળીઆમણુંરે

કાયસ્થની વાડીમાં મીટીંગ ભરાયે
જીયાવરના વીરા સહુ ભાષણ કરવા જાયે
તો નારેશ્વર રળીઆમણુંરે

ભંગીની વાડીમાં ભાંગ ઘુંટાયે
નવી વહુના કાકા બધા ભાંગ પીવા જાયે
તો નારેશ્વર રળીઆમણુંરે

ભર્યો પેણામાં ખાજાં તળાયે
જીયાવરના વીરા બધા રાજા કહેવાયે
તો નારેશ્વર રળીઆમણુંરે

ભર્યો પેણામાં સેવ ગાંઠીઆ તળાયે
નવી વહુના વીરા બધા લાંઠીઆ કહેવાયે
તો નારેશ્વર રળીઆમણુંરે

ચુનીલાલની વાડીમાં ચુરમા ચોળાયે
જીયાવરના સાથી સરવે જમવા જાયે
તો નારેશ્વર રળીઆમણુંરે

---

(૨૭)

એક અતલસી કોયલ, અતલસુ બોલે
તારોને શબ્દ સોહામણો
મેં તો તારે ને પગલે પગરણુ માંડીઆં
તારે ને જાવું કોયલ નોતરે
એક નામ નહિ જાણું ને ગામ નહિ જાણું
કઈ બેન સોવાસણુ બેનને નોતરે
એક ગામ છે મુંબઇ ને નામ છે અર્જુન
સુકન્યા બેન સોભાસણુ બેનને નોતરે
કોયલ ઉડી પાંખે ને રૂડીરે ચાંચે
જઈ બેઠી અર્જુનલાલને ટોલકે
એક રાણીના જાયા બે નર ઓરડે ઉભા અગર ઉલેચે
ઝીલોરે મોટાના બે નર નોતરા
એક દાસીના જાયા ચોતરે બેસી ચોપડી વાંચે
ઝીલોરે દાસીના જાયા નોતરે
તમારા વાસુદેવ બાપે પગરણુ માંઠીઆં
દેવકી માડીએ આણા મોકલ્યાં

હું તો આવીશ રે વીરા મોટે મંડાણે
ભાભી તે ધોશે મારા પાવલા,
એક સવામણ સુનાની ઝાલજ માંગું
અધમણ રૂપાનું ઝાંઝરૂં
એક પેટી ભરીને હું તો પટોળાંરે માગું
ઉપર દશ વીસ પોલકાં,
એટલું લઇ વીરા હું તો ઘેરજ જાઉં
હું રે સંતોષણુ વીરા બેનડી

---

(૨૮)

જીરે સોના રૂપાની મારી પાલખડી
જાયરે રાજાજીને સેટ, ફૂલાણી વહુ રાઢો લઇ રહ્યાં
પીયુ મુજને પાલખડી ઘડાવો, ઢોલૈએ ન આવે નીંદડી.
ઉશીકે નાગરવેલ પથરાવો, ટાઢકે આવે નીંદડી
બાસઠ બારીઓ મેલાવો, વાવલીએ આવી નીંદડી
ચોસઠ જાળીઓ મેલાવો, અજવાળે આવે નીંદડી
ચારે છેડે પુતળીઓ મેલાવો, રમતે આવે નીંદડી
ગોઠડીએ ફૂલાણી બેન બેસાડો, વાતડીએ આવે નીંદડી
ચોકમાં ચંપા રોપાવો ઠંડકે આવે નીંદડી
પણીઆરે નાગરવેલ રોપાવો ટાઢકે આવે નીંદડી
ઓરડામાંથી સાસુબાઇ રે બોલીયાં

નથી મારે ગોત્રજની રીત પાલખડી પાછી વાળજો
મેડીએથી ફૂલાણા ભાઇરે બોલીયા
છે મારે ગોત્રજની રીત, પાલખડી પાછી નહિ વળે
નવી પાડો ગોત્રજની રીત, ગોરી નહી વાળે પાલખડી

---

(૨૯)

ખડખાઓ ખડખાઓરે ઘોડી પાણીલા પીઓની
મધ પીઓ મધ પીઓરે તેજલડી જાવું છે પરદેશ
તમારે ને જાવું ઘોડી લંકા ગઢને દેશ
લંકા ગઢનો રાજારે સુખીઓ સુતેલો કે જાગે
આવ્યા છે મહેતા સહદેવભાઇ તે તો ઝાઝા સોના માગે
ઝાઝેરાને સોનારે કહેતા કા'લો કાજ કરેશ
પરણે છે ઘેર અજબ લાડકડાની ખુંપ ઘડેશ
ખુંપને ઘડતારે નવી વહુની ટીલડી કરેશ
ખડખાઓ ખડખાઓરે ઘોડી પાણીલા પીઓની
મધ પીઓ મધ પીઓરે તેજલડી જાવું છે પરદેશ
તમારે ને જાવું ઘોડી હડમછ ગઢને દેશ
હડમછ ગઢનો રાજારે સુખીઓ, સુતેલો કે જાગે
આવ્યા છે મેતા અનિરૂદ્ધ તે તો ઝાઝા હીરા માગે
પરણે છે ઘેર અજબ લાડકડાની ખુંપ જડેશ
ખુંપને ઘડતાંરે નવી વહુની ટીલડી જડેશ
(એવી જીતે સીંચડ ગઢ તથા પાટણગઢનું નામ દઈ ગાવું.)

(૩૦)

સરસ્વતી સ્વામીને વિનવું રે નંદલાલ
જીરે ગણુપત લાગવું પાય કે મેહલો વારીઓરે નંદલાલ
કે માણુસના માગા સાગા આવીઆરે નંદલાલ
જીરે કે માણુસના પડયારે નીશાણુ કે મેહલો વારીઓરે
કે માણુસના સાથી સાહેબ આવીઆરે નંદલાલ
જીરે કે માણુસની આવી સાકેર કે મેહલો વારીઓરે
કે માણુસના તેજી ઘોડા મધ પીએરે નંદલાલ
જીરે કે માણુસની ભુખે મરે નાર કે મેહલો વારીઓરે
કે માણુસની મેડીએ દીવા બળેરે નંદલાલ
જીરે કે માણુસની ઘોર અંધારી કે મેહલો વારીઓરે
(એ રીતે નામ દઈ ફેરવીને ગાવું.)

---

(૩૧)

જીરે સરસ્વતી સ્વામીને વીનવું
જીરે ગણુપત લાગવું પાયરે, વેવારે આવ્યા ઢુંકડા
જીરે ચોકમાં ચંપોરે રોપીઓ
રોપનારના નામ ન જાણું વેવારે આવ્યા ઢુંકડા
જીરે સોનાનો સ્થંભ હીરે જડયો
જડનારનાં નામ ન જાણું વેવારે આવ્યા ઢુંકડા

જીરે આકાશે ધોતીઆં સુકાઇ રહ્યાં,
વૈષ્ણુવના નામ ન જાણું, વેવારે આવ્યા ઢુંકડા
જીરે કેડે કુંચીઓ ખસમસે
કીલીદારનાં નામ ન જાણું, વેવારે આવ્યા ઢુંકડા
જીરે ખાંધે તે કોથળી લળી રહી
નાણાવટીઓનાં નામ ન જાણું, વેવારે આવ્યા ઢુંકડા
જીરે માચીએ બેસીને પુન કરે
પુનવંતાના નામ ન જાણું, વેવારે આવ્યા ઢુંકડા
જીરે માંડવે હસતીરે પુતળી
પુતળીઓના નામ ન જાણું વેવારે આવ્યા ઢુંકડા
જીરે માંડવે અપસરા રમી રહી
અપસરાના નામ ન જાણું, વેવારે આવ્યા ઢુંકડા
જીરે કેડે પટોળાંરે ખસમસે
વહુવારૂનાં નામ ન જાણું—વેવારે
જીરે પૂરતે બેડે રે પાણી ભરે
વહુઆરૂના નામ ન જાણું—વેવારે
જીરે હાથમાં દફતર લળી રહ્યાં
દફતરીઆના નામ ન જાણું—વેવારે
જીરે ખડીઓ ને પાટીરે લળી રહી
નીશાળીઆનાં નામ ન જાણું-વેવારે
જીરે માંડવે હસતારે બાલુડા
એ બાલુડાનાં નામ ન જાણું—વેવારે

(૩૨)

કન્યા લાડણી તે લખી કાગળ મોકલેરે સુણો બનડાજી
વરણાગીઆ તું વર વેહેલો આવ ચત્રુભુજ બનડાજી
કન્યા હું કેમ આવીશ એકલોરે, સુણુ બનડાજી
મારી દાતણ વનાની વરજાન ચત્રુભુજ બનડાજી
પેલા પૂલાણાભાઇ તે દાતણીઆ થઇ આવશેરે—સુણુ
દાતણ કરશે જીયાવરની જાન—ચત્રુભુજ બનડાજી
કન્યા લાડણી તે લખી કાગળ મોકલેરે—સુણુ બનડાજી
વરણાગીઆ વર તું વહેલો આવ ચત્રુભુજ બનડાજી
કન્યા હું કેમ આવીશ એકલો રે—સુણુ બનડાજી
મારા મરદન વનાની વરજાન—ચત્રુભુજ બનડાજી
પેલા ફુલાણા વેવાઇ તે મરદનીઆ થઇ આવશેરે—સુણુ
મરદન કરશે જીયાવરની જાન—ચત્રુભુજ બનડાજી
(એવી રીતે પખાલી તથા રસોઇઆ એમ કહેવું)

---

(૩૩)

પંચ કાગળ પંચ કાગળ તે પંચદેશ મોકલોરે
પહેલો કાગળ પહેલો કાગળ તે કાશીમાં મોકલોરે
કાશી મધ્યે કાશી મધ્યે કાશી વીશ્વનાથને નોતરાંરે
બીજો કાગળ બીજો કાગળ તે ડાકોર મોકલોરે
ડાકોર મધ્યે ડાકોર મધ્યે રણછોડજીને નોતરાંરે

ત્રીજો કાગળ ત્રીજો કાગળ તે અમદાવાદ મોકલોરે
અમદાવાદ મધ્યે અમદાવાદ મધ્યે નટવરલાલને નોતરાંરે
ચોથો કાગળ ચોથો કાગળ ગયામાં મોકલોરે
ગયા મધ્યે ગયા મધ્યે ગદાધરને નોતરાંરે
પાંચમો કાગળ પાંચમો કાગળ તે સુરત મોકલોરે
સુરત મધ્યે સુરત મધ્યે બાળકૃષ્ણજીને નોતરાંરે
પંચ કાગળ પંચ કાગળ તે પંચ દેશ મોકલોરે
પહેલો કાગળ પહેલો કાગળ તે શાંતાક્રુઝ મોકલોરે
શાંતાક્રુઝ મધ્યે શાંતાક્રુઝ મધ્યે ફુલાણાભાઇને નોતરાંરે
તમે આવો તમે આવો ફુલાણી બ્હેનને લાવજોરે
આપણે ઘેર આપણે ઘેર લાડકડાના લગ્ન
એની વરધે તે વહેલા પધારજોરે
(ઉપરની રીતે પાંચ જમાઇને કહી ગાવું)

---

(૩૪)

ઉંચી પીપળી ઉંચી પીપળી ઘેરે ગંભીર
રાતે પાને દીસે રળીયામણીરે
ઠાકોર તમે ઠાકોર તમે દેરાસરના દેવતા
ત્યારે અમે દેરાસરની પુતળીરે
આપણે બંને આપણે બંને પુજવા જોગ
ત્યારે દેરાં દીસે રળીઆમણાંરે

ઉંચી પીપળી ઉંચી પીપળી ઘેરે ગંભીર
ઝાઝે પાને દીસે રળીઆમણીરે
ઠાકોર તમે ઠાકોર તમે અશાડીના મેઘ
ત્યારે અમે વાદળ કેરી વીજળીરે
આપણે બંને આપણે બંને તે વરસવા જોગ
ત્યારે ગગન દીસે રળીઆમણુંરે
ઉંચી પીપળી ઉંચી પીપળી ઘેરે ગંભીર
ઝાઝે પાને દીસે રળીઆમણીરે
ઠાકોર તમે ઠાકોર તમે સરોવરના હંસલા
ત્યારે અમે સરોવરની હંસલીરે
આપણે બંને આપણે બંને મળી કરીએ કલ્લોલ
ત્યારે સરોવર દીસે રળીઆમણાંરે
ઠાકોર તમે ઠાકોર તમે વનના મોરલા
ત્યારે અમે તે વન કેરી ઢેલડીરે
આપણે બંને આપણે બંને તે ટહુકવા જોગ
ત્યારે વન દીસે રળીઆમણાંરે
ઠાકોર તમે ઠાકોર તમે ફુલાણાના બેટડા
ત્યારે અમે ફુલાણાની બેટડીરે
આપણે બન્ને આપણે બન્ને તે પરણવા જોગ
ત્યારે માયરાં દીસે રળીઆમણાંરે

---

(૩૫)

દક્ષણુ દેશની ઘોડીરે આવી
આવી રહી માણેક ચોક એ લટકાળી
કયા ભાઈ તે ઘોડીના મૂલ કરાવે
કયા ભાઇ ખરચે છે દ્રવ્ય એ લટકાળી
કયા ભાઇ તે ઘોડીને ઓરડે બંધાવે
કયા ભાઇ તે પાયે સાકેર દુધ એ લટકાળી
કયા ભાઇ તે ઘોડીને મલીદા ખવડાવે
કયા ભાઇની નાગરવેલ એ લટકાળી
કયા ભાઇ તે ઘોડીના થાયે અસ્વાર
કયા જમાઈ થાયે ચડવાહાર એ લટકાળી
(એ રીતે નામ દઈને ગાવું.)

---

(૩૬)

ઉંચા નીચા બંગલા ચણાવો મેંતો કોડે પગરણ માંડીઆંરે
એ બંગલામાં જાજમો પથરાવો મેંતો કોડે પગરણ માંડીઆંરે
જાજમ ઉપર બાજઠીઆ ઢળાવો મેંતો કોડે પગરણ માંડીઆંરે
બાજઠ ઉપર બાજીઓ ઢળાવો મેંતો કોડે પગરણ માંડીઆંરે
બાજી ઉપર પાસાઓ ઢળાવો મેંતો કોડે પગરણ માંડીઆંરે
રમશે રમશે ફલાણા વેવાઇ મેંતો પગરણ માંડીઆંરે
સામા રમશે ફલાણા હજારી મેંતો કોડે પગરણ માંડીઆંરે

જીત્યા જીત્યા ફૂલાણા હજારી મેં તો કોડે પગરણ માંડીઆંરે
હાર્યાં હાર્યાં ફૂલાણા વેવાઇ મેં તો કોડે પગરણ માંડીઆંરે
જીત્યા ઉપર વાજાં વગડાવો મેં તો કોડે પગરણ માંડીઆંરે
હાર્યાં ઉપર ગધેડાં ભુંકાવો મેં તો કોડે પગરણ માંડીઆંરે

---

(૩૭)

હું તમને પુછું મારા શ્રીકૃષ્ણ માંડવા સોળે રચાવોરે
પહેલેને માંડવે પુતળી, બીજે જાવંત્રીના છોડરે
ત્રીજે આદીત તેડીયાં, ચોથે રન્યા દેવનાં મંડપરે
પાંચમે પગરણ માંડીયાં, છઠ્ઠીના જગવ્યા છે જાગરે
સાતમે શ્રીકૃષ્ણ જનમીયા આઠમે અગ્નિના હોમરે
નોમે નવગ્રહ રચીયા દશમે દશરથ દેવરે
એકાદશીરે આણંદ ઘણો બારસે રંગ્યા બારરે
તેરસે તોરણ બાંધીયાં ચૌદશે છોળ મજીઠરે
પુનમે વરકન્યા પરણીયાં પડવે તે કન્યાનાં દાનરે.

ઢાળ

શ્રીકૃષ્ણ ગોમતીમાં ઉતરીઆરે
ભીમકરાજા મળવાને સંચર્યારે
રૂક્ષમણી મહીએરીએ જઈ આવ્યારે
સાસુ પુછે પાય લાગણું શું લાવ્યારે
નથી મારા માબાપે એ વર જોયારે

નથી મારી માડીએ તે એ વર પોંકયારે
હું તો મારા પુંન્ય થકી વર પામીરે
નથી મારી બેને વર બેડીઆં લીધાંરે
નથી મારી ભાભીએ હાથે વાળા વાટયારે
હુંતો મારા પુન્ય થકી વર પામીરે
નથી મારા વીરાએ છાંટણીયાં છાંટયાંરે
દેવને ચઢાવ્યા હતા પુલ ગજરારે
તે પુન્યે વાસુદેવ સરખા સસરારે
દેવને ચઢાવ્યા હતાફુલ જાસુરે
તે પુન્યે દેવકીજી સરખાં સાસુરે
દેવને ચઢાવી હતી મેંતો હળદીરે
તે પુન્યે સુભદ્રા સરખી નણુદીરે
દેવને ચઢાવ્યા હતા ફુલ હારરે
તે પુન્યે શ્રીકૃષ્ણ સરખા ભરથારરે
દેવને ચઢાવી હતી ફુલપાતરીરે
તે પુન્યે ગોકુળીઆ સરખી સાસરીરે

---

(૩૮)

સાટીનારે ચોખા કાંઇ કંકુવરણા
બાંધ્યારે મારા કયા ભાઇને છેડે કે જાય ગોરા કઈ બેનને નોતરે
બાંધ્યારે મારા ફલાણા ભાઇને છેડે કે જાય ભાઇ ફલાણી
બેનને નોતરે

બેનીરે તમે સુતેલાં કે જાગો, તમારા બાપેને પગરણ માંડીયાં
વીરારે તમે કોણુ ઘરના મોભી કે કઇમાડીને ઉદર વસ્યા
વીરારે મેં તો ઝભલાં ટોપીએ દીઠા કે કોટ પાટલુને વીરા ન ઓળખ્યા
વીરારે મેં તો કલ્લી સાંકળીએ દીઠા કે વેડ વીટીએ નહીં ઓળખ્યા
વીરારે મેં તો ઘોડીએ ને પારણે દીઠા કે ઘોડીએ ચઢતા
નહીં ઓળખ્યા

આગળ રે મારા ફુલાણી બેનના માફા કે નેજા ઝળકેરે મસરૂ તણા
વચમાંરે ફુલાણા ભાઇના ઘોડા કે પડઘા વાગેરે સોના તણા
પાછળ રે પેલા ફુલાણા જમાઈ કામઠીઆ તીર તાણેને
ખોખાં ખડખડે

---

(૩૯)

લાડકડી ચઢીરે કમાડ સુંદીર વરને નીરખવારે
બાપજી મુજને પરણાવો, મેં નાળ્યો નિશાળીઆરે
કહો બેની કયાં થકી દીઠો, કે કયાં તમારાં મન વસ્યાંરે
નિશાળે ભણુતેલો દીઠો અક્ષરે મારાં મન વસ્યાંરે
લાડકડી ચઢીરે કમાડે સુંદીર વરને નીરખવારે
બાપજી મુજને પરણાવો મેં દીઠો નિશાળીઆરે
કહો બેની કયાં થકી દીઠો, કે કયાં તમારાં મન વસ્યાંરે
સરોવરમાં નાતાં તે દીઠો કે કપડાં પહેરતાં મારાં મન ઠર્યાંરે

---

(૪૦)

રૂમાલ રંગ્યો કેસરી ઝીણા મારૂજી, રાતાં રંગ્યાં મોળીઆં
ઝીણા મારૂજી.
રાયવર બેઠા સાન્તેક ઝીણા મારૂજી, ગોર માંગે રીતડી
ઝીણા મારૂજી.
ગોરનાં હમે દાણ ચુકવશું, ભલી રીતે પરણશું ઝીણા મારૂજી.
રૂમાલ રંગ્યો કેસરી ઝીણા મારૂજી, રાતાં રંગ્યાં મોળીઆં
ઝીણા મારૂજી.
રાયવર બેઠાં ગોત્રેજે ઝીણા મારૂજી, ફોઇ માંગે રીતડી
ઝીણા મારૂજી.
ફોઈનાં અમે દાણ ચુકવશું ભલી રીતે પરણશું ઝીણા મારૂજી
રૂમાલ રંગ્યો કેસરી ઝીણા મારૂજી, રાતાં રંગ્યા મોળીઆં
ઝીણા મારૂજી.
રાયવર ચઢયા ઘોડલે ઝીણા મારૂજી બેન માંગે રીતડી
ઝીણા મારૂજી.
બેનોનાં હમે દાણ ચુકવશું ભલી રીતે પરણશું ઝીણા મારૂજી.

(ઉપર મુજબ "તોરણે આવે ત્યારે સાળો માગે" તથા "માયરામાં આવે ત્યારે સાસુ માગે" એમ ગાવું.

---

(૪૧)

આમલડી થડ થોડી ને ડાળે અતી ઘણી,
આમલી વેવા ત્યાં ઘર કેમ જાણીએ.

આમલી રંગારા બેઠા ઘરને બહારરે
આમલી લાલ રંગ્યાંરે વરનાં અબોટીયાં
આમલી રંગારા કઈ બેનના વરરે—નારેશ્વર
આમલી થડ થોડીને ડાળે અતી ઘણી
આમલી વેવા ત્યાં ઘર કેમ જાણીએ
આમલી ચીતારા બેઠા ઘરની બહારરે
આમલી ચીતારા કઇ બેનના નાવરે—નારેશ્વર

(ઉપર મુજબ તંબોળી, રસોઇઆ, બારણીઆ, જમાઇને ગાવું છોકરીના લગન હોય તો "લાલ રંગ્યારે ચુડલા" ગાવું.)

---

(૪૨)

આણી તીરે ગંગા રે પેલી તીરે જમના રે,
વચમાં સરસ્વતી નદી વહે છે.
સોનાનું બેડું રે, રૂપા ઉઢાણી રે,
સીતા વેહેલાં પાણીડાં સંચર્યાં રે.
સોનાની ગેડી રે રૂપલા દડુલો રે,
રામચંદ્ર રમવાને નીસર્યો રે.
કોણ છેરે કોણ છેરે કોણ તારૂં નામ રે,
કઈ રે નગરીનો રાણો રાજીઓ.
હું છઉં હું છઉંરે રામચંદ્ર નામરે,

દશરથનો બેટોરે અયોધ્યા નગરીનો,
રાણો રાજીઓ.
કોણ છેરે કોણ છેરે કોણ તારૂં નામરે,
પરણી કે બાળ કુંવારડી
હું છઉં હું છઉંરે જનકની બેટીરે,
સીતા મારૂં નામરે હજુએ છું બાળ કુંવારડી
કંકુનો પડોરે નાડાનો છડોરે,
લગન નીરધારી વેહેલા આવજો.

---

(૪૩)

નાથજીએરે જંગ માંડીઆ, ગીરધારીને કાજરે
મંડપ રચીઆરે મોકળા, સોનું ઘડેરે સોનારરે
મોભે મોભે માણેક જડયાં, કુંભી રત્ન જડાવરે
કોણ આવ્યું ને કોણ આવશે, કોની જોઉં લગી વાટરે
કોણ આવે ને મારાં મન ઠરે, હૈયે હરખ ન માયરે
કોણ ઘોડે ને કોણ હાથીએ, કોણ રથે અસ્વારરે
કોણ બીરાજેરે પાલખી, ચોપાસ ચમર ઢોળાયરે
નવનીતલાલ આવ્યા ને લાડીલે સજી આવશે
મદનમોહનજીની જોઉં લગી વાટરે
બાળકૃશ્ણજી આવે ને મારાં મન ઠરે, હૈયે હરખ ન માયરે

નવનીતલાલ ઘોડે ને લાડીલાલજી હાથીએ
મદનમોહનજી રથે અસ્વારરે
બાળકૃષ્ણજી બીરાજેરે પાલખી ચોપાસ ચમર ઢોળાયરે
(ઉપર મુજબ ઘરના આદમીના નામ દઈ ગાવું.)

---

(૪૪)

માલણ ગુંથી લાવ ગુણીયલ ગજરો,
તારા ગજરાને માનશું મજરો
માલણ ગુંથી લાવ ગુણીયલ ગજરો.
તારા ગજરાનું આપીશું મુલ, માંહે ગુંથજે ગુલાબનું પુલ.
જે તું કહીશ તે કરશું કબુલ. માલણ ગુંથી લાવ૦
જેવી હોય તારી ચતુરાઇ, તેવી કરજે તેમાં સરસાઇ,
કાંઈ બાકી ન રાખીશ બાઇ. માલણ ગુંથી લાવ૦
એવી કરજે કારીગરી એમાં, જુક્તિ હોય જોવા જેવી જેમાં
મોહ પામે મુનીવર તેમાં માલણ ગુંથી લાવ૦
રૂડા નટવરલાલને કાજે, એવો ગુંથજે ગજરો તું આજે.
જેવો નટવરલાલને છાજે. માલણ ગુંથી લાવ૦
ગજરો મુલ પામે સુલતાન, સારો સારો કહે સુલતાન.
થાય ગુણીજન કોઈ ગુલતાન. માલણ ગુંથી લાવ૦
એમાં જુગતી જોવા જેવી જાણી, જુએ અંગમાં ઉમંગ આણી.
રીઝે રાજા ને વળી રાણી. માલણ ગુંથી લાવ૦

તને આપીશ હીરા ને હાર, વળી સોળ સારા શણગાર.
ઉપર હેમની મોહોર હજાર માલણ ગુંથી લાવ૦
કવિતાની કીમત ઉર આણે, એ ગજરાનું મુલ પ્રમાણે
ભાખે દલપત બીજું શું જાણે. માલણ ગુંથી લાવ૦

---

(૪૫)

નમણે નાતી વખતનું ગીત

નમણાં તળાવડીમાં ઝાઝેરાં પાણીરે
ઝીલોરે જીયાવર વાડી તમારીરે
ઝીલતાં ઝીલતાં નવી વહુએ દીઠા
નવી વહુએ જઇ એના બાપ વીનવીયા
બાપજી બાપજી એ વર વરજો
એ વર જો જો સોનૈયે ગજવાં ભરજો
સોનૈયે ગજવાં ભરજો, રૂપૈયે લેખાં લખજો
(ઉપર મુજબ કાકા તથા દાદાના નામે ફેરવીને ગાવું)

---

(૪૬)

સુખેડ વૃક્ષ વેરાવો લાડકડા અંગોળડીરે
અંગોળડી માડીને હાથ લાડકડા અંગોળડીરે
અંગોળડી બેનને હાથ લાડકડા અંગોળડીરે
અંગોળડી ફોઇને હાથ લાડકડા અંગોળડીરે

અંગોળડી કાશીનાં નીર લાડેકડા અંગોળડીરે
અંગોળડી તાપીનાં નીર લાડેકડા અંગોળડીરે
અંગોળડી થાયે અસુર લાડેકડા અંગોળડીરે
અંગોળડી અંગે મીઠી હોય લાડેકડા અંગોળડીરે
(ઉપર મુજબ ઘરના નામ દઇ ગાવું)

---

(૪૭)

(ગોત્રેજ આગળ વર બેસે ત્યારે ગાવાનું)

એ લાડેકડા સોનૈયાની મુઠ રૂપૈયા તારે ભામણેરે
ભામણુલાં તો લેશે માને બાપ તો ફોઇ કરે ઓવારણાંરે
એ લાડેકડા સોનૈયાની મુઠ રૂપૈયા તારે ભામણેરે
ભામણુલાં તો લેશે ભાઇ ભોજાઈ કે બેન લેશે ઓવારણાંરે
એ લાડેકડા સોનૈયાની મુઠ રૂપૈયા તારે ભામણેરે
ભામણુલાં તો લેશે મામા મામી કે માસી લેશે ઓવારણાંરે

---

(૪૮)

(ઘોડે ચડતી વખતનું ગીત)

કુંવર પાવડે પગ દઇ ચઢીઆરે,તમારા વહાલાનાં હૈડાંરે ઠરીઆં
કુંવર દહીંના ગોરસ ખાટાં, તમારા વેરીના હૈડાં ફાટયાં

કુંવર ગાલે તે લાગ્યાં ગલાલ, જોવા મળીઆ તે ડોસી દલાલ
કુંવર ગાલે તે અસરો ને મસરો જોવા મળીઓ તે સાળો ને સસરો
કુંવર અંબોડે જવ થોડા, તારા સસરા આપે છે ઘોડા
કુંવર અંબોડે ઝાઝા નસુ, જોવા મળીઆ લાડકડાની સાસુ
કુંવર અંબોડે જવ સાથી, તારી સાસુ આપે છે હાથી
કુંવર અંબોડે ઝાઝા હીરા, જોવા મળીઆ લાડકડાના વીરા
કુંવર અંબોડે જવ આખા, જોવા મળીઆ લાડકડાના કાકા
કુંવર અંબોડે જવ સામા, જોવા મળીઆ લાડકડાના કાકા
કુંવર અંબોડે જવ વેનો, જોવા મળી લાડકડાની બેનો

---

(૪૯)

પાવડે તે પગ દઇ ચઢોરે જીયાવર, બેની છેડા સાહી રહ્યા
મુકો મુકોની બેન છેડા અમારા, તમારા દાણુ અમે આપીશું
અમે પરણીને આવીશું, નવી વહુ લાવીશું ત્યારે તમારા
દાણુ આપીશું

---

(૫૦)

સુકન જોઈને સંચરજોરે
સુકનમાં મળીઓ છે માળીડારે પાખર આપીને પાછો વળીઓરે
સુકનમાં મળીઓ છે ગાંધીડારે શ્રીફળ આપીને પાછો વળીઓરે
સુકનમાં મળીઓ છે ડોસીડારે સાવલા આપીને પાછો વળીઓરે

સુકનમાં મળીઓ છે જોશીડારે સુરત આપીને પાછો વળીઓરે
સુકનમાં મળીઓ છે સરૈયોરે કંકુડા આપીને પાછો વળીઓરે

---

(૫૧)

ઘોડી

લીલી ઘોડીને લીલો ચાબખો, કેસરીસીંગ રાજા
લીલડાં જડીત પલાણુ બહાદુરસીંગ ચાકરી ચાલ્યા

ઘોડી ચઢી જીયાવર સંચર્યો કેસરીસીંગ રાજા
મોહી રહ્યા ચારે દેવ, બહાદુરસીંગ ચાકરી ચાલ્યા

પ્રથમેને નવનીતલાલ મોહી રહ્યા, કેસરીસીંગ રાજા
બીજેને લાડીલાલજી દેવ, બહાદુરસીંગ ચાકરી ચાલ્યા

અગણેને બાળકૃષ્ણ મોહી રહ્યા, કેસરીસીંગ રાજા
ચોથેને ગણપતી દેવ, બહાદુરસીંગ ચાકરી ચાલ્યા

લીલી ઘોડી લીલો ચાબખો, લાલ દુધ પીઓની
લીલડાં જડીત પલાણુ, નાની વરખાંડ લીઓની

લીલી ઘોડી ને લીલો ચાબખો, લવેંગી ઘોડી
લીલડાં જડીત્ર પલાણુ, બાદશાહજીએ દીલ્હી છોડી

લીલી ઘોડીને લીલો ચાબખો, મંકોડા કાળા
લીલડાં જડીત્ર પલાણુ, વીષ્ણુજીએ આંકડા વાળ્યા

લીલી ઘોડીને લીલો ચાબખો, ચાંચડ ચટકાળા
લીલડાં જડીત્ર પલાણુ માકડજી છો મુછવાળા

---

(૫૨)

વેવાઇનો માંડવો આવે ત્યારે ગાવાનું ગીત

લીલી ઘોડીને લીલો ચાબખો, ઘોડી ઘણું ગાજે
લીલડાં જડીત્ર પલાણુ, વેવણુ મારી છંદે નાચે
છંદે છુંદાવ્યાં છુંદણા, ઘોડી ઘણું ગાજે
હોંસે રંગાવ્યા કાળા દાંત, વેવણુ મારી છંદે નાચે
નાચ્યાની આપીશ નાચણી, ખુંદયાની ખોટી બદામ,
વેવણુ મારી છંદે નાચે.

---

(૫૩)

શેરી શેરી ઘુઘરડા વાગેછે, કોઇ ઉમરાવ જાદો આવે છે.
કોઇ જાણુકરો પીછાનકરો, પેલા ખાસડીઆ વેવાઇને જાણુકરો.
અમારૂં મોટાનું સાજન આવે છે, તમારો ઉકરડો દેખી લાજેછે.
વેવણુ લેજેરે તું સોપારી,
તારે બારણે આવ્યો વેપારી.
વેવણુ લેજેરે તું કુંકાવટી,
તારે બારણે આવ્યો નાણાવટી.
વેવણુ લેજેરે તું સુપલડું"

તારા ભવનું તે ભાંગ્યું દુખલડું.
અમારી જાનમાં આવ્યા પારેખરે,
વેવણુ થાળ ભરી લાવો ખારેકરે.
અમારી જાનમાં આવ્યા પારસીરે,
વેવણુ માંડવે જડાવો આરસીરે.
અમારી જાનમાં આવ્યા મુનશીરે,
વેવણુ બેસવાને લાવો ખુરસીરે.
અમારી જાનમાં આવ્યા સીધીરે, વેવણુ સીધી દેખીને બીધીરે
અમારી જાનમાં આવ્યા હબસીરે, વેવણુ હબસી દેખીને લપસીરે
અમારી જાદરણીએ પહેર્યાં અમરરે,
વેવણુ માંડવે બંધાવો ઝુમરરે.
અમારી જાદરણીએ પહેર્યાં બસમારે,
વેવણુને પહેરવા આપોની ચશ્મારે.
અમારી જાનમાં આવ્યા સાગરીતરે,
વેવણુ કોસંબા બંધાવો પાઘડીરે.

---

(૫૪)

છાંટણુ છાંટતી વખતનું ગીત

છાંટણીઆ ન છાંટોરે સાળા
સાળોરે સાળોને વેગણુ જેવો કાળો
ખાસડે મારીને હેઠે ઉતારો,

અપીશરે તને ડગલો ને ડોટી
પરણીશરે તારા બાપનીં બેટી.

---

(૫૫)

વર પોંકતી વખતે ગાવાનું ગીત

વેવણ ઊતરની તું હેઠીરે, તારે પેટે પડીછે બેટીરે
તારા ચુલા પછાડીરે ગારોરે, તને દીકરી જણ્યાનો વારોરે
તારા ચુલા પછાડી ઇંટરે, તને દીકરી જણ્યાની રીતરે
તું તો દીકરી જણીજણી થાકીરે, આંબાંકેરીની પેઠે પાકીરે
તારા ચુલા પછાડી કાદવરે, તને દીકરી જણુયાંની આદતરે

---

(૫૬)

સાંબેલેન હરગોરે સાસુ સાંબેલું તને ખાંડવા જોઇશું.
ઇડીપીડીએ ન હરગોરે સાસુ, ઇડીપીડી તને સીરાવા જોઇશું.
તરાકે ન હરગોરે સાસુ, તરાક તને કાંતવા જોઇશું.
વેલણે ન હરગોરે સાસુ, વેવણ તારે વણવા જોઇશું.
સરીઆએ ન હરગોરે સાસુ, સરીઆ તો તારા બાપના પરીઆ
રવઇએ ન હરગોરે સાસુ, રવઇ તને વલોવા જોઇશું.

---

(૫૭)

ફુલાણાભાઇની ઠીંગણીને નારરે, નહીં આવે જીયાવરને લેલાટરે
ફુલાણાભાઇ તમે કેડને ચઢાવોરે, નહીં ઊચકાય તો હેઠેને પછાડોરે
હેઠે ઊગ્યો કેળનો ખુંપોરે, ફુલાણી વેવણ બેસીને તમે ઊંઠોરે

---

(૫૮)

મોટાનું દળ આવ્યું દળ આવ્યું રે માંડવામાં ન સમાયું ન સમાયુરે
જીયાવરના આવ્યા વીરા, માંડવે સેકાવો સીરા,
કેસરીઆ જાન લાવ્યા જાન લાવ્યારે
જાનમાં તો આવ્યા મોટા, જળ ભરી લાવો લોટા,
કેસરીઆ જાન લાવ્યા જાન લાવ્યારે.
જાનમાં તો આવ્યા સીદી, સીદી દેખી વેવણ બીધી,
કેસરીઆ જાન લાવ્યા જાન લાવ્યારે.
જાનમાં તો આવ્યા મુનસી, માંડવે મુકાવો ખુરસી,
કેસરીઆ જાન લાવ્યા જાન લાવ્યારે
જાદરણીએ પહેર્યાં અમર, માંડવીઆને આવ્યાં તમર
કેસરીઆ જાન લાવ્યાં જાન લાવ્યારે
જીયાવરને કોટે કંઠી, માંડવામાં વેવણ વંઠી
કેસરીઆ જાન લાવ્યા જાન લાવ્યારે

---

(૫૯)

એક કેવડો જગ જેવડોરે
એ કેવડાનું નહીં મુલરે એ કેવડે રાતાં પુલરે
અમારે મોટાનું સાજન આવશે, તમારો માંડવો દેખીને લાજશે
અમારા હાથી ઉતારો હાટ શેરી અમારા ઘોડાને ઘોડાની ઘોડારરે
અમારા જાનૈયા ઉતારો રંગ મહોલરે જાહરણી ને અવાસ કૈલાસરે
અમારા જાનૈયાને જમાડો ખાજાં લાડવા, જાહરણીને ગળ્યો કંસારરે

---

(૬૦)

એક લીલી તે લીલી લીલડીરે, લીલડાંજડી પત્ર પલાણુ ભલેભલે
ફેરે આવ્યોરે રાણો રાજીઓરે, નથી આવ્યોરે સુલતાન ભલેભલે
કન્યાએ બાપને પૂછીયાંરે, નગરીમાં આવડા શા શોર ભલેભલે
વીરા આવ્યારે શત્રુઘનતણારે, કુંવર આવ્યારે સત્યવાન તણારે તેઓ સેર આવડા શા રંગ ભલેભલે
ભત્રીજા આવ્યારે ફૂલાણુભાઈ તણારે, ભાણેજ આવ્યારે ફૂલાણુભાઇ તણારે, તેઓ સેર આવડા શા રંગ ભલેભલે

---

(૬૧)

એક લીલી તે લીલી લીલડીરે, જગ લીલડી.
લીલા જડિત્ર પલાણુરે જગ લીલડી.
અમારા જાનૈયા ઉતારો વાડી બંગલાં,
જાદરણીને રૂડા રંગ મહેલ જગ લીલડી.
અમારા જાનૈયા જમાડો મૈસુર હલવા,
જાદરણીને રૂડાં પકવાનરે જગ લીલડી
અમારી જાનમાં આવ્યા સાજન મોટા મોટા,
વેવણ જળ ભરીને લાવો લોટારે મોટા જગ લીલડી.

---

(૬૨)

વરરાજા માયરામાં બેસવા જાય ત્યારે ગાવાનું.

જીયાવર અરણ મરણ કરી ચાલ્યારે,
જઇને સાસુની સોડમાં બેઠારે.
સાસુ તારૂં મોટું પુન્યરે, તું તો જમાઈ પામી રતનરે.
તડકે બેસીને તપ કીધાંરે
ત્યારે અમારા મોટાના કુંવરને પામ્યારે.

---

(૬૩)

કંસાર ખાતી વખતનું ગીત.

છોરીને ગળ્યો કંસાર ન ભાવેરે, છોરી તેલ ને તુવેર ચાવેરે
છોરી તેં કાંયે માગ્યું પાનરે, તારો બાપ તે રખડયો રાનરે,

છોરી તેં કાંયે માંગ્યો કાથોરે તારો મામો અહીંયાથી નાઠોરે.
છોરી તેં કાંયે માંગ્યો ચુનોરે, તારો વીરો હૈયાનો સુનોરે.
છોરી તેં કાંયે માંગ્યા અડધારે, તારી માડીએ ખાધા ગઠડારે.

---

(૬૪)

ઊંચે ટીંબે કારેલાં વેડાયાં મારા જીયાવરરે
વીંટી જોડા ગમે તો ગમાડો મારા જીયાવરરે
નહીંતર એની વીંટી પાછી આપો મારા જીયાવરરે
આજકાલ કયા ભાઈ વેચાય મારા જીયાવરરે
છોકરાં છૈયાં વ્યાજમાં ડુલી જાશે મારા જીયાવરરે
આજકાલ ફલાણી વેવણ વેચાશે મારા જીયાવરરે
ત્યારે અમારી વીંટી પુરી થાશે મારા જીયાવરરે

---

(૬૫)

મંગળફેરા ફરતી વખત ગાવાનું ગીત.

આગળ મારા જીયાવર ચાલે ને પાછળ છોરી દોડેરે,
કાંએ છોરી તું કાંએ દોડે તારી માને કામણ આવડે, કૈતોક આવડે.
હથેલીમાં હરણ નચાવે ને જળમાં દીવડા બાળેરે,
કામણ કરીને ફલાણી વેવણ ઉપરવાડે નાઠાંરે
નાસતાં ને ખોસતાં એનો છેડલીઓ ભરાયોરે

વાડરે ઓળંગતાં એને પગે કાંટો ભાંગ્યોરે
સુરત શહેરના વાલંદા તેડાવો ને પગનો કાંટો કડાવોરે
માણેકચોકમાં માહેરાં બંધાવો ને ચકલા વચ્ચે ચોરીરે
ડાકેણ સાકેણ મંગળ ગાશે ને ભુત વળાવા જાશેરે
ભુતને તો આણા આવ્યાં ને પ્રેત પરણી જાશેરે
પ્રેતના તો પેટમાં દુખ્યાં ને ઝાંપડો લઇ ઘેર જાશેરે
ઝાંપડાને તો તાવ આવ્યો ને જીયાવર ઘેર લઇ જાશેરે

---

(૬૬)

માયરા આગળ ગાવાનું ગીત.

આજ સખી આણુંદ વધ્યો મારા મનમાંરે
વેવા તે મળીયો વૃંદાવનમાંરે વરઘોડે ચઢીયા સે આનંદ તનરે
સાંભેલા સોહી એને બાળમુકુંદરે વરઘોડે ચઢીઆ આનંદકારીરે
પોંકવા આવ્યાં કન્યાની માડીરે પેરણુ લાવ્યા રેશમની સાડીરે
જમણા હાથમાં લાવ્યા ઝારીરે, ડાબા હાથમાં લાવ્યા થાળીરે
સળીઓ સોનાનોએ સંપુષ્ટત્રાકરે, હવે હરીના હરગીને તાણોનાકરે
સંપુષ્ટ શીરપરથી ઊતારોરે, હવે હરીને માયરે બેસાડોરે
મામાજી કન્યાને પધરાવોરે, લાવીને માચી ઉપર બેસાડોરે
હવે ત્યાં તો પડીયાને તેરેગાંઠરે, હવે ત્યાંતો હોયરે તંબોળડો છાંટેરે
રત્ન કંચન ત્યાં દીવડા ઝળકેરે, કન્યાને હાથે ચુડાને કંકણ ચળકેરે
વરદેખી હરખ્યુંછે માહેરૂંરે કન્યા દેખી હરખ્યુંછે સાસરીયુંરે

રૂક્ષમણી મૈયેરીએથી આવ્યાંરે, સાસુ પુછે પગે લાગણું શું લાવ્યારે
હું તો મારાપુન્ય થકી વર પામીરે, નથી એમાં કોઇ રીતની ખામીરે
નથીમારા બાપે એવર શોધ્યારે, નથીમારી માડીએ એવર પોંકયારે
નથી મારા વીરાએ છાંટણીઆં છાંટયાંરે, નથી મારી ભાભીએ
હાથે વાળા વાટયારે
મામાએ પુન્યેને પધરાવ્યારે, પુન્યના પાનેતર વણાવ્યાંરે
કાકાએ કુળ જોઇ કન્યા દીધીરે, કોડનાં કોકરવાં ઘડાવ્યાંરે
માતા મેં તો દેવને ચઢાવ્યા ગજરારે તે પુન્યે વાસુદેવ સરખા
સસરારે
માતા મેંતો દેવને ચઢાવ્યાં જાસુરે, તે પુન્યે દેવકીજી સરખાંસાસુરે
માતા મેંતો દેવને ચઢાવી હળદીરે, તે પુન્યે સુભદ્રા સરખી નણદીરે
માતા મેંતો દેવને ચઢાવ્યા હારરે, તે પુન્યે કૃષ્ણ સરખા ભરથારરે

---

(૬૭)

જીયાવર પાટ બેઠા ડોલે, નવરંગી વીજણોરે
માંગે વીટી જોડ ચાર, નવ રંગ વીજણોરે
........ફલાણા ભાઇ કયાં થકી લાવે નવ રંગ વીજણોરે
કયા ભાઇ રાતે ખાતર પાડે નવ રંગ વીજણોરે
........એટલે જાગ્યા ઝવેરી બાપ નવ રંગ વીજણોરે
અર્જુનલાલને ચોર કરી બાંધ્યાં નવ રંગ વીજણોરે
........મહીન્દ્રલાલ છોડાવે ઘેર જાઉં નવ રંગ વીજણોરે

(૬૮)

અમે દરાખ ચારોળી મેવારે અમે આવ્યા તે વહુ વર લેવારે
અમે વહુ વર લઇ ઘેર જાસુંરે, તમે રહેશો તે મોડાં વકાસીરે
અમે આવ્યા તે વરની બેનરે, તમે રહેશો એમના એમરે
અમે આવ્યા તે વરની માસીરે, તમે રહેશો તો મોડાં વકાસીરે
અમે આવ્યા તે વરની ફોઇરે, તમે રહેશો તે આંસુડા લોઇરે

---

(૬૯)

ઝારા ઉપર ઝારીરે ભાઇ ઘેર જઇએ વહુ થઇ અમારીરે
ભાઇ ઘેર જઇએ
એ તો અમારા કહ્યા કરશેરે ભાઇ ઘેર જઇએ
એની માના મો પર અથસેરે ભાઇ ઘેર જઇએ

---

(૭૦)

સાડી ઓરાડે ત્યારે ગાવાનું ગીત.

જુઓ જુઓરે લોકો આ સાડી, એતો મોટાના ઘરની
આ સાડી
એ તો ઓઢાડનારી છે હમોહમ, ઓઢનારીમાં નથી કાંઇ ઢંગ
જુઓ જુઓરે લોકો આ સાડી, એતો મોટાના ઘરની આ સાડી
એતો ઓરાઢનારી છે લાલગુલાલ, ઓઢનારી છે દેશનો ઉતાર

(૭૧)

કોરી મોરી ગાગરડીને સોપારીનો કટકો, મોસાળ લગન તેમાં
ફલાણીનો શો લટકો,
વેવા વીતશે, કાડી મુકશે, નાક વઢાએ ચટકો.
સોનાની સળાઇ એન માંડવે રમતી જાયરે, ફલાણા વેવઇનું નાક
વઢાયું જાન ભુખી જાયરે,
છોકરાં રડશે, મારવા પડશે, મોટાં દેશે ગાળરે.

---

(૭૨)

ચાંદોરે પટ દઇ ઊગીઓ, ઊગ્યો ઉગ્યો માજમરાત,
ચાંદેરે કીધુંરે ચાંદરણું કોને તે પરસાળ
જીત્યારે જીત્યારે જીયાવર જીત્યા ઉપર ઢોલ વગડાવો.
હાર્યારે હાર્યારે ફૂલાણા વેવાઇ ઊપર હાંલ્લાં ફોડાવો.
ઘીએ તાવ્યારે વીસ તાવડા ઊપર વળીઆંરે ફીણ
જીયાવર કુંવર પરણાવતાં, દુશ્મન ખાય અફીણ.
આરે સુરત શહેરને ચૌટેરે, માગી ન મળેરે છાસ.
અરે પીંજારારે ફલાણાએ અણુ માગી આપીરે આજ.
જીત્યારે જીત્યારે જીયાવર જીત્યા ઊપર વાજા વગડાવો
હાર્યારે હાર્યારે ફૂલાણા વેવાઇ ઊપર ગધેડાં ભુંકાવો
લોક બેસતારે ઓટલે એ વર નહીંરે પરણેસ
એજ લોકોના દેખતાં જીયાવર પરણીને જાય

આરે સુરત શહેરને ચૌટે માંગ્યો ન મળે લોટ
જીયાવર કુંવર પરણાવતાં દુશ્મન કરડેરે હોઠ.

---

(૭૩)

કન્યા વળાવતી વખત ગાવાનું ગીત.

તમારી નાની મોટી સંભાળીને લેજોરે, અમારારે
જાનૈયાને દોશ ન દેશો.
ફુલાણી બેન સાસરે જાયજોરે સોહેરંગ, માડી વળાવવાને
જાયજોરે સોહેરંગ,
બાપને દોને આશીશ જોરે સોહે રંગ, વીરાને અવિચળ ઘાટ
જોરે સોહે રંગ
બેન વળાવાને જાય સોહેરંગ.

(ઉપર મુજબ નામ ફેરવીને ગાવું)

---

(૭૪)

છોરી તારૂં અણુવરીયું કાડી મેલ કે અણુવરીયું લજવાયુંરે
છોરી તારા ભાઇને કાડી મેલ કે અણુવરીયું લજવાયુંરે
નાક સામું જોઊં તો નકટું દેખાય કે અણુવરીયું લજવાયુંરે
પગ સામું જોઊં તો લંગડું દેખાય કે અણુવરીયું લજવાયુંરે
હાથ સામું જોઊં તો ઠુંઠું દેખાય કે અણુવરીયું લજવાયુંરે

(૭૫)

તારા ઢીંગલાં પોતીયાં લેને લાડી ચાલ હવે વેહેલી
મારૂં સાજન ખોટી થાયરે લાડી ચાલ હવે વેહેલી
તારો ભાઇ ભઠીઆરોરે લાડી ચાલ હવે વેહેલી
તારી બેન ચેણુરે લાડી ચાલ હવે વેહેલી
તારી મામી માછેણુરે લાડી ચાલ હવે વેહેલી
તારી કાકી કોલણુરે લાડી ચાલ હવે વેહેલી

---

(૭૬)

ખારી કુઇના બે પાટીયાંરે મીઠી ફોઇના બે બોલડારે
જે બોલ બોલ્યાં હતાં ફલાણારે તે બોલ ચઢયા પરમાણુરે
જે બોલ બોલ્યાં હતાં ફલાણાંરે તે બોલ ગયા ગુની ખાંડમાંરે

(ઉપર મુજબ નામ દઇને ગાવું.)

---

(૭૭)

છૈયાં છોકરાંરે ફલાણી બેનને કોઇ ગાશો નહીં.
એતો બેગમની બલાડી છે, બે ગોળીનો ચડવો છે.
જીયાવરની માસી છે, લાડવાઇની કાકી છે.

---

(૭૮)

કડકડી આળડી વીંટીરે, બેન ફલાણા ભાઇની બેટીરે

આપે તે ધરમેને પરણાવ્યાંરે, ધરમનાં ઘરણીઆં ઘડાવ્યાંરે,
કાકાએ તે કોડે પરણાવ્યાંરે, કોડનાં કોકરવાં ઘલાવ્યાંરે,
મામાએ પુન્યેને પધરાવ્યાંરે, પુન્યનાં પાનેતર વણાવ્યાંરે,
ફલાણી વેવણને ચોંટી દીધાની ટેવરે, ચોંટી દેશેને લાડવાઇરડશેરે
ફલાણાને મીજાસ કરવાની ટેવરે, મીજાસ કરશેને લાડવાઈરડશેરે
ફલાણાને થોડું બોલાની ટેવરે, થોડુ,બોલશેને લાડવાઇ રડશેરે

---

(૭૯)

(કન્યા વળાવીને આવતી વખત ગાવાનું ગીત.)

માંડવે ફટક અજવાળાંરે દીવડી કયાં ગઇરે
આવ્યો હતો નગર ધુતારો કે લાખેણી લાડી લઇ ગયોરે
આવ્યો હતો સુરત શહેરનો ચોર કે લાખેણી લાડી લઈ ગયોરે

---

(૮૦)

(વહાગીરીને દહાડે ગાવાનાં ગીત.)

પ્રથમે શ્રી ગણુપતીના નામ લીજે, પછી તો વેવાનો આરંભ કીજેરે
ગણુપતીને બેસણે માંડોને માટ, લાડવાઇ પેહેરે કોરાં ઘાટરે
ગણુપતીને ચડાવો કરેણાં, લાડવાઇ પહેરે કોરાં ઘરેણાંરે
ગણુપતીને ભાવે ઘી ગોળ ને ભાખરી, લાડવાઈ કરે
ગણુપતીની ચાકરીરે,

ગણુપતીને દૂધ કુર પીરસો કંસાર, લાડવાઈ જીત્યાં તે
સઘળો સંસાર.
ગણુપતીને બેસણું માંડાની મુડા, લાડવાઇ પહેરે તે કોરા ચુડારે
કાળી બાણીરે લાડવાઈ, તમારાં સાંકળાં ઘણેરાં હોજોરે
પીળી બાણીરે લાડવાઇ, પીયુ સાથે પ્રીત ઘણેરી હોજોરે
રાતી બાણીરે લાડવાઈ, તમારામાં રાજ ઘણેરાં હોજોરે
લીલી બાણીરે લાડવાઈ, તમારામાં લીલા ઘણેરી હોજોરે
ધોળી બાણીરે લાડવાઇ, તમારામાં ધન ઘણેરૂં હોજોરે
લાડવાઇ પરણીને નીચું જુએ નીચાં આંબલીયાં શાં મોહ્યારે
જીયાવર પરણીને ઉંચું જુએ ઉંચા તાડલીયાં શા મોહ્યારે
લાડવાઇ ગોરાં ગોરાંરે, ગોરાં ગોરાં ગોકળીઆમાં રમતાંરે
ગોરાં ગોરાં મા એને ધવડાવ્યાંરે ગોરાં ગોરાં ફોઇએ નામ પાડયાંરે
ગોરી બેને હાલેરાં ગાયાંરે, ગોરા બાપે તે રમાડયારે
જીયાવર કાળા રે કાળા, કાળી કરજાળીમાં રમતારે
કાળી માએ તે ધવડાવ્યાંરે કાળી ફોઈએ તે નામ પાડયાંરે
કાળી બેને હાલેરાં ગાયાંરે, કાળા બાપે તે રમાડયારે.

---

(૮૧)

વાડકી વાડકી વાડકી નર નાગરવેલ ફલાણાની બેચર લાડકી
નર નાગરવેલ
આછાં તે પટીઆં પડાવજો નર નાગરવેલ, સાબુએ તે મોંડા

ધોવડાવજો નર નાગરવેલ
ફેન્સી અંબોડો વળાવજો નર નાગરવેલ, મુંબાઇની વેણી
મંગાવજો નર નાગરવેલ

મોડા પર તે પાઉડર લખાવજો નર નાગરવેલ, ઉપરથી
ચશ્મા પહેરાવજો નર નાગરવેલ

ફેન્સી બદન પેરાવજો નર નાગરવેલ, ગજવામાં રૂમાલ
અપાવજો નર નાગરવેલ

આછા તે સાળુ પહેરાવજો નર નાગરવેલ, હાથમાં ઘડીઆળ
બંધાવજો નર નાગરવેલ

હાથમાં છત્રી અપાવજો નર નાગરવેલ પગમાં તે બુટ
પહેરાવજો નર નાગરવેલ

વળી રૂમાલમાં સેન્ટ છંટાવજો નર નાગરવેલ, એટલું કરીને
ગોરી આવજો નર નાગરવેલ

પાલખીએ બેસીને આવજો નર નાગરવેલ
વેવાઈને માંડવે નચાવીશું નર નાગરવેલ
નાચ્યાની આપીશ નાસરી નર નાગરવેલ, ખુંધ્યાની ખોટી
બદામ નર નાગરવેલ.

---

(૮૨)

અમરૂં રે જીરૂં ને તમારી વરીઆળી એ બેઉને પરણ્યાચો વેવાઇઓ

અમારારે ફલાણાભાઈ ને તમારીરે ફૂલાણી વહુ એ બેઉને
પરણાવો વેવાઇઓ.
સંપેરે ચાલો નવી પ્રીત કરીએ, નવી પ્રીત કરીએ નવે
ઘેર જઇએ,
સુરત મુકીને મુંબાઈ જઇએ, ફલાણી સાસુ મુકીને ફલાણી
સાસુ કરીએ.

---

(૮૩)

અમે કાશીના લોકો હરી ભજ લો
અમે ગાતા નહી હતા હરી ભજ લો
ફૂલાણીએ ગાઇને ગવડાવ્યાં હરિ ભજ લો

---

(૮૪)

અમદાવાદી છાયલાં બરાનપોરી છીંટ,
કુવા કાંઠે કેવડો તે વાએ વાંકો થાય
જીયાવરના બાપનો હથ્થી દોડયો જાય, જીણા મારૂજી હોરાજ
તાંબાની ટોયલીને હીંગનો વઘાર,
જીયાવરના બાપ તો દેશના સરદાર, જીણા મારૂજી હોરાજ
ગોપીપરાને ચકલે ગડગડ ઘોડવેલ જાય
માંહે નાંખો ચુંદડી લાડકડી સાસરે જાય, જીણા મારૂજી હોરાજ
કાદવની તોડીને કાંદાનો વઘાર,

નવી વહુના બાપ કાકા દેશના ઉતાર, જીણા મારૂજી હોરાજ
સુરત શહેરને ચકલે ગડગડ ગાડા જાય
માહે નાંખો સાદડી ફુલાણી વેવણુ નાતરેજાય, જીણામારૂજી હોરાજ
ઓરડામાં સસરા પરસાળે દીએર જેઠ
હળવે હળવે ચાલો ગોરી પગની વાગે ઠેસ, જીણા મારૂજી હોરાજ

---

(૮૫)

ભલા ગાજે છે, ભલા વરસે છે, ભલા તાપી કરાડા ધરસે છે
કેળ પાણી તે ઉનેરાં થાય છે મારા કયા ભાઈ કેડ ધોવા જાય છે
કેડ ધોઈને વહેલા આવે છે, પેલા વેવાઇ તે પેરામણી પેરાવે છે
હમારા સાલને સેલાં મુકાવે છે, એના ભવનાં મસોતાં ઓરાડે છે

---

(૮૬)

દાબડે કંકુડા ઘોળાયરે વહુવારૂ તમને આછી આછી પીયળ કડાવું
તારા બાપનું ઘર મુકરે વહુવારૂ તને સસરાનું ઘર બતાવું
તારી માડીની સોડ મુકરે વહુવારૂ તને સાસુની સોડ દેખાડું
તારી દાદીનાં હેત મુકરે વહુવારૂ તને ડોસી સાસુના તસકા દેખાડું
તારી ફોઈના ઝાંસા મુકરે વહુવારૂ તને શ્રી દેવીના હેત દેખાડું

---

(૮૭)

જેવો ચંદ્રમાનો ઉલાળો મેઘાડંબર ગાજે
તેવો ફુલાણીનો ફુલાવો મેઘાડંબર ગાજે
સારી સારી રીતભાત કરીશું મેઘાડંબર ગાજે
રીતભાતની કહાડી ભડરે મેઘાડંબર ગાજે
ફુલાણી વેવણનું નાક વાહાડો મેઘાડંબર ગાજે
નાકે કીધી રસી મેઘાડંબર ગાજે
ફુલાણી વેવણનું નાક વાડો ઘસી મેઘાડંબર ગાજે
નાક તે ઉપર ઉગ્યો પીલોરે મેઘાડંબર ગાજે
ફુલાણી વેવણને કાડો ટીલોરે મેઘાડંબર ગાજે.

(ઉપર મુજબ ફેરવીને ગાવું.)

---

(૮૮)

સોહે રથનાગર કેવડો બે લાલ
કેવડે રાતાં પુલ મેરે લાલ, કેવડાનાં નહીં મુલ મેરે લાલ
આગળથી ફુલાણી વેવણ ફુલતાં બે લાલ
સારી સારી સાડીઓ આપીશું બે લાલ સાડીની કાડીભડ મેરેલાલ
ફુલાણી વેવણનું નાક વાડો ચડ મેરે લાલ.

---

(૮૯)

સોનેકી સીસી બાવા રૂપેકા પ્યાલા, મધ પીઓ મારા લાડવાઇ
મતવાલા કે ચાલો સોદાગર લોકો સાહ જોવા જોઇએ.

સાહ જોવા જઈએ બાવા રાહુ જોવા જઇએ, પેલારે વેવાઈના પવાડા ગાઇએરે ચાલો.

પવાડા ગાઇએ તે શાને માટે, વરઘોડો અંધારે લઈ આવ્યા તે માટે, ચાલો.

રંગ રસ મહોલમાં મુકી છે આરસી, પેલી વેવણુને લઇ ગયા પારસી, ચાલો સોહાગર લોકો સાહ જોવા જઈએ.

---

(૯૦)

વહુવર ઘેર આવે ત્યારે પોંકતી વખતનું ગીત.

જસોદાજી પુરણુ ભાગ્ય તમારાંરે બારણે ઉભાં વહુવર તમારાંરે
પોંકી લ્યો વહુવરને ઘરમાંરે, કાંકણુ ઝળકે છે વહુના કરમાંરે
છળકતી વહુને છોગાળો આવેરે, વસુદેવના મંદીરમાં સોહાવે
જસોદાજીએ ભર્યો ભંડાર ઉઘાડયારે, વહુવરને સોળે શણુગાર પેરાવ્યારે

(ઉપર મુજબ ઘરનાના નામ દઇને ગાવું.)

---

(૯૧)

વહુવર ઘેર લઈ જતી વખતનું ગીત.

જીરે સરસ્વતી સ્વામીને વીનવું, જીરે ગણુપત લાગવું પાય સીંદુરીરે ચુંદડી.

જીરે માસે કાંતીરે કોકડી જીરે છ માસે કાત્યું પાસેર સીંદુરીરે ચુંદડી.

જીરે વાણો ઘણો છે રે માળવે જીરે તાણો પુર્યો ગુજરાત
સીંદુરીરે ચુંદડી
જીરે રંગરેજ વાડેરે રંગાઇ, જીરે રંગરેજ બોલ્યા બોલ,
સીંદુરીરે ચુંદડી
જીરે આવોને બેન બેસો ઓટલે, જીરે કેવી પડાવીશું ભાત
સીંદુરીરે ચુંદડી
જીરે માળવે હસતીરે પુતળી, જીરે ખાજલીઓની ભાત,
સીંદુરીરે ચુંદડી
જીરે કયા ભાઇએ ચુંદડી વસાવી જીરે કયાભાઇએ ખરચાવ્યા
દામ, સીંદુરીરે ચુંદડી
જીરે ઓઢી પહેરી નવી વહુ સંચર્યાં, જીરે પૂછો નગરના
લોક, સીંદુરીરે ચુંદડી

---

(૯૨)

(માતા લેવા જાય ત્યારે પુંજા વખતનું ગીત.)

રાંદેલમાંનો સરોરે સોરંભતો
રાંદેલ પુંજા કોણે કરીરે
ફલાણાભાઇની ફલાણી વહુ તો રાંદેલ પુંજા કરીરે

(૯૩)

(માતા લઇ આવતી વખતે ગાવાનું ગીત)

રાણી રાંદેલ આવતાં જાણુતીરે, હું તો સેવના પાટ મંડાવતીરે
હું તો નાળીએરે અરઘ દેવડાવતીરે, હું તો દુધડે ઊમરા
ધોવડાવતીરે
હુંતો ઘીના દીવડા અજવાળતીરે, રાણી રાંદેલ આવતાં જાણુતીરે

---

(૯૪)

પુછલડું ક્યાંથી વળગ્યુંરે મારા કુંવર કોઠીલા
એરે પુંછલડાને ચાક જોઈશું, ચમરી જોઈશું, ગોફણીએ
હીરની દોરીરે, મારા કુંવર કોડીલા
એરે પુંછલડાને સાડી જોઇશું, બદન જોઈશું, રૂમાલનો
નહી પારરે, મારા કુંવર કોડીલા

---

(૯૫)

(મીઢળ છોડતી વખતનું ગીત.)

તારી દોરડીઓ દશ ગાંઠકે લાડી દોરડો નવછુટે
તારા બાપનો બાપ તેડાવકે લાડી દોરડો નવછુટે
તારો ભાઇ ભઠીઆરો તેડાવકે લાડી દોરડો નવછુટે
તારો મામો માછી તેડાવકે લાડી દોરડો નવછુટે
તારો કાકો કોળી તેડાવકે લાડી દોરડો નવછુટે

તારી બેન ચેણુ તેડાવકે લાડી દોરડો નવછુટે,

---

(૯૬)

આવા ઊનાળાના દહાડાકે છોરી વીજણો કાં ન લાવી
આવા ચોમાસાના દહાડાકે છોરી છત્રી કાં ન લાવી
આવા સીયાળાનાં દહાડાકે છોરી ગોદડા કાં ન લાવી
મારા જીયાવર સુંવાળાકે છોરી વીંજણો કાં ન લાવી
મારા જીયાવર સુંવાળાકે છોરી છત્રી કાં ન લાવી
મારા જીયાવર સુંવાળાકે છોરી ગોદડા કાં ન લાવી

---

(૯૭)

આરતી.

મારેતે આગણે કુઈરે રન્યાદેવ, ઘુંટણ સમાણું પાણીરે રન્યાદેવ
ઘાટડીઆળા નાહવારે બેઠા, આદિતની ઘર નારરે રન્યાદેવ
ઉઘરંગ તુઇ રંગલાલ કોંસબો, મથુરામાં મોઘેરો વેચાયરે રન્યાદેવ
કેળ કાતળીઆને આંબા પાતળીઆ, ખડબુચાં છોલાયરે રન્યાદેવ

---

(૯૮)

માટલીએ મગદાળ પોસભરી ચોખા ઓરીઆરે,
આદીતને જમવાનો વાર, રાણીરાંદેલ ચાલ્યાં રૂસણેરે
રૂસણે ન જઇએ ઘરની નાર, પોતીકાં ઘર રળીઆમણાંરે

રાંધીએ સાકને દાળ પીયુરે, પીછવીએ પોતા તણુંરે,
રાંધીએ સાકને દાળ છોરૂ જમાડીએ આપણુંરે

---

(૯૯)

મારી આંગળી ઘાટી રાંદેલ પુજાં કરતાંરે
મારાં ચીર ચીગટાયાં રાંદેલ પુજાં કરતાંરે
મારી છાબડીઓ ઘસાઈ રાંદેલ પુલડે વધાવતાંરે
અંબોડા રે લચીઆ રાંદેલ પાય પડતાંરે
હું તો જાઉંરે કાસી ત્યાંરે જઈને તપ કરૂંરે
માંગુ ધણીઓનાં રાજ અખંડ હેવાતન ઘાટડીરે
માંગુ પુત્ર પરીવાર વહુ આવે પાય લાગતીરે

---

(૧૦૦)

પાન પુલે ભરી છાબ તો અગરની દાબડીરે
આદીતને જમવાનો વાર રાંદેલ રાંધ્યાં રાંધણુંરે
બાસઠ દીધારે વઘાર ચોંસઠ રાંધ્યાં રાંધણુંરે
ઉઠોરે સ્વામી ભોજન કરો હું છડી રે ઉતાવળી
આદીતને ચઢી રીસ રાંદેલ માર્યાં સોટીએરે
રાંદેલને ચઢી છે રીસ મહીએર ચાલ્યાં રૂસણેરે
લીધાં આંગલાં ટોપી રામૈઆ લીધાં પારણુંરે
દીએર મનાવા જાય ભાભી કેવાં રૂસણાંરે

તમ વિના સુના અવાસ રામૈઆ વીના સુના પારણુંરે
તમ આવે વસે અવાસ રામૈઆ વસે પારણુંરે

આરતી.

(૧૦૧)

નાળીએર દીજેરે વિપ્રને છે રૂડાંને કાજ રન્યાદેવ
ચહ્લીએ ચહ્લાને વારીયો, એ ઘેર માળો ન ઘાલો રન્યાદેવ
જોસેણુ જોસીને વારીયા એ ઘેર જોસ ન જોસો રન્યાદેવ
એ ઘેર વાંજીઆ વસે, કણુવટ અપવિત્ર હોય રન્યાદેવ
સસરાએ દીધાં મેણલાં, અમકુળ બાધ્યો વંશ રન્યાદેવ
સાસુએ દીધાંરે મેણલાં, રસોઈ અપવિત્ર હોય રન્યાદેવ
જેઠેરે દીધાંરે મેણલાં, દેરાસર અપવિત્ર હોય રન્યાદેવ
જેઠાણીએ દીધાંરે મેણલાં, વડ સાથે વાંજ કહેવાશો રન્યાદેવ
દીએરે દીધારે મેણલાં, ભાભી બુસેટીઆના કોડ રન્યાદેવ
દેરાણીએ દીધાંરે મેણલાં, ભાભીજી ભત્રીજીના કોડ રન્યાદેવ
નણંદે દીધાંરે મેણલાં, ભાભી રાખલડીના કોડ રન્યાદેવ
સ્વામીએ દીધાંરે મેણલાં, ઢીંગી સોબાર ન માય રન્યાદેવ
પાંગટે મેલારે પાણુકા, સોડમાં રમે બે સાપ રન્યાદેવ
અઢીગજ જોઈશેરે કાપડું, ત્રણ ગજ કેડનો લાંક રન્યાદેવ
રડતી રસમસતીરે નીસરી, જઇ ઉભી બાપ અવાસ રન્યાદેવ
બાપે તે પડો વજડાવીઓ, માડીએ ન કહ્યાં મારાં પેટ રન્યાદેવ

ભાભી ન લાગ્યાંરે પાવલે, વીરાએ ન કર્યા પ્રણામ રન્યાદેવ
બેનરે બેઠારે ગોઠડી સૈયરે ન પુછી રે વાત રન્યાદેવ
રડતી રસમસતીરે નીસરી, જઇ ઉભી સરોવરની પાળ રન્યાદેવ
ભર્યાંરે સરોવર સુકાઇ ગયાં, બગલા દીએરે શ્રાપ રન્યાદેવ
રડતી રસમસતીરે નીસરી, જઈ ઉભી આંબલીઆની ડાળ રન્યાદેવ
ફળ્યો ફુલ્યો આંબો સુકાઈ ગયો, કોયલ દીએરે શ્રાપ રન્યાદેવ
રડતી રસમસતીરે નીસરી, ઉભી મુળરાજ અવાસ રન્યાદેવ
મુળરાયે આપ્યાંરે મુળીઆં, ભાણે આપ્યા ભાણુ દેવ રન્યાદેવ
સુરજે આપ્યો સુરીઓ, આદીતે આપ્યા રૂડા પુત્ર રન્યાદેવ
હસતીને રમતીરે નીસરી, જઇ ઉભી આંબલીયાની ડાળ રન્યાદેવ
સુકોરે આંબોરે લેરાં લે, કોયલ દેરે આશીષ રન્યાદેવ
હસતીરે રમતીરે નીસરી, જઈ ઉભી સરોવરની પાળ રન્યાદેવ
સુકારે સરોવર લેરાં લે, બગલાં દેરે આશીષ રન્યાદેવ
હસતીને રમતીરે નીસરી, જઈ ઉભી બાપ અવાસ રન્યાદેવ
બાપે તે પડોરે વજડાવીઓ, માડીએ કહ્યાં મારાં પેટ રન્યાદેવ
ભાભી તે લાગ્યાંરે પાવલે, વીરાએ કર્યો પ્રણામ રન્યાદેવ
બેનરે બેઠાંરે ગોઠડી, સૈયરે પુછી બે વાત રન્યાદેવ
સસરાએ કહાવીરે મોકલ્યાં, વેલ મોકલાવું કે પાલખી રન્યાદેવ
શું કરૂં વેલ ને પાલખી, સાલે તમારા બોલ રન્યાદેવ
હસતીને રમતીરે નીસરી, જઇ ઉભી સસરા અવાસ રન્યાદેવ

સસરાએ વાળ્યાંરે મેણુલાં, અમકુળે વાધ્યો વંસ રન્યાદેવ
સાસુએ વાળ્યાંરે મેણુલાં, રસોઈ પવિત્ર હોય રન્યાદેવ
જેઠે તે વાળ્યાંરે મેણુલાં, દેરાસર પવિત્ર હોય રન્યાદેવ
જેઠાણીએ વાળ્યાંરે મેણુલાં, વડતાતે પુત્રવંતી રન્યાદેવ
દીએરે વાળ્યાંરે મેણુલાં, પોત્યા ભુસેટીઆના કોડ રન્યાદેવ
દેરાણીએ વાળ્યાંરે મેણુલાં પોત્યા ભત્રીજાના કોડ રન્યાદેવ
નણંદે વાળ્યાંરે મેણુલાં, પોત્યા રાખલડીના કોડ રન્યાદેવ
સ્વામીએ વાળ્યાંરે મેણુલાં, હવે થઇ પાતળી છોગ રન્યાદેવ
અધગજ જોઈશેરે કાપડું, સવાગજ કેડેનો લાંક રન્યાદેવ
પાંગટે મેલો પછેરડા, સોડમાં રમે રૂડા પુત્ર રન્યાદેવ
લીંપ્યાંને ગુંપ્યાંરે ઓરડા, પગલાંતે સીધરાજભાઇ પાડે રન્યાદેવ
સુખડી કરી કરી ઘર ભર્યાં, રાડા તે કોણ કરેશ રન્યાદેવ
ચોપ્યા પખાળ્યારે સાવલા, સુખડાં તે ફલાણાના લોહે રન્યાદેવ
સરોવર પાણીડાં સંચર્યાં, છેડા તે મહાદેવ પ્રસાદ ઝાલે રન્યાદેવ
ચહલીએ ચહલાને મોકલ્યો, એ ઘર માળો ઘાલો રન્યાદેવ
એઘેર છોરૂડાવસે, ચલ્લી ચણારો પામે રન્યાદેવ
જોસેણુ જોસીને મોકલ્યા, એ ઘેર જોસ જોજો રન્યાદેવ
એ ઘેર છોરૂડાં વસે કણુવટ પવિત્ર હોય રન્યાદેવ
નાળીએર દીજેરે વીપ્રને, છોરૂડાંને કાજ રન્યાદેવ

(૧૦૨)

ચંદન ભરી છે તળાવડી, મોતીડે બાંધી છે પાળરે
રન્યાદેવની આરતી
ઈશ્વર ધુએરે ધોતીઆં, પાર્વતી પાનીડાં નીહારરે
રન્યાદેવની આરતી
હળવે ધુઓરે સ્વામી ધોતીયાં, છંટાસે દક્ષણીનાં ચીરરે
રન્યાદેવની આરતી

---

(૧૦૩)

માતા વાડીમાં રેલછેલ મોગરો, માતા અમને આપોરે કોદાળી
હું તો વાડીએ રોપવાને જાઉં, રન્યાદેવની આરતી
માતા હમને આપોરે ઘડુલો, હું તો વાડીઓ સીંચવાને જાઉંરે
રન્યાદેવની આરતી
માતા અમને આપોરે દાતરડી, હું તો વાડીએ નીંદવાને જાઉંરે
રન્યાદેવની આરતી
માતા અમને આપોરે ટોપલી, હું તો પુલડાં વીણવાને જાઉંરે
માતા અમને આપોરે દોરીઓ, હું તો ચોસેરા ગુંથીને લાવુંરે
રન્યાદેવની આરતી
મારાં રાંદેલ માને કાજ, રન્યાદેવની આરતી

(૧૦૪)

તાંબા તે કેરાં તરભાણા, કૃષ્ણજીએ આંબો રોપીઓરે
આંબો દુધડે સીંચાય જેમ આવે ઝીણી કુંપળીરે
જાજરીઆ વડ હેઠ સાસર વાસણી વીસમેરે
રોઇ રોઇ ભર્યાંરે તળાવ ડુસકે ભર્યાંરે બે કોડીયાંરે
તાપીરે વેળુરે માત આદીતે રથ ખેડીઆરે
રથે બેસી પુછેરે વાત કેમ રૂએ સાસર વાસણીરે
કેરે તારૂં મૈયર દુર કેરે તારી સાસરી દોહલીરે
નથી મારૂં મૈયર દુર નથી મારી સાસરી દોહલીરે
એક મારૂં સોએકનું સાલ, બીજું તે વાંઝનું મેણુરે
ટાળું ટાળું સોએકનું સાલ વાંઝ બંધાવીશ પારણાંરે

---

(૧૦૫)

સુપડે રચ્યારે કમાડ, શીખંડે ઘોળ્યા ઓરડારે
આદીતને જમવાનો વાર, રાંદેલ રાંધ્યાં રાંધણાંરે
બત્રીસી રસોઇની થાળ ચોસેઠ રાંધ્યાં રાંધણાંરે
તેત્રીસ દીધારે વઘાર પાસેઠ રાંધ્યાં રાંધણાંરે
ઊના પાણી ટાઢેલાં થાય હું ખરીરે ઉતાવળીરે ઊઠો
સ્વામી અંગોળ કરોરે.
આદીતને ચઢીએલી રીસ, રાંદેલ માર્યાં સોટીએરે
લીધાં આંડણુ લીધાં ટોપીએરે

કેડ લીધા રામૈયા પુત્ર રન્યા દેવની આરતી
તમ વિના સુના અવાસ, રામૈયા સુના પારણુંરે
તમ આવી વસોરે અવાસ રામૈયા વસે પારણુંરે

---

(૧૦૬)

લાવો લાવોરે સુપડાં તલ સોહીએ,
મારા ઘેલા ગોવિંદને તલ જોઇએ
લાવો લાવોરે દોહોણી ગાય દોહીએ,
મારા ઘેલા ગોવિંદને દુધ જોઇએ
અજવાળી રોહિણી નિર્મળી,
ગોરી તમ જેવડી ટોળે મળી
ત્યારે હું મારે મંદીર હતી,
ત્યારે અંતરિક્ષથી નારદ આવ્યા,
તે તો પારીજાતકનું ફુલ લાવ્યા
રોપો રોપોરે કૃષ્ણજીને આંગણીએ,
ફુલ ફૂટ્યાંરે દશ પાંખડીએ
ત્યારે કૃષ્ણજીએ જોયાંરે બેઉ આંખડીએ
સો કોઇને આપ્યાં સંભારી,
સત્યભામાને મેલ્યાં વિસારી
અબોલડા લીધા નહીં બોલું,
કાળા કૃષ્ણજીની સાથે નહીં બોલું

દેવકીજીના જાયા સાથે નહીં બોલું
  વીજળીના વીરા સાથે નહીં બોલું
દેવકીના વાહાલા સાથે નહીં બોલું,
  અબોલડા લીધારે નહીં બોલું
સૌ કોઈને મેલ્યાં વિસારી,
  સત્યભામાને મેલ્યાં વિસારી,
બોલડા લીધારે હસી બોલું,
  કાળા કૃષ્ણજી સાથે હસી બોલું

---

(૧૦૭)

બગલું એ આવે એ જાયરે, બગલું ફોગટ ફેરા ખાયરે
બગલું કઇ વહુને લઇ જાયરે, પાછળ કયા ભાઈ દોડયા જાયરે
બગલું ફલાણીવહુને લઈજાયરે, પાછળ ફલાણાભાઇ દોડયા જાયરે
એ મારી બૈરીને લઇ જાયરે, તારૂં ભણતર ફોગટ થાયરે
એ મારા પૈસા ખોટા થાયરે, એ મારાં છોકરાં રવડી જાયરે
હું તો પરણ્યો તે થયું ફોકરે, મારાં નાણાં બેઠાં રોકરે

---

(૧૦૮)

સરસ્વતી સ્વામીને વિનવું જીરે ગણપતિ લાગવું પાય
  મંદીર માળીઆની માછલીજીરે
કયા ભાઇ તે ગામ સીધાવ્યાજીરે, કઇ વહુ અન્ન ન ખાય

મંદિર માળીઆની માછલીજીરે
ફુલાણા ભાઇ ગામ સીધાવ્યાજીરે ફુલાણી વહુ અન્ન ન ખાય
મંદિર માળીઆની માછલીજીરે
દુધ સાકરની રાંધી રાબડીજીરે ઘીમાં રોળી રોળી ખાય
મંદિર માળીઆની માછલીજીરે
પાડાતે સરખી વહુ પાતળી જીરે, ભલી ભાદરવાની ભેંસ
મંદિર માળીઆની માછલીજીરે
ફુલાણી વહુએ છાના કાગળ મોકલ્યારે ઘેર આવો ફુલાણાના વીર
મંદિર માળીઆની માછલીજીરે
તમ વિના સુનામંદિર, મંદિર માળીઆની માછલીજીરે
તમવિના સુના શણગાર, મંદિર માળીઆની માછલીજીરે

---

(૧૦૯)

હાંહાં રેકે ચોરી છોબંધની, હાંહાંરે કે બેઠક મોટાની,
હાંહાંરે કે કયા ભાઈ બેઠા છે, હાંહાંરે કે કઇ વહુ પાન લાવેછે
હાંહાંરે કે ફુલાણાભાઇ બેઠાછે, હાંહાંરે કે ફુલાણી પાન લાવેછે
હાંહાંરે કે લાવતાં વાર લાગી, હાંહાંરે કે સોટીઓ સાત મારી
હાંહાંરે કે પાટુઓ પાંચ મારી, હાંહાંરે કે તમાચા ત્રણ માર્યા
હાંહાંરે કે સાહેબા શા માટે, હાંહાંરે કે વાર લાગી તે માટે
હાંહાંરે કે વાંક નથી હમારો, હાંહાંરે કે વાંક છે ફુલાણાભાઇનો
હાંહાંરે કે તેણે મને બોલાવી, હાંહાંરે કે તેમાં મને વાર લાગી

(૧૧૦)

ખત્રેણુ વાડાની ખત્રેણુ લાલ હિંદવાણી
ખત્રેણુ આવી બેઠી ગોખ લાલ હિંદવાણી
તે તો સાવિત્રીની સોક લાલ હિંદવાણી
કૌશીક છાના પેંડા લાવે લાલ હિંદવાણી
પેલી ખત્રેણુને ખવડાવે લાલ હિંદવાણી
સાવિત્રી બારીએ બેસી રૂએ લાલ હિંદવાણી
એની સાસુ આંસુ લુએ લાલ હિંદવાણી
વહુ વર આવડીશી પેર લાલ હિંદવાણી
ખત્રેણુ કાલે જશે ઘેર લાલ હિંદવાણી
આપણે કરીશું લીલા લેહેર લાલ હિંદવાણી

---

(૧૧૧)

ભાંગ વાવોરે ભાંગ વાવોરે, મારા ફૂલાણા દીયરજી ભાંગ વાવોરે
ભાંગ સીંચોરે ભાંગ સીંચોરે, મારા લ્હેરી દીએરીઆ ભાંગ સીંચોરે
ભાંગ ઘુંટોરે ભાંગ ઘુંટોરે, મારા લ્હેરી દીએરીઆ ભાંગ ઘુંટોરે
ભાંગરે અંગ્રેજી ભાંગ, ભાંગરે અમદાવાદી ભાંગ
ભાંગ ચઢી, ભાંગ ચઢી છે, નથી ચઢી
ફૂલાણાને ભાંગ ચઢી છે નથી ચઢી

(૧૧૨)

કયા ભાઇની ગોરી ગોરાંરે એ ધણીનાં રાજ
કાળા ભાઇની ગોરી ગોરાંરે એ ધણીનાં રાજ
પેટે પડસુદી ઉતરે સેવના સરસે કાજ
કયા ભાઈની ગોરી કાળીરે એ ધણીનાં રાજ
ફુલાણુભાઇની ગોરી કાળીરે એ ધણીનાં રાજ
વાંસે ધરીડાં ઉતરે ફલેડાના સરસે કાજ
કયા ભાઇની ગોરી નીચીરે એ ધણીનાં રાજ
ફુલાણુભાઇની ગોરી નીચીરે એ ધણીનાં રાજ
પાનીએ વાસીદાં વાળસે સાવરણીના સરસે રાજ
કયા ભાઇની ગોરી જાડીરે એ ધણીનાં રાજ
ફુલાણુભાઇની ગોરી જાડીરે એ ધણીનાં રાજ
સીઆળે ઓઢે ને પાથરે, ગોદડાંનાં સરસે કાજ

---

(૩૧૩)

(માતા વદા કરતી વખતે ગાવાનું ગીત.)

સમી સંધ્યાએ નીસર્યાં, દેવ ક્યાં જઈ વસસો
વસશું તે આંબા આંબલી, વસીશું સરોવરની પાળ
વસીશું તે કયા ભાઇને ઓરડે, જે ઘેર મીઠા બોલી નાર
વસીશું તે ફુલાણુભાઇને ઓરડે, જે ઘેર મીઠા બોલી નાર
મીઠડાં બોલેને મન વસે, લળીલળી લાગેરે પાય

પાયે લાગીને શું માંગીયાં, માગ્યા ધણીનાં રાજ
અખંડ હેવાતન ઘાટડી, લાગ્યાં પુત્ર પરીવાર

---

(૧૧૪)

રાંદેલ રહો રહોરે, તમને કયાભાઇ મનાવે
રાંદેલ રહો રહોરે, તમને ફલાણાભાઇ મનાવે
રાંદેલ રહો રહોરે, તમને ચીરના ચંદરવા
રાંદેલ રહો રહોરે, તમને સીંદુરના જલેચા
રાંદેલ રહો રહોરે, તમને તાંબાના તરભાણાં
રાંદેલ રહો રહોરે, તમને સુનાનાં સાંકળીઆં
રાંદેલ રહો રહોરે, તમને મોતીનાં અખ્યાણાં

---

(૧૧૫)

(માતા વળાવીને આવતી વખતનું ગીત)

એમ ન જાણશો માત પુજીને પાછાં વળ્યાંરે
પુરી તેવી પુરી મારી આસ રહીને તે કરો રળીઆમણીરે
ફલાણાભાઈની પુરી આસ, ફલાણી વહુના પોહાતાં મનોરડાંરે

---

(૧૧૬)

નવાનગરથી વાદરોરે આવ્યો
કયા ભાઈનું ઘર પુછતોરે આવ્યો

કઈ વહુએ દીધાં માનરે વાંદરા
ડાયાભાઇનું ઘર પુછતોરે આવ્યો
ગંગા વહુએ દીધાં માનરે વાંદરા
નવડાવી ધોવડાવીને પાટલે બેસાડયો
આંખ આંજીને ટીલડોરે કાડયો
એટલે આવ્યા ડાહ્યાભાઈરે
ફટ ગધેડી તેં વાંદરો ઘાલ્યો
શું રૂપાળો વાંદરો શું ઘાલ્યો
શું છોગાળો વાંદરો શું ઘાલ્યો

---

(૧૧૭)

વીરા રણુજણુ પાકીરે ઓરડી ઉપર આંબલા
વીરા કયા ભાઈરે હીંડોળે, કઇ બેન ખોળા ધરે
વીરા હળવે હળવે હીંડોળ ફાટસેંરે ચુંદડી
બેન ફાટે તો ફાટવા દે અવર ઘણેરડી
બેનને આણુંરે દક્ષણુ ચીર, ચોળી ચાંપાવરણી
વીરા ઘોઘાનો ઘોડો અણાવ નવરંગ ચાબખો
વીરા રણુજણુ વેલ જોતરાવ ગાદી મસરૂતણી
વીરા એમ કહી બેન વળાવ, બેન સાસરવાસરે
વીરા નીત્ય નવાં પગરણુ, માંડ આવું મૈયરડે

(૧૧૮)

રાજ દેવડી ઉપર નોબત વાગે છે,
કેસરીએ વાગેરે કયા ભાઇ પરણે છે
કઇ વહુ ઉપરરે બીજી આણે છે,
કેસરીએ વાગેરે ગંધેડાભાઇ પરણે છે
રૂડી વહુ ઉપરરે ભુંડી આણે છે,
ગોરી વહુ પર કાળી લાવે છે
થોડા બોલી ઉપરરે બહુ બોલી લાવે છે,
ભણેલી ઉપરરે મુર્ખી લાવે છે

વલણ

સાસુના જાયારે સોકય શીદ લાવ્યા,
નણદીના વીરારે સોકય શીદ લાવ્યા

---

(૧૧૯)

રાજદેવડી ઉપરના વાડામાં તે વાવ્યો વાલોળીઓરે
કઇ વહુને મુકી રખેવાળરે, ચાંદલો લાલ સોહામણોરે
વાડામાં તે વાવ્યો વાલોળીઓરે, નવી વહુને મુકી રખેવાળીરે
ચાંદલો લાલ સોહામણોરે
વાલોળીઆને બકરા ચરી ગયાંરે, નવી વહુને લઈ ગયા ચોર
ચાંદલો લાલ સોહામણો
મટુભાઇ હૈયાના ભોળા થયારે, બાપની કોટે વળગી રોયારે,

ચાંદલો લાલ સોહામણોરે
ના રોઇશ ના રોઈશ દીકરારે, કાલ પરણાવું બીજી નારરે
ચાંદલો લાલ સોહામણોરે
બીજી પરણીને બાપ શું કરૂં, નહી આવે નવી વહુની તોલરે,
ચાંદલો લાલ સોહામણોરે.

---

(૧૨૦)

નાની શી વાણીઆની હાટડીજીરે, કયા ભાઇની ગોરી ચાટણીજીરે,
મારા ચંદુભાઇની ગોરી ચાટણીજીરે,
ઘી ખાવા ગઇતીરે, ગોળ ખાવા ગઇતીરે,
તાજુડી તુટીરે, મા મને મારીરે, મારી નથી પણ હાટકીજીરે,

---

(૧૨૧)

એરે મોટી હેડ રમવા કેમ આવે,
લાખાભાઇ ભાગે કેડ રમવા કેમ આવે,
એને મોટો સાહ્યો કે રમવા કેમ આવે,
સાસુજીએ માર્યો પાયો કે રમવા કેમ આવે
એને મોટી આડી કે રમવા કેમ આવે
લાખા ભાઇ મેલે કાઢી કે રમવા કેમ આવે

(૧૨૨)

એના સોઢીઆમાં સાપ લાલ હિંદવાણી
તે તો ફલાણી વહુનો બાપ લાલ હિંદવાણી
એના ચોટલામાં ચોર લાલ હિંદવાણી
એના અંબોડામાં મોર લાલ હિંદવાણી
એના માદળીઆમાં ચીઠી લાલ હિંદવાણી
એને કામણ કરતી દીઠી લાલ; હિંદવાણી
એતો કયા ભાઈની નાર લાલ હિંદવાણી
એતો ફલાણા ભાઈની નાર લાલ હિંદવાણી

---

(૧૨૩)

મેંદી પોતું મેંદી પોતું જાય, એક હલાવું ત્યારે ડાળાં હાલે
ચાર સહીઅર મેદી લેશોરે

મારી સાસુએ એમ કહ્યું જે વાસીદાં વાળી મેલ
મેં ભોળીએ એમ જાણ્યું કે સાવરણી બાળી મેલ
સહીએર મેદી લેશોરે

મારી સાસુએ એમ કહ્યું જે પાણી ભરી મેલ
મેં ભોળીએ એમ જાણ્યું કે બેડાં ફોડી મેલ
સહીએર મેદી લેશોરે

મારી સાસુએ એમ કહ્યું જે રાંધણ રાંધી મેલ

મેં ભોળીએ એમ જાણ્યું કે ચુલો ખોદી મેલ
સહીએર મેદી લેશોરે
મારી સાસુએ એમ કહ્યું જે ગાયો દોહી મેલ
મેં ભોળીએ એમ જાણ્યું કે ગાયો છોડી મેલ
સહીએર મેદી લેશોરે
મારી સાસુએ એમ કહ્યું કે કોડમાં દીવો મેલ
મેં ભોળીએ એમ જાણ્યું કે સોડમાં દીવો મેલ
સહીએર મેદી લેશોરે
સોડ બળે, સાસુડી બળે, લીમડો લેહેરે જાય
સહીએર મેદી લેશોરે

---

(૧૨૪)

ડોસીની સુવાવડ આવી, ડોસો લાવ્યો સુંઠ
ડોસીને તો ભાવે નહીં ને ડોસો મરડે મુંછ
વહાલા ભીજનારે મારી ચુંદડીના ચોર
ડોસીની સુવાવડ આવી, ડોસો લાવ્યો કોપરાં
ડોસીથી તો ચવાય નહીં, ને ખાય છૈયાં છોકરાં
વહાલા ભીજનારે મારી ચુંદડીના ચોર
ડોસીની સુવાવડ આવી, ડોસો લાવ્યો ખજુર
ડોસીને તો ભાવે નહીં ને લઇ ગયા મજુર
વહાલા ભીજનારે, મારી ચુંદડીના ચોર

નાનું સરખું ગધેડું ને તેનું લાંબું પુંછ
વગર વાંકે બૈરી મારે તેની વાઢો મુંછ
વહાલા ભીજનારે મારી ચુંદડીના ચોર
નાનો સરખો રેંટીઓ ને તેને લાબું ત્રાક,
બાયલો હોય તે બાયડી મારે તેનું વાઢો નાક
વહાલા ભીજનારે મારી ચુંદડીના ચોર

---

(૧૨૫)

હસ્તિનાપુર થકી પત્રજ આવ્યું, વાસુદેવે તે પોતે વંચાવ્યું
માતા દેવકી કહે મારે જાવું, જીવણજીને મોકલોરે મોસાળું
સુંદીર વરને મોકલોરે મોસાળું-૧
બળભદ્ર બંધવનીરે જોડ, તમે તેડી ચાલો રણછોડ
જેમ પહોંચે બેનીજીના કોડ જીવણજી૦ સુંદીર૦-૨
તેડી ચાલો ઓધ્ધવ અક્રુર, સાથે જાદવ સઘળારે શુર
નથી હસ્તિનાપુર કાંઈ દૂર. જીવણજી૦ સુંદીર૦-૩
ઉગ્રસેન એણીપેર બોલે, નહિ ધર્મ તણે કોઇ તોલે,
જાવું સગાં સંબંધીને બોલે. જીવણજી૦ સુંદીર૦-૪
પાંચ પાંડવ દાસ તમારા, એ તો વહાલા સગારે અમારા
તમે જાઓને જુગના અધારા. જીવણજી૦ સુંદીર૦-૫
શ્રી કૃષ્ણ કહે મારે જાવું, જઇ સગાં સમો તારે થાવું
પાંડવો ઘેર પગરણ આવ્યું. જીવણજી૦ સુંદીર૦-૬

રાય સાંડયા તે યજ્ઞની રીતે, પુરૂષોત્તમ સાંડયારે પ્રીતે
હરી લઈ ચાલ્યા નવનીધે. જીવણજી૦ સુંદીર૦-૭
વિવિધ વસ્ત્ર લીધાં અતિ સાર, ચીર ચુંદડી મુક્તાફળ હાર
બીજા સાથે લીધા સણગાર. જીવણજી૦ સુંદીર૦-૮
સોળ સહસ્ત્ર એકસો નેરે આઠ, મળીઆ ઠકરાણીના ઠાઠ
સુભદ્રાજી જુએ છે વાટ. જીવણજી૦ સુંદીર૦-૯
સત્યભામા ને જાંબુરે વતી, રાણી રુક્ષ્મણીનેરે રેવતી
સાથે લક્ષ્મીજીનેરે રતી જીવણજી૦ સુંદીર-૧૦
સાથે સુભટ મળ્યા છેરે જોડે, છપ્પનકોટી જાદવ ચડયા ઘોડે
વાગે ઢોલ દુદુંભીની જોડે. જીવણજી૦ સુંદીર૦-૧૧
રથ રેવંત ઝાકઝમાળ, ઘોરી કોટે છે ઘુઘરમાળ
આવી પહોંચ્યા છે દીનદયાળ
જીવણજી આવીઆરે મોસાળે, સુંદર વર આવીયારે મોસાળે-૧૨
આવી પહોંચ્યા છે અંતરજામી, ત્યાં તો ધર્મ રહ્યા શીશ નામી
મળ્યા મેહેતા નરસૈયાના સ્વામી
જીવણજી આવ્યારે મોસાળે, સુંદર વર આવીયારે મોસાળે-૧૩

---

(૧૨૬)

હસ્તિનાપુરથી પત્રજ આવ્યું, વાસુદેવે તે પોતે વંચાવ્યું,
પાંડવો ઘેર પગરણ આવ્યું, મોહનજીને મોકલોરે મોસાળું,
જીવણજીને મોકલોરે મોસાળું૦——૧.

વિપ્ર વધામણી લઈ આવ્યા, કાગળીઆ શ્રી કૃષ્ણજીને વંચાવ્યા
લઈ વાસુદેવજી પાસે આવ્યા, મોહનજીને મોકલોરે૦
જીવણજીને૦—–૨.

એટલે બોલ્યા તે દેવકી માત, તમે સાંભળો શ્રી કૃષ્ણ વાત;
મોંઘી બેનીને અવસર ભ્રાત, મોહનજીને૦ જીવણજીને૦—૩.

હવે કૃષ્ણ કહે મારે જાવું, જાદવ કુળમાં સરવેને કહાવું;
માતા દેવકી કહે તત્ક્ષણ જાવું, મોહનજીને૦ જીવણજીને૦—૪

ઉગ્રસેન એણીપેર બોલે, ના આવે ધર્મ તણે કોઇ તોલે;
જાવું સગાં સંબંધીને બોલે, મોહનજીને૦ જીવણજીને૦—૫

---

(૧૨૭)

મોહનજીએ મોકલ્યુંરે મોસાળુ, જીવણજીએ મોકલ્યુંરે મોસાળુ.
મારૂં મોસાળું મલપતુ આવે, મેઘાડંબરની પેઠે ગાજે,
મોહનજી૦ જીવણજી૦

મારૂ મોસાળું આવ્યુંરે શેરી, મે તો ફુલડાં નાંખ્યાં છે વેરી,
મોહનજી૦ જીવણજી૦

મારૂ મોસાળું આવ્યુંરે પોળે, મેં તો નાળીએર વધેર્યાં છે જોડે,
મોહનજી૦ જીવણજી૦

મારૂ મોસાળું આવ્યું છે ખડકી, મારી દુઝણી ઝોટો ભડકી,
મોહનજી૦ જીવણજી૦

મારાં આવ્યાં છે ભાઇ ભોજાઇ, મેં તો ધબકે શું સેવ ઓસાવી
મોહનજી૦ જીવણજી૦
મેં તો ખોબલે ખાંડ પીરસાવી; મારી નાની નણુંદ રીસાવી,
મોહનજી૦ જીવણજી૦
નણુદી આવડો ન કરીએ હાંડો, નહી દેખાડું પોળ કે પાડો,
મોહનજી૦ જીવણજી૦
નણુદી આવડો ન કરીએ ટેક, નહી દેખાડું રૂપૈયો એક,
મોહનજી૦ જીવણજી૦
નણુદી આવડું ન કરીએ ઝાઝું, મારા વીરા વડે હું તો ગાજું,
મોહનજી૦ જીવણજી૦.

---

(૧૨૮)

ચંચળ ઘોડીરે ચાલતી મથુરાંશે આઇ,
ઘોડી તારા ઉર તુર રાતડા, પાયે મેદી લગાઇ,
ઘોડી ચઢો વર લાઢણા, તમારી જોઉં ચતુરાઇ,
કન્યા પુછેરે વર લાઢણા, ઘોડી કયાંસે મંગાઇ,
હમારા દાદાજી રંગ મહેલમાં, ચલદાર ભેટ લઇ આવ્યો.

---

(૧૨૯)

ઉંચા નીચા મહેલ ચણાવો, ઝરૂખા મુકાવીએ મારા રાજ
બારસાખે બારીઓ મુકાવો, ઝરૂખે મુકાવો જાળીઆં મારા રાજ

મોટાભાઇ બેસે જાળીએ, મોટી વહુ બેસે બારીએ મારા રાજ
ઊઠો મોટાનાં વહુવારૂ હુક્કો ભરી આપીએ મારા રાજ
પાવલાનો પાસેર તંબાકુ મુલવ્યો મારા રાજ
અડધાનો અચ્છેર તંબાકુ મુલવ્યો મારા રાજ
પોણાનો પોણોસેર તંબાકુ મુલવ્યો મારા રાજ
રૂપીઆનો શેર તંબાકુ મુલવ્યો મારા રાજ
પાવલાનો પાસેર તંબાકુ તમે પીઓ મારા રાજ
અડધાનો અચ્છેર તંબાકુ તમે પીઓ મારા રાજ
પોણાનો પોણોસેર તંબાકુ તમે પીઓ મારા રાજ
રૂપીઆનો શેર તંબાકુ તમે પીઓ મારા રાજ
મોટી વહુને ચઢીએલી રીસ હુક્કો પછાડીઓ મારા રાજ
હુક્કો ગયો આકાસ, ચલમ પડી ચોકમાં મારા રાજ
હુક્કો જડયો ઝઝે હિરે ચલમ જડી ચુનીએ મારા રાજ
હુક્કાના હજાર ચલમના ચારસેં મારા રાજ
મોટાભાઈને ચઢીએલી રીસ તમાચો મારીઓ મારા રાજ
મોટીવહુને ચઢીએલી રીસ મહીયર ચાલ્યાં રૂસણે મારા રાજ
લીધાં આંડણુ લીધી ટોપી કીકાભાઇ લીધા કેડમાં મારા રાજ
પહેલેને રૂસણે ફલાણા ભાભીજી પધાર્યાં મારા રાજ
બીજેને રૂસણે તારાબેન પધાર્યાં મારા રાજ
તીજેને રૂસણે ફલાણા ભાભીજી પધાર્યાં મારા રાજ
ઊઠો મોટાનાં વહુવારૂ મોટા ઘર આપણાંરે મારા રાજ

તમારાંને દીએર હજારી તેણે તમાચો મારીઓ મારા રાજ
ચોથને રૂસણે સ્વામીજી પધાર્યા મારા રાજ
હાથમાં ભેવડ રાસ, સડાસડ ઉતર્યો મારા રાજ
હું તમારા ઘરની ગુલામ હવે ન જાઉં રૂસણેરે મારા રાજ
હું તમારા પગની પેંજાર હવે ન જાઉં રૂસણેરે મારા રાજ

---

(૧૩૦)

બના લંકાગઢ વહાણુ પુરાવો રાયજાદા હો રંગ લીધો છે.
બના ત્યાંથી સોના અણાવો રાયજાદા હો રંગ લીધો છે.
હાથીની અલુસે, દીવાની ઝલુસે,
ઘોડાને ઘમકે, વીછુડાને ચમકે લઈ આવો રાયજાદા
રંગ લીધો છે.
બના જીઆવરની પોંચીઓ ઘડાવો રાયજાદા રંગ લીધો છે.
(ઉપર મુજબ ચાર દેશના નામ દઈ ફેરવીને ગાવું.)

---

(૧૩૧)

તમે એકવાર લંકા જાઓ, ત્યાં થકી સોના લઈ આવજોરે
રાયસીંગ મુજરો લો ઝીણી નથનો
એની નથને ઝાઝાં મોતી, એ તો અવળે ઘુમટડે જોતીરે
રાયસીંગ મુજરો

એની નથને ઝાઝા ખાપ, એ તો લાવ્યા લાડેકડીના બાપરે
રાયસીંગ મુજરો
એની નથને ઝાઝા હીરા એ તો લાવ્યા લાડેકડીના વીરા
રાયસીંગ મુજરો
એની નથને ઝાઝા આંબા એ તો લાવ્યા લાડેકડીના મામારે
રાયસીંગ મુજરો

---

(૧૩૨)

હાંરે બનાજી તમે શાનારે ભોગી
હાંરે બનાજી અમે દાતણના ભોગી
ફૂલાણા ભાઇ દાતણીયા તોરી
સાથ ચલાઊંરે બનડા ઉભા તે રહોની
હાંરે બનાજી તમે શાનારે ભોગી
હાંરે બનાજી તમે ગાનારે ભોગી
હાંરે બનાજી અમે મરદનના ભોગી
ફૂલાણા ભાઇ મરદનીયા તોરી
સાથ ચલાઊંરે બનડા ઉભા તે રહોની

---

(૧૩૩)

મુલતાનથી ઘોડીરે આવી, મુલતાનના વાજીંત્ર લાવી
ઘોડી ચાલે ત્યાં કંકુના પગલાં, ઘોડી રણુહણે મોતીના ઢગલા

કયા ભાઇ તે લાખ કમાય, કઇ વહુને હરખ નહિ માય
કયા ભાઇ તે એણી ને ગેણી, કઇ વહુને સોનાની ગેણી
કયા ભાઈ તે ગામના મેતા, કઈ વહુના વાંકા તે સેંતા
કયા ભાઇ તે મેતાને મુનસી, કઇ વહુને બેસવાને ખુરશી
કયા ભાઇ તે લાલ પાઘડીએ, કઇ વહુ કોસુંબા ઘાટડીએ
કઇ બેનને પેરણુ સાળુ, કઈ બેન તે રીસનું ઝાળું
કઇ ભાઈ તે આણી ને દાણી, કઇ વહુ તે ઘરનાં ધણીયાણી
(ઉપર મુજબ નામ ઘઇને ગાવું.)

---

(૧૩૪)

કાસી દેશની ઘોડીરે, વાસો વણારસીમાં વસીઆરે
બાંધી છે ખાંડરે, ગયાના રાજારે તમે ગદાધરરે
તેણુ રાયે ઘોડી મોકલાવીરે, ઘોડી આવી કયા ભાઇને કાજેરે
ઘોડી તારા રાતેરા પાવરે, ઘોડી લાવ્યા કઇ વહુના નાવરે
ઘોડી તારા રાતેરા દંતરે, ઘોડી લાવ્યા કઇ વહુના કંથરે
ઘોડી મખી આળડે હીરારે, ઘોડી લાવ્યા જીયાવરના વીરારે
ઘોડી મખી આળડે ખાપરે, ઘોડી લાવ્યા જીયાવરના બાપરે
ઘોડી મખી આળડે સાંકારે, ઘોડી લાવ્યા જીયાવરના કાકારે
ઘોડી મખી આળડે આંબારે, ઘોડી લાવ્યા જીયાવર મામારે
ઘોડી તારા રાતેરા વાનરે, ઘોડીએ ચઢે ગોકળી કાનરે

---

(૧૩૫)

ગાડીમાં બેસી આવજોરે કુસુમાવતી બેન
આવજોરે કુસુમાવતી બેન દેવા બેનોને દાનરે
મોટરમાં બેસી આવજોરે હરીપ્રસાદ ભાઇ
આંવજોરે હરીપ્રસાદ ભાઇ દેવા બેનોને દાનરે
વેલમાં બેસી આવજોરે નાની કાકી
આવજોરે નાની કાકી દેવા ભત્રીજીના દાનરે
સુખપાલમાં બેસી આવજોરે કમળા કાકી
આવજોરે કમળા કાકી દેવા ભત્રીજીના દાનરે

---

(૧૩૬)

કઇ બેન તે વરના વખાણુ કરે એનો વર છે કુંભાર,
તંબોળીડોરે રંગ રાતો છે.
હાલ્લાં તે ઘડતાં નહિ આવડે, ચાકનો વાળ્યો છે ડાટ
તંબોળીડોરે રંગ રાતો છે.
કઈ બેન વરના વખાણુ કરે, એનો વર છે હજામ,
તંબોળીડોરે રંગ રાતો છે.
હજામત કરતાં નહીં આવડે, અસ્તરાનો વાળ્યો છે ડાટ
તંબોળીડા રંગ રાતો છે
કઇ બેન વરના વખાણુ કરે, એનો વર છે ભઠીઆરો,
તંબોળીડા રંગ રાતો છે.

રસોઇ તે કરતાં નહીં આવડે, ચુલાનો વાળ્યો છે ડાટ
તંબોળીડા રંગ રાતો છે
કઇ બેન વરના વખાણ કરે, એનો વર છે તંબોળી,
તંબોળીડા રંગ રાતો છે
બીડાં તે વાળતાં નહીં આવડે, કાથા ચુનાનો વાળ્યો છે ડાટ
તંબોળીડા રંગ રાતો છે

---

(૧૩૭)

બનડાજીરે દીલ્લીને દરવાજે નોબત વાગે છે
સુતી સાહેલી સહુ જાગેરે, રાજ સાહેલીનો બનડો
બનડાજીરે લંકાગઢ વહાણ પુરાવો
બનડાજીરે ત્યાં થકી સોના અણાવો, રાજ સાહેલીનો બનડો
બનડાજીરે જીયાવર ગુલાબનો ગોટોરે
બનડાજીરે બનડી બરાનપુરી છોગોરે, રાજ સાહેલીનો બનડો

---

(૧૩૮)

પહેલે ઝુમખડે મોરી રન્નાદેવ, બીજાનોસરોરે સોરંભ રન્નાદેવ
જાઊં લગી માળીડા હાટ રન્નાદેવ, લાવું લાવું ચોસેરા બે
ચાર રન્નાદેવ
દેરાણી રાંદેલને કાજ રન્નાદેવ, રાંદેલ સાચા દેવ રન્નાદેવ
બીજે ઝુમખડે મોરી રન્નાદેવ, ચોથાનો સરોરે સોરંભ રન્નાદેવ

જાઊં લગી ડોસીડા હાટ રન્નાદેવ, લાવું લાવું ચુંદડી બે
ચાર રન્નાદેવ
દેરાણી રાંદેલને કાજ રન્નાદેવ, રાંદેલ સાચા દેવ રન્નાદેવ

---

(૧૩૯)

હાંજી ટુંક ટોડાનીરે માળેણુ, માળેણુ આવો હમારે ઘેર
માળેણુ રાજા રામની
માળેણુ આવોને બેસોને ઓટલે, માળેણુ કરોને મોગરડાના
મુલ માળેણુ રાજા રામની
હાંરે ભાખો હમારો મોગરો, અધલાખ મોગરડાના મુલ,
માળેણુ રાજા રામની

માળેણુ એક સેરોને બે સેરોને ચોસેરો
માળેણુ નવસેરો ગુંથી લાવ માળેણુ રાજા રામની
માળેણુ ફલાણી વહુ પોઢે ઢાલીએ.
માળેણુ તું પોઢ ઢાલીઆ હેઠ માળેણુ રાજા રામની
માળેણુ ફલાણી વહુ રાંધેરે લાપસી
માળેણુ રમી જમી ઘેર જાઓ, માળેણુ રાજા રામની
માળેણુ ફલાણાભાઈ વણાવે સાડીઓ,
માળેણુ ઓઢી પહેરી ઘેર જાઓ માળેણુ રાજા રામની
માળેણુ ફલાણાભાઈ મઢાવેરે ચુડલા
માળેણુ બાંહ દેખાડતાં જાઓ, માળેણુ રાજા રામની

માળેણુ ફુલાણુભાઇ આપેરે બીડલાં
માળેણુ રંગે રસે ઘેર જાઓ માળેણુ રાજા રામની

---

(૧૪૦)

રોજનગર ગામરે કનકસેન ધામરે પરદેશી પંખીડો સંચર્યો
લાડણી સાંભળતાંરે મનડાંને મળતાંરે મધુર વચન મુખે ઉચર્યો
રતનપુર ગામરે, જનકસીંહ નામરે, તેનો કુંવર છે કોડામણો
જોઈ તેનું રુપરે, મ્હોટા મ્હોટા ભુપરે, વખાણે એવો રૂપાળો ઘણો
ચૌદવિદ્યામાંરે, સકળ કળામાંરે, કુંવર પ્રવીણુતા બહુધરે,
પુન્ય હસે પુરૂંરે, નહીં હોય અધુરૂંરે, એવી કન્યા એને પરણુસે
સુણી એવા બોલરે, હરખી અતોલરે, લાજ તજી બોલી લાડણી
વીરા તારા વેણુરે, સુણ્યા સુખ દેણુરે, મારા સનમાં મોહ લાગીયો
જહાં રતનપુર ગામરે, કર મારૂં કામરે, જયાં વસે સાહેબો
સુહાગીઓ
ત્યાં જઇ કહેજેરે નામ મારૂં લેજેરે, મળવાને ઇચ્છે ઘણું.
કાંઇ બ્હાને આવોરે, મારે મન ભાવોરે, મુખડું નીહાળુંજી
હું તમ તણું
વદી એવી વાણીરે, અતિ પ્રેમ આણીરે, વનીતાએ પંખી વળાવીઆં
ઊડી આકાસમાંરે આવી કુંવર પાસેરે, સુભ સમાચાર સંભળાવીઆ

સુણો ધરી પ્રેમરે, કહ્યાવ્યું છે તમનેરે, મળવાને આતુર ઘણીછુંરે,

---

(૧૪૧)

જીરે સરસ્વતીને વીનવું,
જીરે ગણપત લાગવું પાય, લવેંગી ઘોડી જવચરે
ઊંઠો ગોરારે ઊઠો શામળા

વીરા ઘોડીના થાવો અસ્વારરે, લવેંગી ઘોડી જવચરે.
વીરા ત્યાંથી તે ઘોડી ચાલતી
ઘોડી જઇ ઉભી ગોપીપરે ઠેઠ, લવેંગી ઘોડી જવચરે
તમે ઊઠો ગોરારે ઊઠો પાતળા
બેન સજોને સોળ શણગાર, લવેંગી ઘોડી જવચરે
લમારા બાપે તે પઅરણુ માંડીયાં.
તમારી માડીએ તેડયાં મોકલ્યાં, લવેંગી ઘોડી જવચરે
વીરા હું કેમ આવીશ એકલી,
મારે ઇશ્વર સરખા ભરથાર, લવેંગી ઘોડી જવચરે
તમારા ઈશ્વરને બેસવા ઘોડલા
બેન તમને ઘુઘરીવાળી વેલ, લવેંગી ઘોડી જવચરે.

---

(૧૪૨)

પહેલો વધાવો મારે આવીઓ,
મેં તો મોકલ્યો લંકાને દરબાર, વધાવો મારે આવીઓ
લંકા ગઢ સોનારે નીપજે, ત્યાં થકી સોના મંગાવીએ
તેનારે સાંકળાં ઘડાવીએ, તે સાંકળાં કઇ વહુને હાથ
વધાવો મારે આવીઓ
કઈ વહુ મોટાંરે ભાગ્ય તમતણાં, તમારેને સાંકળાવાળા
રાયરે વધાવો મારે આવીઓ
મોટાં ભાગ્યરે મારા સાસુનાં, જેણે જાયા સાંકળાંવાળા
રાયે વધાવો મારે આવીઓ
(ઉપર મુજબ બંગડી વીંટી વગેરે નામ દઇ ગાવું.)

---

(૧૪૩)

સાતસો સાંઢણી સણુગારોરે, નીરો તેને નાગરવેલનો ચારોરે
કાગળ કંકોતરીના લખાવોરે સોનેરી વરખથી તે શોભાવોરે
સનેહી સગાંને તેડવાને કાજેરે, એક એક સાંઢણી મોકલો આજેરે
પહેલી તો સાંઢણી મુંબઈ જાયરે, બેન ઉષાદેવીને તેડાં કરાયરે
બેનીતો પગરણમાં પહેલાં જોઈએરે, બેનીનું કામ ન સરે કોઈએરે
બીજીતો મોકલો પાટણ ગામરે, ફોઇબા સાવિત્રીને તેડાવા કામરે
ત્રીજીતો સાંઢણી કરી તૈયારરે, મોકલો મથુરાનગરી મોઝારરે.

કાકા ચંદ્રસેનને તેડી આવેરે, કાકી આવી કુટુંબ શોભાવેરે
ચોથી સાંઢણી ચતુર સુજાણુરે, મોકલો સુરત શહેર પ્રમાણુરે
મામા રાસબિહારીને ત્યાં સોહાવે રે, મામા મોસાળાં લઈ આવેરે
પાંચમી સાંઢણી પચરંગીરે, જાય ઊદેપુરમાં તે ઊમંગીરે
માસી કુસુમને તેડવા માટેરે, વેગેથી મોકલો વેગળી વાટેરે
સકુટુંબ સહુને તેડી આવેરે, સહુ આવી માંડવડો શોભાવેરે
યાદ લખો બેસી આ ઠામરે, સ્નેહી સગાંનું ન ભુલશો નામરે
સ્નેહથી સર્વને તેડાવોરે, આજ ઊત્તમ અવસર આવોરે
ગોર ગોરાણી તેડાવો આ ઠામરે, દ્વીજવર જોશે શ્રી ઇશ્વર રામરે

---

(૧૪૪)

કોઇએ શ્રી કૃષ્ણુ રમતેલા દીઠારે, જઇને ફુલવાડીમાં પેઠારે
મોગરડો મરડીને લીધોરે, ચંપેલી તે ચુંટીને લીધીરે
સાહેલી તે સુંઘીને લીધીરે, એટલે આવ્યાં માળેણુ રાણીરે
પેલા કૃષ્ણુને બાંધ્યાં તાણીરે, એટલે આવ્યાં જસોદા માડીરે
ના મારીસ માળેણુ રાણીરે, તમને આપીશ નવરંગ સાડીરે

---

(૧૪૫)

નાગર પીઠી.

ત્યાંતો શુકદેવજી કરે વિચાર, તમે સાંભળો પરિક્ષતરાયરે
મારી પુત્રી તને શું થાય બાળા તું કેમ રૂવેરે
સર્વે સખીઓ મળી સો સંગરે, રૂક્ષમણીએ કર્યો પ્રપંચરે

વરૂં તો વાસુદેવનંદન, નહીતર મારી દેહ તજુંરે
મેં તો સૈયરમાં પાડી હોડરે પાર્વતીને નમું કરજોડરે
મને પુજતાં નહીં આવે કોડકે ઊમીઆ રૂઠયાંરે
મેં તો ધાવતાં વછોડયાં બાળકે, જુઠાં ચડાવ્યાં આળરે
કોઇને જુઠી દીધી ગાળ કે તે પાપ મને નડયાંરે
મેં તો ફોડી સરોવરની પાળકે, મેં તો મોડી આંબલીયાની ડાળરે
કોઇની જુઠી પુરી હશે શાખકે, તે પાપ મને નડયાંરે
મારાં પુર્વ જન્મનાં પાપરે, મારી અબળાને બંધુ ભ્રાતરે
મારી માએ શાને કર્યો ત્યાગકે, વિધાતાએ શું લખ્યુંરે
રૂક્ષમણીએ તેડાવ્યા વિપ્રકે, તમે જાઓ દ્વારકા શ્રી કૃષ્ણરે
મારૂં કારજ કરજો સિધ્ધ, વહેલા પધારજોરે

ભટ વિપ્ર કર્યા વિદાયરે, વાટે શુકન સારા થાયરે, હરિહરિઉચરે
સુકન મળી સ્વચ્છી ગાયરે, સોહાસેણ બેડું ભરી જાયરે
વિપ્ર વેદ ભણી ઘેર જાયરે, હરિહરિ ઉચરેરે

આરસીયો તે વાડીમાં સુતોરે, જાગ્યો જઇ દ્વારીકા પોચ્યોરેહરિહરિ
કોણ્જી બ્રાહ્મણ કોણ આવ્યા, કાગળીયા તે શાના લાવ્યાંરે
હરિહરિ

પહેલાં બ્રાહ્મણ આસન દીજે, પછી વાત વિચારી દીજે, હરિહરિ
પહેલાં બ્રાહ્મણ જળલોટા દીજે, પછી કાગળ વાંચીને લીજે હરિહરિ
પહેલાં બ્રાહ્મણ ભોજન દીજે, પછી વાતની ગોઠડી કીજે, હરિહરિ
પહેલાં બ્રાહ્મણ મુખવાસદીજે, પછી સારી શીખામણ લીજે હરિહરિ

મોકલ્યો તમારી કન્યાએરે રૂકમૈયો કરેછે અન્યાયરે હરિહરિ
શિશુપાળ આવ્યો લઇ જાશે, દેશદેશમાં વારતા થાશે, હરિહરિ
સ્વામી ગરૂડ પલાણીને આવો, જાદવની સેના સાથે લાવો હરિહરિ
ડેરા દીધાજી અંબિકા ઓડે, રૂક્ષમણી ગોખ ચઢીને જુએ હરિહરિ
રૂક્ષમણી ગોખ ચઢી ચઢી જુએ રામ કૃષ્ણ કરીનેરે રૂએ હરિહરિ
ચારે દિશા થઇ અજવાળીરે, મારે કયાં ગઇ દિવાળીરે, હરિહરિ
એટલે આવ્યાં જનની ભ્રાતરે, કયાં રૂઓરે નાનાં બાળરે
પીડી પેઠીજી આંખની માંહે કે, મા મને ખરખરેરે હરિહરિ
અંગેથી ઊતારીરે ચોળી, ચુડી કાંકણ નાંખ્યાંરે મોડી હરિહરિ
એટલે હરિભટ દીઠારે દુર, હૈયામાં તે સાગરપુર, હરિહરિ
એટલે હરીભઠ દીઠારે શેરી, મેંતો પુલડાં નાંખ્યાંછે વેરી હરિહરિ
જેવી વીપ્રે વધામણી માગી, રાણી રૂક્ષમણી મનમાંરે લાજી હરિહરિ
જેવી વીપ્રે વધામણી લીધી રાણી રૂક્ષમણી રળીઆત કીધી
હરિહરિ
એક હાર હતો અમૂલ્યરે, તેનું ત્રિલોકમાં નહીં મૂલ્યરે
તે હાર વીપ્રને આપીયોરે હરિહરિ.

---

(૧૪૬)

કંકોતરી.

કંકું છાંટી કંકોતરી મોકલે, કોડે કહાવે સુભદ્રા બેન
વીરારે વહેલા આવજો

દેવ દુંદાળાને લાવજો, એ છે પારવતીના પુત્ર
વીરારે વહેલા આવજો

શ્રી કૃષ્ણ બળદેવ બે બાંધવા, પવિત્ર પીતા વાસુદેવ
વીરારે વહેલા આવજો

પાંચ પાંડવ દાસ છે તમતણા, હરનીસ જપે તમારૂં નામ
વીરારે વહેલા આવજો

જગત જનેતા દેવકીને રોહિણી, અંજણાં દેવી તમારૂં કામ
વીરારે વહેલા આવજો

ભત્રીજા ભલામન ભાવતા, તમ આવે થશે સુખચેન
વીરારે વહેલા આવજો

રાણી રૂક્ષમણીને રેવતી રોહિણી, સતભામાનેરે જાંબુવંતી
વીરારે વેહેલા આવજો.

ભીડ ભંજન મારી ભાભીઓ, સોળ સહસ્ર એકસોનેઆઠ
વીરારે વહેલા આવજો

કુંથ જેઠ દીએરીઆને કોડ ઘણી, ભાઇ ભવતારણ ભગવાન
વીરારે વહેલા આવજો

સાથે જાદવ સઘળા લાવજો, બીજી ઉત્તમ વરણ અનેક
વીરારે વહેલા આવજો

વાંચતા વિપ્રને બોલાવજો, બીજા સર્વ કુટુંબ પરીવાર
વીરારે વહેલા આવજો

થાડું લખ્યું ઘણું કરી વાંચજો, પ્રભુ નોધારાના આધાર
વીરારે વેહેલા આવજો
પ્રતી દ્રષ્ટેરે વેહેલા પધારજો, શેષ નાગન પામે પાર
વીરારે વેહેલા આવજો

———

(૧૪૭)

જીરે સરસ્વતી સ્વામીને વીનવું,
જીરે ગણુપત લાગું પાયરે મોટાનાં બેસણું
હમારા હરીપ્રસાદ સભામાં સીધાવીયા,
એને અંગ્રેજે આપ્યાં માન મોટાનાં બેસણું
એને બેસવા આપી છે ખુરશીઓ,
એને આપ્યાં હારને છે કલગી મોટાનાં બેસણાં
જીરે સરસ્વતી સ્વામીને વીનવું,
જીરે ગણુપત લાગુ પાયરે સત્યાગ્રહનાં બેસણું
ફુલાણુા વેવાઇ સભામાં આવીયા
એને ગાંધીજીએ નહીં આપ્યાં માન
સત્યાગ્રહનાં બેસણું
એને બેસણુ આપ્યો છે રેંટીયો
એને કાંતવા આપ્યું સુતર સત્યાગ્રહનાં બેસણું
એને ઠોકવા આપી છે થાળીઓ
એને પુંકવા આપ્યો છે શંખ સત્યાગ્રહનાં બેસણું

———

(૧૪૮)

કાચી ઇંટે બંગલા ચણાવોરે
સોના સળીએ બંગલા ચીતરાવોરે
રૂપા સળીએ બંગલા ધોળાવોરે
એ બંગલામાં કોણ કોણ સાજન બેઠારે
એ બંગલામાં ફલાણાભાઇ સાજન બેઠારે
બેઠા બેઠા જોસી તેડાવેરે
લાડવાઈનાં લગ્ન જોવડાવેરે
(ઉપર મુજબ ફેરવીને ગાવું)

---

(૧૪૯)

જીરે સરસ્વતી સ્વામીને વીનવું, જીરે ગણપત લાગવું પાય
જીયાવર ગોકુળ જાજો પરણવારે
ઊંચીને નહીં પરણતારે, ઊંચી તો ઊંટ કહેવાય.
જીયાવર ગોકુળ જાજો પરણવારે
ઠીંગણીને નહીં પરણતારે, ઠીંગણી ઠેસમાં જાય
જીયાવર ગોકુળ જાજો પરણવારે
કાળીને નહીં પરણતારે, કાળી કુટુંબ લજાવેરે
જીયાવર ગોકુળ જાજો પરણવારે
ગોરીને નહીં પરણતારે, ગોરી ગુમાનમાં જાય
જીયાવર ગોકુળ જાજો પરણવારે

સામળીને તમે પરણુજોરે, સામળીને સોનાં શોભેરે
જીયાવર ગોકુળ જાજો પરણુવારે

---

(૧૫૦)

આાજ કુંવર ઘેર સાહેળો, જોસી બોલ ન બોલ
વેગે લગ્ન સુરત લઇ આવો, વધાવો મારે આવીઓ
વધાવો મારી અંગુઠી કોમુલ, ગુલાબીકો ફુલ
ચંપેલીકો હાર વધાવો મારે આવીઓ.
આાજ કુંવર ઘેર સોહેળો ડોસી બોલન બોલ
વેગે પાનેતર ઘાટડી લઇ આવો, વધાવો મારે આવીઓ
આાજ કુંવર ઘેર સોહેળો, સોની બોલન બોલ
વેગે ચુડી ગાંઠી લઇ આવો, વધાવો મારે આવીઓ.

---

(૧૫૧)

હમારે ઘેર હસ્તી ઝુલે નાર કુંજર ડોલેરે
સુણીઓરે જોસીડાકા બેટા કહ્યા હમારાં કરજેરે
લગ્નભી લાઇઓ, લગ્ન પત્રીકાભી લાઇયો.
ઓર સારા મુહુર્તભી લાઇઓરે
સુણીઓરે ડોસીડાકા બેટા, કહયા હમારાં કરજેરે
બોટીઆં ભી લાઇઓ ને સાવલાભી લાઇઓ.
ઓર સારી ઘાટડી લાઇઓરે

પહેરશેરે મારો અજબ લાડકડો, હૈયા હમારાં ઠરશેરે
સુણીઓરે સુખડીયાકા બેટા, કહ્યા હમારાં કરજેરે
પેંડાબી લાઇઓ, ઓર બરફીબી લાઇઓ.
ઓર સારા કોપરાપાક બી લાઇઓરે
ખાશેરે મારો અજબ લાડકડો, હૈયાં અમારાં ઠરશેરે
સુણીઓરે પસ્તાગીઆકા બેટા, કહ્યાં વેવણના કરજેરે
કાંદાબી લાઇઓ ને લસણબી લાઇઓ.
ઓર સારા ગાજરબી લાઇઓરે
ખાસેરે એની અજબ લાડકડી, હૈયાં વેવણનાં ઠરસેરે

---

(૧૫૨)

લંકા ગઢ પર વસે છે સોનીડારે, ઘડજે ઘડજે લાડકડાની પોંચીરે
પોંચી ઉપર રચીઆ હીરારે, પોંચી લાવ્યા લાડકડાના વીરારે
બાજુ બંધનરે, બાજુ બંધન સરખી પોંચીરે.
પોંચી અજબ લાડકડાને સોહીએરે પોંચો દેખી ભાભીનાં
મન મોહીએરે
હડમછ ગઢ પર વસેછે ઝવેરીરે જડજે જડજે લાડકડાની પોંચીરે
એની પોંચીએ ઝાઝા આંબારે પોંચી લાવ્યા લાડકડાના મામારે
બાજુ બંનધરે, બાજુ બંધન સરખી પોંચીરે
પોંચી અજબ લાડકડાને સોહીએરે, પોંચી દેખી મામીના મન
મોહીએરે

સીંગડ ગઢ પર વસે છે ઝવેરીરે, પોજે પોજે લાડકડાની પોંચીરે
પોચી ઉપર રચીયા ખાપરે, પોંચી લાવ્યા લાડકડાના બાપરે
બાજુ બંધનરે, બાજુ બંધન સરખી પોંચીરે
પોંચી અજબ લાડકડાને સોહીએરે, પોંચી દેખી માડીનાં મન
મોહીએરે
પાટણ ગટ પર વસે છે પટવારે, ગાંઠજે ગાંઠજે લાડકડાની પોંચીરે
પોંચી ઉપર રચીઆ સાંકારે પોંચી લાવ્યા લાડકડાના કાકારે.
બાજુ બંધનરે, બાજુ બંધન સરખી પોંચીરે
પોંચી અજબ લાડકડાને સોહીએરે, પોંચી દેખી કાકીનાં મન
મોહીએરે
પોંચી ઉપર ઝાંઝાં મોતીરે, પોંચી લાવ્યા લાડકડાના માસીરે

---

(૧૫૩)

લંકા ગઢ વહાણ પુરાવ બનડા, ત્યાં થકી સોના બીલાવ બનડા
સોનીકી ગલીઓં મેં ચાલ બનડા બનડી કુંઝાલ ઘડાવ બનડા
સોનીડાકી બેટી સોના કેરી પેટી, બેઠી હીંડોળા ખાટ બનડા
હાથમાં ઝારી રૂમાલ બનડા.
હડમછ ગઢ વહાણ પુરાવ બનડા, ત્યાં થકી હીરા લાવ બનડા
જડીઆ કીગલીઓ મેં ચાલ બનડા, બનડી કુંઝાલ ઘડાવ બનડા
સોનીડાકી બેટી, હીરા કેરી પેટી, બેઠી હીંડોળા ખાટ બનડા
હાથમાં ઝારી રૂમાલ બનડા.

સીંગડ ગઢ વહાણુ પુરાવ બનડા, ત્યાં થકી મોતી લાવ બનડા
ઝવેરી કીગલીઓં મેં ચાલ બનડા બનડીકી ઝાલ પોવાડ બનડા
ઝવેરીકી બેટી, મોતી કેરી પેટી, બેઠી હીંડોળા ખાટ બનડા
હાથમાં ઝારી રૂમાલ બનડા.

---

(૧૫૪)

ભમરા પેહેલો વધાવોરે મારે આવીઓ
મે તો મોકલ્યો મારા દાદાને દરબારરે
વાડીના ભમરા દરાખ મીઠીરે ચાંપાનેરની
મારા દાદાએ હરખે વધાવીઓ
મારી દાદીએ ઝાલ્યા પાલવ છેડારે.
(ઉપર મુજબ કાકા તથા મામાને ગાવું)

---

(૧૫૫)

નગર ભલાં રે તાંબાવટી, કેળ બીજોરાંની વાડીરે
વાસુદેવે દેવકીજીને મોકલ્યાં, જાઓ ગોરી ગણેસ વધાવારે
ગણેસ વધાવી પાછાં વાળ્યાં, કહો ગોરી નગરની રીતરે
એની નગરે કોણુ કોણુ રાજીયા, કયા માણુસની વરતે છે આણુરે
એની નગરે શ્રી કૃષ્ણુ રાજીયા, બળ ભદ્રની વરતે છે આણુરે
નાગફેણીરે અંબોલડા, નવ ગ્રહે રચીયા છે ખાપરે.
એની નગરે શ્રીકૃષ્ણુ રાજીયા, વાસુદેવ તે શ્રીકૃષ્ણુના બાપ

નાગેફેણીરે અંબોલડા, નવગ્રહે રચીયા છે હીરારે.
એની નગરે શ્રી કૃષ્ણરાજીયા, બળભદ્ર તે શ્રીકૃષ્ણના વીરારે
નાગેફેણીરે અંબોલડા, નવગ્રહે રચાંઆ છે પાડીરે
એની નગરે શ્રીકૃષ્ણ રાજીયા, દેવકીજી તે શ્રીકૃષ્ણની માડીરે
નાગફેણીરે અંબોડલા, નવ ગ્રહે રચી છે ફેણુરે
એની નગરે શ્રીકૃષ્ણ રાજીયા, સુભદ્રા તે શ્રીકૃષ્ણની બેનરે
(ઉપર મુજબ ઘરના નામ દઇને ગાવું.)

---

(૧૫૬)

આવા રૂડા સુરત શેહેરમાં રંગ રોળારે
રૂડા વલ્લભલાલના આવાસ કે ઠાકોર મોરારે
વલ્લભલાલ તે કાગળ લખી મોકલે, રંગ રોળારે
તમે નાનુભાઈ વહેલેરા આવો કે ઠાકોર મોરારે
હું નથી પરવારતો, રંગ રોળારે
આપણે ઘેર લાડેકડાના લગ્ન કે ઠાકોર મોરારે
(ઉપર મુજબ વધારીને નામ દઈને ગાવું.)

---

(૧૫૭)

કે લંકા સીધાવજો બનડા, કે સોનાબી લાવજો બનડા
કે હાર ઘડાવજો બનડા કે બનડીકે કારણે બનડા
ઓ બનડાજી ઓ રસીયાજી આછો રંગ લાવજો બનડા

ઘેરો રંગ લાવજો બનડા, ગુલાબી રંગ લાવજો બનડા
કે સીંઝડગઢ સીધાવજો બનડા, કે મોતીબી લાવજો બનડા
કે ઝાલો ઘડાવજો બનડા, કે બનડીકે કારણે બનડા
ઓ બનડાજી ઓ રસીયાજી, આછો રંગ લાવજો બનડા
ઘેરો રંગ લાવજો બનડા, ગુલાબી રંગ લાવજો બનડા
કે હડમછગઢ સીધાવજો બનડા, કે હીરા બી લાવજો બનડા
ઝાલો જડાવજો બનડા, કે બનડી કે કારણે બનડા
ઓ બનડાજી ઓ રસીયાજી, આછો રંગ લાવજો બનડા
ઘેરો રંગ લાવજો બનડા, ગુલાબી રંગ લાવજો બનડા
કે પાટણ ગઢ સીધાવજો બનડા, કે રેશમ બી લાવજો બનડા
કે ઝાલો પોવડાવજો બનડા, કે બનડી કે કારણે બનડા
ઓ બનડાજી ઓ રસીયાજી, આછો રંગ લાવજો બનડા
ઘેરો રંગ લાવજો બનડા, ગુલાબી રંગ લાવજો બનડા

---

(૧૫૮)

આવી રૂડી સરોવરની પાળ, આંબલીઆની ડાળ
લવંગ ઝુમે ઝુમખે મારા રાજ
વેડનારા અડારે ચતુર, કીયા વહુના સાહેબા મારા રાજ
કાચાં લવેંગના વેડો, એ કઇ પેરે પાકસે મારા રાજ
આવી રૂડી સરોવરની પાળ, આંબલીઆની ડાળ
નાળીએર ઝુમે ઝુમખે મારા રાજ

વેડનારા બડાંરે ચતુર, કીયા વહુના સાહેબા મારા રાજ
કાચાં નાળીએરના વેડો, એ કઇ પેરે પાકસે મારા રાજ

---

(૧૫૯)

કાશી વિશ્વનાથે સોરંગી ઘોડી મોકલી
માતા અન્નપુર્ણાએ મોકલ્યા શણગાર. સોરંગી ઘોડી જવ ચરે
પાસે પાસે મારા સુરજનો અસ્વાર, સોરંગી ઘોડી જવ ચરે
પછવાડે તે મામા શોભતારે
મામા કયા ભાઇએ સોરંગી ઘોડી મોકલી
મામી કયા વહુએ મોકલ્યા સણગાર. સોરંગી ઘોડી જવ ચરે

---

(૧૬૦)

સરસ્વતી સ્વામીને વીનવું, ગણપત લાગવું પાય કે
પનોતી પાનેતર કયાં હવારે
જીરે ડોશીડા વીરા વીનવું, જીરે સારાં સારાં પાનેતર લઇ આવજો
પનોતી પાનેતર કયાં હવારે
ભાઈરે રંગારા વીરા વીનવું, સારાં સારાં પાનેતર રંગી લાવજે
પનોતી પાનેતર કયાં હવારે
કયા માણુસે મુલવ્યાંને સાઠવ્યાંરે, કયા માણુસે ખરચ્યાછે દ્રવ્યતો
પનોતી પાનેતર કયાં હવારે

ઓઢી પેહેરી લાડવાઇ સંચર્યાંરે, પુછે છે નગરીના લોક તો
પનોતી પાનેતર કયાં હતા

---

(૧૬૧)

પંચવદની પંચ ડહ્યાણી, પંચ દેશથી ઘોડી આવીરે
ઘોડી સોનાની સાંકળે બંધાઇ, ઘોડી રૂપાના ખીલડે હંકાઇ
હવે ગાઓરે ઓદિચની ન્યાત, એની ન્યાતમાં મધમધશાત
એનાં છોકરાંરે ઊંવી જાય, એની બૈરીએ। ડોલ્લાં ખાયરે
એની નાતમા આંધળાની લડાઇ થાય એના માટીડા લડવા જાય
એની નાતમાં ખમીસ પેહેરીને જાય તેના ખમીસ ઉતરાય
એવી એવી ઓદીચની નાત હવે ગાઓને ભાઠેલાની ન્યાત
ભલા ભાઠેલા ભથરોટ એવા ભાઠેલા ભોટ
કડાં પહેરીને જાનમાં જાય, પણ કોડી એક ન કમાય
ખાલી ઠકરાઈને હાથમાં છાણું મોટી વહુ છનાં ન કરે આણું
એવી ભાઠેલાની નાત, હવે ગાઓરે નાગરની ન્યાત
એની ગોત્રેજ ઢેડાની કહેવાયે, સાવરણીને સુપડું મુકાયે
એના હાથમાં પાનની કોળી, વાહણું વાંએને મેયર દોડી
એને પલ્લે ભરાઇરે પેટી, એવી એવી નાગરનીરે બેટી
એવી નાગરનીરે નાત હવે ગાઓરે વાણીઆની ન્યાત
વાણીઆ ઓછું ઓછું તોળે એનાં બૈરાં છોકરાં તોતડું બોલે
એને હજાર બારસેના પલ્લાં, વાણીએણનાં નસકોરાં વલ્લાં

એવી વાણીઆની નાત હવે ગાઓરે કાયચની ન્યાત
ભલા કાયચ મહેતા કહેવાયે, દસ વાગે અદાલત જાયે
એના લગ્નમાં રીતભાત થાય, વહુ છોકરીને ગોર તેડવા જાય
એવી એ કાયચની ન્યાત, હવે ગાઓ સોનીની ન્યાત
સોની વાલમાંથી રતી ન મુકે, સગી બેન ભાણેજ ન મુકે
એવી સોનીનીરે નાત, હવે ગાઓરે સણવાઇની ન્યાત
સણવાઈ પહેરે સોળ હાથની સાડી તોયે અડધી જાંગ ઉઘાડી
એનાં છોકરાં બોખડું બોલે, એનાં બૈરાં માથે નહીં ઓઢે
એવીએ સણવાઇની ન્યાત
લાડ, મોડને ત્રીજા મેવાડા, એ ત્રણ ન્યાતમાં થાય એઠવાડા

(૧૬૨)

મેં તો હરખે ચાંપલીઓ રોપાવીઓરે
મ્હારો ઉછેરતાં ભવ જાય,
ફુલડાં વેળાએ માળી લઇ ગયારે
મેં તો હરખેને લાડવાઇ મોટાં કર્યાંરે
મ્હારો ઊછેરતાં ભવ જાય,
કામની વેળાએ જમાઈ લઇ ગયારે
મેં તો હરખેને જીયાવર મોટા કર્યાંરે
મ્હારો ઊછેરતાં ભવજાય,
કમાઇ વેળાએ વહુએ વસ કર્યાંરે

(૧૬૩)

કુંવર સોડ વાળી વાળી સુએરે, બોલાવ્યા બોલે નહિ
કુંવર ચંદ્રમા ચુંટી ચુંટી માંગેરે, ચંદ્રમા ઘણે વેગળે
કુંવર ચંદ્રમા ચંદ્રમા શું કરો
કુંવર ચંદ્રમા તમારા બાપ, તેઓ તમને મનાવશે.
કુંવર નક્ષત્ર ચુંટી ચુંટી માગેરે, નક્ષત્ર ઘણે વેગળે
કુંવર નક્ષત્ર નક્ષત્ર શું કરો
કુંવર નક્ષત્ર સરખીરે માડી તેઓ તમને મનાવશે.

---

(૧૬૪)

ગોવિંદના ગુણ ગાવું સદારે, ગરૂવા ગુણ ભંડાર
દેવકી કુંવર દયા કરો, રહ્યા નંદ જસોદાને દ્વાર
શ્રી કૃષ્ણની ઘોડલી
ગોવિંદ ગોકુળમાં રમ્યારે બ્રીજનારીની સાથ
આહીરડામાં ઊછર્યાં, રહ્યા દ્વારકા વૈકુંઠ નાથ
શ્રી કૃષ્ણની ઘોડલી
સોળ સહસ્ત્ર સંગે રમ્યારે સામળીઓ સુકદેવ
ભીમક તનયા રૂક્ષમણી તેનો કરવો જન રક્ષ ઘેર સંગ
શ્રી કૃષ્ણની ઘોડલી
બાપે ને બહુ દળ મેળવ્યારે ભ્રાત કરે છે ભંગ
રૂક્ષમણી કાગળ મોકલે, વેલા આવજો બ્રહ્મ સ્વરૂપ
શ્રી કૃષ્ણની ઘોડલી

રાવણ રોળ્યો રણ વિષેરે જાનકીજીને કાજ
જઇ જીતો શિશુપાળને, આવેલાની રાખજો લાજ*
શ્રી કૃષ્ણની ઘોડલી

ત્રંબક ધનુષને સજ કરો, પ્રભુ રાખજો મુજને પાસ,
શ્રી કૃષ્ણની ઘોડલી

કાગળ લખ્યો કામનીરે, વિપ્ર ચલાવ્યો ખેપ
વાંચી જોજો વિઠલા મન આનંદ પામજો દેવ
શ્રી કૃષ્ણની ઘોડલી

શ્રી સ્વસ્તિ પુરી દ્વારકાંરે, વિઠ્ઠલ વૈકુંઠ નાથ
જનમો જનમ લગી તારૂણી, આવેલાની લાજ
શ્રી કૃષ્ણની ઘોડલી

વિપ્ર દ્વારકાં આવ્યારે જ્યાં છે હરિનું મંદીર
રાજ આસન થકી ઊઠીઆરે, આવ્યા વિપ્રની પાસ,
કહોજી કયાં થકી આવ્યા, કાગળ તે શાના લાવ્યા
શ્રી કૃષ્ણની ઘોડલી

વિદ્રુમનગરીનો રાજીયોરે ભીમક તેનું નામ
પુત્રી તણોરે વેવા માંડયો, તેનું રૂક્ષમણી એવું નામ
શ્રી કૃષ્ણની ઘોડલી

બાપે તે બહુ દળ મેળવ્યાંરે ભ્રાત કરેછે ભંગ
રૂક્ષમણીએરે અમને મોકલ્યા, વેલા આવજો બ્રહ્મસ્વરૂપ
શ્રી કૃષ્ણની ઘોડલી

રાજસભામાંથી ઊઠીઆરે, આવ્યા પોતાને ઘેર
વાસુદેવે તેડા કર્યાં મળ્યું જાદવ કુળનું સેન
શ્રી કૃષ્ણની ઘોડલી

જાદરણી જુગતે મળીરે જાદવ કુળની નાર
નમણે નવાડયા શ્રી કૃષ્ણને ત્યાં માનુની મંગળ ગાય
શ્રી કૃષ્ણની ઘોડલી

હસ્તિનાપુરથી તેડાવ્યારે પાંચેને પાંડવ
કુંતાજી ફોઈ સાથે આવ્યાં તેણે માંડયાં છે ગોત્રેજ માય
શ્રી કૃષ્ણની ઘોડલી

આદીતની ઘરૂણી મળ્યાંરે રાંદેલ માડયા જાગ
અપસરા આવે ઈંદ્રની શીવશંકર બ્રહ્માની નાર
શ્રી કૃષ્ણની ઘોડલી

તેલ કંચોળાંને આમળાંરે ઊસ્નોદક અતિસાર
નમણે નવડાવ્યા શ્રી કૃષ્ણને ત્યાં માનુની મંગળ ગાય
શ્રી કૃષ્ણની ઘોડલી

નાહી અંગોળીને ઊઠયારે, અંગુછે લોહ્યાં મુખ
પીળાં પીતાંબર પેરણે પેહેર્યા કેસરી વાઘાલાલ
શ્રી કૃષ્ણની ઘોડલી

(૧૬૫)

તુલસી વિવાહ.

હમારાં તુલસીને મહાદેવનાં માંગાં
મહાદેવના માંગાં દાદા પાછાંરે વાળો
એક જટાને જળાધારી, હો રામ તુલસી હરહર બ્રહ્મા.
તુલસી બાળ કુંવારાં.
હમારાં તુલસીને બ્રહ્માનાં માગાં
બ્રહ્માનાં માગાં દાદા પાછાંરે વાળો
બ્રહ્મા તો સૃષ્ટી નીપજાવે, હો રામ તુલસી૦
હમારાંરે તુલસીને ગણુપતિનાં માગાં
ગણુપતિનાં માગાં દાદા પાછાંરે વાળો
ડુંડ મોટી ને શુંઢ લાંબી, હો રામ તુલસી૦
હમારાંરે તુલશીને ચંદ્રમાનાં માગાં
ચંદ્રમાનાં માગાં દાદા પાછાંરે વાળો
કોર ખાંડી ને પાંપણુ મોટી, હો રામ તુલસી૦
હમારાંરે તુલસીને સૂર્યનાં માગાં
સૂર્યનાં માગાં દાદા પાછાંરે વાળો
સૂર્ય આકરો ને તાપ બહુ પડે, હો રામ તુલસી૦
હમારાંરે તુલસીને દરીઆનાં માગાં
દરીઆનાં માગાં દાદા પાછાંરે વાળો
દરીઓ તો ચોપાસ ભરીઓ, હો રામ તુલસી૦

હમારાંરે તુલસીને હરમાનનાં માગાં
હરમાનનાં માગાં દાદા પાછાંરે વાળો
તેલ ચઢે ને ચીર ચીગટાય, હો રામ તુલસી૦
હમારાંરે તુલસીને કૃષ્ણનાં માગાં
કૃષ્ણનાં માગાં દાદા માથે ચઢાવો
એક ઠાકોર ને બીજી ઠકરાઇ હો રામ તુલસી હસવારે લાગ્યાં

---

(૧૬૬)

રૂકમણી વિવાહ.

સરસ્વતિ સ્વામીને વીનવું, ગણપતિ ચરણે હું નમું;
શુધિ બુધિ અમને ભજીયે, રામનામ શું રંગે રમું.
એક રંગે રમે રંગ તાળ, જય દેવ જગદાધાર રે;
સ્વામી દીન જાણીને દયા આણી, તમને શું કહેવું અપારરે.
એક નગરીનો ભીમક રાજા, તેની કન્યા રૂકિમણી;
વારૂ તે વર જોઈ દીને, ચિંતા થઈ છે અતિઘણી.
રૂકમૈયોરે કહે છે તાતને. શિશુપાળ રૂકિમણી દીજીયે;
કોઇ એક વેવા કારજ હોયે, સગો સમર્થ કીજીયે.
રૂકિમણી કહે છે તાતને, શિશુપાળ વરને હું નહિ વરૂં;
જાદવ વંશી છે શ્રી કૃષ્ણજી, તેઓ તણી બ્હાય હું ધરૂં.
એનાં લગ્ન લીધાં ઉતાવળાં, શિશુપાળને તેડાં ગયાં;
જરાસંઘ સમર્થ જાણીને, જાને તે તેડી લાવજો.

એના વાજીંત્ર વાગે નાનાવિધ ઘણા, રૂકમૈયો ચાલી સામો ગયો
દળ દીઠું શિશુપાળનું, રૂકમૈયો મનમાં હરખીયો.
અમારા ઉતારા ભલા આવીયે, સેવા તે કિજીયે અતિઘણી;
એને ભાવતાં ભોજન જમાડીયે, ખાજા લાડુ ને લાપશી
રુકિમણી કાગળ લખી કરી, આપ્યો તે બ્રાહ્મણ હાથરે.
તમે વેગે પધારો વિપ્ર દ્વારીકા જઈ જાણ કરો જદુનાથરે.
વિપ્રે તે મન વિમાશીયા, હવે શો કરૂં હું સંચરે;
કયાં કૃષ્ણને કયાં રૂકિમણી, અમને તે લાગ્યા ભ્રમરે.
સરોવર પાણી પી કરી, સુતો તે વાડી માહ્યરે;
જાગ્યો તો દ્વારિકા, હરખીયો હૈયામાં બહુ

વલણ.

આ રસીયો તે વાડીમાં સુતો, જાગ્યો જઈ દ્વારિકા પહોંચ્યો;
કહોરે બ્રહ્મણ કયાંનારે આવ્યા, કાગળીયા તે શાનારે લાવ્યા.
વૈદર્ભ દેશના બ્રાહ્મણ આવ્યા કાગળીયા તે ત્યાંનારે લાવ્યા;
પહેલાં બ્રાહ્મણ આસન દીજે, પછી વાત વિચારીને કીજે.
પહેલાં બ્રાહ્મણ જળલોટા દીજે, પછી વાતની ગોઠડી કીજે;
પહેલાં બ્રાહ્મણ આંગોળ દીજે, પછી પીતાંબર હાથમાં લીજે.
પહેલાં બ્રાહ્મણ ભોજન કીજે, પછી કાગળ વાંચીને લીજે;
પહેલાં બ્રાહ્મણ મુખવાસ દીજે પછી સારી શીખામણ લીજે.
મોકલ્યો તમારીરે નારી, વાંચી જોજોરે દેવ મોરારી;
મોકલ્યો તમારીરે કન્યા રૂકમૈયે કર્યો છે રે અન્યાય.

સ્વામી ગરૂડ પલાણીતે આવો, જાદવજીની સેન.રે લાવો;
શિશુપાળ આવ્યો લેઇ જાશે, સ્વામી લજ્જા તમનેરે થાશે.
શિશુપાળ આવ્યો હરિ જાશે, દેશે દેશમાં વાતો થાશે;
ગયા જન્મની હું છું તમારી, રખે મુકતા મુજને વિસારી.
ડહેરા દીધાજી અંબિકા ઓટે રૂક્મિણી ગોખે ચ્હડીને જુએ;
રૂક્મિણી ગોખે ચ્હડી ચ્હડી જુએ, કૃષ્ણ કરીને રૂએ.
રૂક્મિણી ગોખે ચ્હડી જુએ ઝાળી, હજુએ ન આવ્યા વનમાળી
હૈયાનો ઉતાર્યોરે હાર, રૂક્મિણી રૂદન કરેરે અપાર.
અંગની ઊતારીરે ચોળી, ચુડી કાંકણુ નાખ્યારે મોડી;
એટલે આવ્યા એમની માત, કેમ રૂવો છો બાળકુંવારી.
પીઠી પેઠી તે આંખે નડે છે, તેથી આંસુ અપાર પડે છે;
એટલે હરિ ભટ દીઠારે દુર, હૈથામાં ને સાગરપુર.
એટલે વિપ્રે વધામણી દીધી, રાણી રૂક્મિણી મનમાંરે રાચી;
વધામણી દીધી વિપ્રે થઇ રાજી, રાણી રૂક્મિણી મનમાંરે લાજી
મારી સૈયરનેરે તેડાવો, નાના વિધના પુજાપા અણાવો;
જળ નિર્મળે ભરાવો ઝારી, ઉપર દીપક લ્યો અજવાળી.
મોતીડરે ભરાવોરે થાળ, ઉપર શ્રીળફ મુકો બે ચાર;
રૂક્મિણી અંબિકા પુજવા જાય, ત્યાંતો માનિની મંગળ ગાય
રૂક્મિણી અંબિકા પુજેરે બાળી, ત્યાંતો વેદ ભણે શ્રીમાળી;
રૂક્મિણી અંબિકા પુજેરે કળીયે, શ્રી કૃષ્ણ આવ્યા મન રવિએ.
રૂક્મિણી અંબિકા પુજેરે કોડે, શ્રીકૃષ્ણ ચઢયા વરઘોડે,

પુજી આજીને પાવલે લાગ્યા, હૈયામાં હરિવર માગ્યા.
પુજી આજીને પાછારે વળીયા, શ્રી કૃષ્ણે તે બાંહેડાં ધરીયાં;
એવાં રથે બેસાડયાંરે રાણી, રૂકમૈયાને બાંધ્યારે તાણી.
રૂકમૈયો નાઠો નાઠો જાય, કૃષ્ણ બાંહે મેલીને સ્હાય;
રૂકમૈયાને ઠોકર વાગી રાણી રૂકિમણી મનમાંરે લાજી.
સ્વામી તમે બનેવી એ સાળો રૂકમૈયાને પાછારે વાળો;
સ્વામી તમે ભર્થાર અમે કન્યા, રૂકમૈયો કર્યો છેરે અન્યા,
એટલે દીઠાં કુંવારીકા વળી ત્યારે વિસાર્યો પોતાની માડી;
એટલે દીઠાં કુંવારીકા હિરા, ત્યારે વિસાર્યો પોતાના વીરા

---

(૧૯૭)

રૂકિમણી હાર.

સરસ્વતિ સ્વામીને વીનવું, ગણપતિ લાગું પાય,
દ્વારામતિનો રાણો રાજીઓ, ચૌદભુવનનો રાય.
દ્વારામતિનો રાજા કહિયે, ચૌદ ભુવનનો સ્વામી;
શિશુપાળને જે યુધ્ધે જીત્યો, ભીમક કુમારી આણી.
દાવાનું દળ નાઠું જાય, રૂકમૈયો પૂઠે જાય;
રથ સહિત સૌ તાણી બાંધ્યા રૂકિમણી લાગ્યાં પાય.
રૂકિમણી વચને હરિ સંતોષ્યા, ગોવિંદ કાપ્યા બંધ;
કાળ કેરો અમર ધર્યો કુંવર નાના કંથ.
કપુર વણજને કાચલી, ચંકાવલી વેચે પાન;

મુળમહાદેવે ચોરી રચી, ત્યાં પરણ્યા ભગવાન.
હાલે વાંસે લીલે કલશે, ત્યાં પરણ્યા રૂકિમણી;
રૂકિમણી પરણીને ઊઠયાંરે, દાસ પહેરાવે ચીર.
બળભદ્ર બંધુ જાગ્યાંરે, રાણી રૂકિમણીના વિર;
ખોળે બેસાડયાં રાણી રૂકિમણીરે, હરખ્યાં તે શ્રીવાસુદેવ
ખોળે બેસાડી ભણે શ્લોક ગોવિંદની પટરાણી;
ખોળે જો ઊતરૂં સસરા, હાર આપો આણી.
સૌ સણગાર સલુણા દીસે, હાર વિના નવ શોભે;
કાને કુંડળ ઝાલ ઝળકે, કંઠે હાર શોભે.
કંઠના ગોદડ ગુંથણાંરે, જમણી મોતીની સેર;
દોરી અણાવો ઝાંઝ હિરનીરે, તેડાવો ઝવેરી બે ચાર.
ઝવેરીના ચાર મ્હેતા એમ બોલ્યા વાસુદેવ;
વહુ ગોરીનો હાર પોવંતા, વાર લાગે તતખેવ.
બાસેઠ ખાના ચોસેઠ જાળી વચ્ચે મેલો પરવાળી,
લાલ પીળોને પીરોજી, જોડ સંગની સારી.
સાગ શીશમના ઢોલીયારે, મશરૂની તળાઈ;
શ્રીકૃષ્ણ પોઢયા રૂડી સેજડીરે, રૂકિમણી ઢોળે વાય.
વા ઢોળતાં આવી નીંદરડીરે, ઉશીકે મેલ્યો હાર;
હાર હર્યો શ્રી દામોદરેરે, રૂકિમણી નિંદ્રાભેર.
સૂર્ય ઉગેને સુતી જાગે, ઉશીકે નવ દેખે;
રાણી રૂકિમણી નાથ જગાડયા, વાત સઘળી પેખે.

અહિં હતાને કયાં ગયા મારો હાર કોણે હરીયો;
શ્રીકૃશ્ન ચોર મે જાણીયો હરિઠગ અવતરીયો;
સમકરૂં સઘળાં કરૂને દેવે ચઢાવું પાણી;
જો મેં તો ત્હારો હાર હર્યો તો આપુ બમણા આણી
સમર કરૂં સઘળા કરૂંને દેવે ચઢાવું ફુલ,
જો ત્હારો હાર હર્યો તો આપું બમણા મુલ;
સમ કરૂં ને ટાઢા શીળા, જો મેં નથી દીઠો;
સમર કરૂં ને ઊના શીળા જો મેં દૃષ્ટે દીઠો,
લાવો વ્હનિએ પોષ ભરૂં રાણી રૂકિમણિ રીઝે
લાવો વિષ ઘોળી પીઉં, રાણી રૂકિમણિ રીઝે
લાવો કટારી કેડ ધરૂં, રાણી રૂકિમણી રીઝે;
મામો કંસાસુર માર્યો, ત્યારે કોણ હતું પાસ;
માસી તણા પ્રાણ સોશીયા ત્યારે કોણ હતું પાસ,
નાગ નાથી ઘોડે ચડયા કૃશ્ન થયા અસ્વાર;
ચાંદા તારેને ચાંદરણે, આખી રાત અજવાળાં;
હરણાં હર્યાં છેરે મલપતાં, કૃશ્ન લેછેરે તાળી;
પાછલી રાતના ઉઠીને, વહુએ મહીરે વલોવ્યાં;
છાસે ભર્યાંરે બે ગોરસડાં, માખણ લેરે મૈયારી;
સરા સરા ઘી સ્વાદીયાં, વાડી સખર સંભારી.

(૧૬૮)

રૂખમણિ હરણ.

પ્રથમ શ્રીગુરૂ પદ પ્રણમું હું પ્રીતે શ્રીકૃષ્ણ રૂપ હૃદે ધરૂંરે;
શ્રી રૂખમણીજીનો વિવાહ સંક્ષેપે, પદ બંધ પ્રેમ ધરી કરૂંરે
શ્રી ભાગવત દશમસ્કંધ મધ્યે ત્રેપનમા અધ્યાય વિષેરે
શુકજી કહે સુણો રાય રૂખમણીજીનું હરણ કર્યું દ્વારકાધીશરે.
વૈદર્ભ દેશ વિખ્યાત રાજાજી, કુંદન પુર ત્યાં કોડામણુંરે
રાજ્ય રૂડું ભીમકરાય ભુપતિનું, ભાગ્ય શું વરણવું તે તણુંરે
પાંચ પુત્ર તેમાં જ્યેષ્ટ રૂકમૈયો, પુત્રી છે એક શ્રી રૂકિમણીરે;
પ્રકટયાં છે શ્રી મહાલક્ષ્મીજી પોતે,ગુણ શા શા ગાઊ હું તેનાવળીરે
કન્યા કાળ કુંવરીનો આવ્યો, માતા પિતા મન ધરીયુંરે.
રૂપ ગુણ સમોવડ શી રીતે, શ્રીકૃષ્ણ વરે વીચારીયુંરે;
કુટુંબ સહોદર સૌ કોને ભાવ્યું, એક રૂકમૈયાને ના ગમ્યુંરે;
એરે ગોવાળ કયમવરેમારી ભગીની,કન્યા દીધી ત્યાંડર્યુંનમ્યુંરે
દમ ઘોષને સુત શીશુપાળ રાજા, કુળવંત છે જગનામનરે.
તેની સંઘાતે મારી બેન પરણાવું, સમર્થ કો સમે કામનારે,
એમ કહી તતકાળજ ઊઠયો, વેગે કહાવ્યું શિશુપાળનેરે;
લગ્ન ઉપર જાન લઈ વહેલા આવો, સંગે લાવો બહુ ભુપાળનેરે;
શુણી એમ સન્માન સૌ ઉઠયા, ઊદ્યમ માંડો વહેવા તણોરે.
શુણી રૂકિમણીજીને તો ઝાળ લાગી, ઉર પરિતાપ થયો ઘણોરે;

જે જે દેશથી જે દ્વિજ આવે, તેને પુછીને નિશ્ચે કર્યું રે.
સર્વે કહે નહિ કો કૃષ્ણ તોલે, સાંભળીને ચિત્ત ત્યાં ઠર્યું રે
નારદે પણ કહ્યું સૌ ગુણ પુરણ, એક શ્રીકૃષ્ણ નિશ્ચય કરીરે;
એમ શુણી દેહ આત્મા પોતાનો, મનથકી અર્પ્યો શ્રીહરિરે.
અન્ન ન ભાવે ને નિદ્રા ન આવે, કહેવાય નહીં દુઃખ કોઇનેરે;
નાથ સંભારેને નિશ્વાસ મૂકે, રાત દિવસ કાઢે રોઇનેરે.
એવામાં,જાન લેઇ શિશુપાળ આવ્યો, સાથેછે રાજા બીજા બહુરે
કાશી રાજા દંતવક્ર જરાસંધ, શાલવ સહિત સેના સઊરે,
સ્હામા જઇ ભૂપે સન્માન કરીને, લાવી ઉતાર્યો છે બાગમાંરે
આવ્યો છે કોડે જશે મોટી ખોડે, ધિક્કાર પડ્ટ એના ભાગ્યમાંરે
દુષ્ટ આવ્યો સુણી કુંવરીજીને, તાનાવેલી લાગી તનમાંરે
કેમ કરૂં કોની સંઘાતે કહાવું, ધારે વિચારેછે મનમાંરે.
એવામાં એકઆશ્રિતદ્વિજ ઘરનો, આવ્યો દેખી ધાર્યું ચિત્તમાંરે
શાન કર્યો તેડીને સુકુમારી, આવો ગુરૂજી એકાંતમાંરે.
તેડી બેસાડી કીધો મનસુબો, પત્ર વખી એક આપીયુંરે;
દ્વારામતિ પતિને જઈ કહેજો, જેવુંછે ઉર દુઃખ વ્યાપીયુંરે.
ત્રણ દિવસમાં છે લગ્ન તે કહેજો, વહેલા વળજો પેખું પંથનેરે
અંબીકા પુંજી પાછી વળું જયાંથી, મુજને વરે કહેજ્યો કંથનેરે
શીખવી સંદેશો ને વિપ્ર વળાવ્યો, વાડવ ચાલ્યો વેગે કરીરે
વાત છે તે ગમતી એક દિવસમાં દ્વારિકા દેખાડી શ્રીહરિરે
નિરખતો નગર શોભા દ્વિજ ચાલ્યો,જોઇ પ્રસન્ન બહુ થયોરે

પુછંતો પુછંતો હરિ મ્હેલે આવ્યો, દ્વારે આવીને ઉભો રહ્યોરે
પ્રભુજીને કહાવ્યું પ્રતિહારી સાથે, કહે કોઇ બ્રાહ્મણ આવીયોરે;
આજ્ઞા જો હોય તો મ્હેલમાં આવે પત્ર કોઇનું લાવીયોરે.
દ્વારપાળે સંભળાવ્યું પ્રભુજીને, પત્રની વાત ત્યાં સાંભળીરે;
નાથ કહે લાવો દ્વિજ રખે ખાળો, અંતરજામી પામ્યા રળીરે.
સાંભળી વચન ને સેવક દોડયા, ભટજીને ભુવનમાં લાવીયારે
દેખી પ્રભુ સિંહાસનથી ઉઠયા, દ્વિજ વર ત્યાં પધરાવીયારે.
અર્ઘ્યપાત સહિત પુંજા કીધી વિધિએ, વંદન કીધું વિશ્વંભરેરે
ભોજન કરાવીને તંબોળ આપ્યું, પોઢાડયા ચારૂ શૈય્યા પરેરે;
પાસે બેઠા એક શ્રી હરિ પોતે, અવર નહિ કોઈ તે સમેરે,
હસ્ત જોડી શ્રી હરિ એમ બોલ્યા, ધન્ય ભાગ્ય પધાર્યા તમેરે;
તમ સરખા મહામુની વર દુર્લભ સંતોષી સંત તપોનીધિરે;
વિનય વિવેકમધુર વચનથી, આગતાસ્વાગતા બહુ કીધીરે;
કહો રૂષિ કારણ આવ્યાનું હવે, કોણ દેશથી આવીયારે;
વૈદર્ભ દેશ વિષે અમો વશીએ, પત્ર આપ્યું એક લાવીયારે;
આદર સહિત લીધો પ્રભુજીએ, પ્યારીનું છે ઉર ચાપીયુંરે;
જોતાં આંસુનાં બીંદુ માંહે દીઠા, વિરહ મુદ્રા માંહે છાપીયુંરે,
પ્રીતી પ્રિયાની લહી નેત્ર ભરાયાં, ગદગદ કંઠ થયા ઘણુંરે;
પત્ર આપ્યું પાછું ભટજીના કરમાં, વાંચો તમે અને હું સુણુંરે.
વાંચે છે વિપ્રને શામ ધરે શ્રવણે, પ્રથમ લખ્યું એમ પ્રેમદારે;
સ્વસ્તી શ્રી દ્વારિકાના નાયક, રાજ રાજેશ્વરી છો સદારે.

ત્રિભુવન નાથ અનાથના બંધુ સમર્થ ચતુર ચિંતામણીરે;
કુંદનપુરથી લિખીતંગ તમ પદ પંકજ કિંકરી રૂકિમણીરે.
પ્રાણપતિ અભિવંદન તેના અગણિત સેના લાવજોરે;
જેમ અત્ર રાખી છે તેમજ રહી છું કુશળસહીતવહેલા આવજોરે;
અપરંચ એજ લખ્યા કારણ છે સૌ ગુણ નીધીમાં ગુણ્યા હરિરે;
તે થકી ચિત્ત મ્હારૂં લોભાણું, મન થકી હું તમને વરીરે,
આપ કહેશો કુળવંત કન્યાને, ન ઘટે કહેવું સ્હામું કંથનેરે;
તો પણ સત્ય લૌકિકની રીતે, પળવું પણના પંથનેરે.
હું તો તમારી સદા છું વિચારો, તે માટે મન તમમાં ઠરેરે,
પણ કીર્તી સુણી વિશ્વમાંવનિતા, કોણ એવી તમને ના વરેરે.
માટે સો વાતની એકજ કહું છું, આવે સમે રખે ચૂકતારે.
ત્રણ દિવસમાં છે લગ્ન પારવતી, પુજું ત્યાંથી રખે મુકતાંરે.
તેડયો રૂકમૈયાનો શિશુપાળ આવ્યો, બીજા સૌને તમે ભાવતારે;
સિંહનો ભાગ શિઆળ ના પામે, જોજો આળસ ઉર લાવતારે.
આળસ કરશો જો જીવન મારા, તો મારા પ્રાણ નિશ્ચે જશેરે,
જન્મોજન્મ તમને નહિ ભુલું,જયારે મળશું ત્યારે સુખ થશેરે.

વલણ.

સુખ થશે પ્રિયતમજી, જયારે ગ્રહેશો હાથ;
દાસ ભણી દયા કરો, પ્રભુ દીનાનાથ.

———

(૧૬૭)

રાધા વિવાહ.

પ્રથમ શ્રી સારદા વરણુવું, શ્રી ગુરૂ લાગુંજી પાય;
વહેવા ગાઇએરે રાધા કૃષ્ણુનો, મનમાં હરખ ન માય.
બીજ મંડળ અતિ શોભતાંયે, ત્યાં વસાવ્યાંજી ગામ
બ્રિજ મંદિર અતિ શોભતાં; ત્યાં બરસાણુારે ગામ
આહિર સૌ કોઈ ત્યાં વસે, અધિપતી છે બ્રીખભાન
તેને તે એક પુત્રી હતી, પાડયું રાધારે નામ;
કાલુ ને ઘેલુ બોલતી વ્હાલી લાગે ઠામોઠામ
સાત વરસનો સમો થયો, થયો કન્યારે કાળ;
માતા પિતા બંધુ હરખીયાં કરે વહેવાના વિચાર
ટોળે મળીરે સર્વ સુંદરી, વીનવે પોતાની વાત;
ઉપવન રમવાને અમે જઇએ, રમવા રાધા સંઘાત વરરે૦
વચન શુણીને મન હરખીયાં, તેડી પોતાનું તન;
આભુષણુ અંગે ધારીયાં, થયાં સૌ ખુશી જન વરરે૦
વદન જોતીને દ્રષ્ટે ન્યાળતી, લેતી ભામણુલાંરે માત.
આજ્ઞા માંગીને સંચર્યા, રમવા સહીયરો સાથ. વરરે૦
કંથ ઉપર કર નાખીને, હસતી ચાલીરે વન;
વનની શોભારે શી કહું, થાકે સહસ્ર વદંત. વરરે૦
ઉપવન અતિ સર્વે શોભતાં, વૃક્ષ જાળ તાલ તમાલ;
લવીંગ લતા અને કેતકી, મધુકર કરેરે ગુંજાર. વરરે૦

મોર ચકોરને કોકીલા, કરે શબ્દ રસાળ;
બપૈયારે પિયુ પિયુ કરે તો રમે બ્રિજનાંરે બાળ, વરરે૦

કો પંદરની ને શોળની, સઘળી સરખે પ્રમાણુ;
કો ગોરી ને શામળી, કોઇ ભીનેરે વાત. વરરે૦

ચતુર શીરોમણી રાધિકા, રામા રૂપનું ધ્યાન;
સઘળા સખામળી ગોપના, આવ્યા જ્યાં ભગવાન. વરરે૦

રમીએ તે સર્વે સામટા, કરીએ એક વિચાર;
આભરણુ ધરીએ પુષ્પનાં, સજીએ બહુ સણુગાર. વરરે૦

પુલના ચણીઆ ને પુલની ઓઢણી, પુલની ચોળી ને ચીર;
પુલે પુલી સઉ સુંદરી, અલબેલી આહીર. વરરે૦

વલણ.

રમે રાધિકા રૂપમાં રંગ રાતી, કરે કામીની કેવી જોબનમતી,
સર્વે સુંઉરી એકઠી ઠામ પામી, મળ્યો તેહરે સુંદરીનો સ્વામી

ગેડી દડો રમે કૃષ્ણુજી, રમતા આવ્યાજી વન;
નયને તે નીરખ્યાં રાધીકા, નીરખી મ્હોયાજી મન. વરરે૦

કામીની કહે સુણો કૃષ્ણુજી, સુણો મુખનીરે વાત;
અમને રમાડો કે તમે રમો, દડો આવેજી હાથ. વરરે૦

દડોરે લઇ દામોદરે, ફેંકયો રાધાની પાસ;
હસતેરે હસતે ચાલીઆ, અમશું કરોરે હાસ વરરે૦

તમેરે થાઓ વર વીઠલા, રાધા કન્ય.રે થાય;
એમ કરીએ વર એવડો, જુગમાં જોડું કહેવાય; વરરે૦
વિધાત્રાએ વારૂ કીધું, સરખા સરખીરે જોડ.
કોપ જરી ન કાઢી શકે, ગુણ રૂપમાં ખોડ; વરરે૦
એક રાધાનીરે મા થઇ, એક કૃષ્ણની માત;
બોલ મેળાપ કન્યા હવા, સોવાસણ મળી ચાર વરરે૦
એક કદમનેરે છાંયડે, કરવા સઘળીરે રીત;
પીઠી તે પ્રમદાને ચઢે, ગાય વિવાહનારે ગીત. વરરે૦
કહાન કુંવર પરણાવીએ, બેને કરી વરમાળ;
માનીની સર્વે ટોળે મળી, ખુશી થઇ તત્કાળ. વરરે૦
ચતુરાયે તે ચોરી રચી, બાંધ્યા કંકણ હાથ;
છોડને છોરા દોરડો, તેડ તારા નંદજી તાત. વરરે૦
કંકણ હરિથી છુટે નહિ, કરવા સઘળોરે રીત;
ઘુંઘટડો તે ગ્રહી કરી, જોતી હરિ ધરી પ્રીત. વરરે૦

વલણ.

ગ્રહી ઘુંમટો કામિની કંથ જોતી,
ભરી નેત્રને માનીની મન મ્હોતી.

વદન વિકાસ્યુંરે વિઠ્ઠલે, ઠગવા ગોપીરે નાર;
ધ્યાન ધરે જોગી તણાં, રામા ઘેર રમત અપાર. વરરે૦
કૃષ્ણજી કહે શુણો કામિની, મારા મુખનીરે વાત
નિત્ય ઉઠી રમવારે આવજો, કરશું આવો સંઘાત. વરરે૦

રમીને રાધા ગઇ એકલી, આવી પોતાને ઘેર,
કુંવરીનું મુખ કરમાઇ ગયું, જનનીએ પુછીરે પ્રેર. વરરે૦
કામણ કરીનેરે કુંવરી રમી તું કોનીરે સાથ;
શુણ માતા વર વિઠુલો, રમી તેનીરે સાથ. વરરે૦
સહિયેર મળીને વહેવા કર્યો, સસરા શ્રી નંદરાય;
સાસુ મારીરે જસોમતી, કર્યો વર જગરાય. વરરે૦
ચતુરાયે ચોરી રચી, રચ્યો સાર કંસાર;
વેદ મંત્રે તે જમાડીને, પામ્યા હર્ષ અપાર. વરરે૦
સોનાના થાળ અણાવીયે, રૂપલા ઝારીરે હાથ;
ઘી અણાવોરે ગૌરી તણા, પીરસો સૌ સાથ. વરરે૦
કૃષ્ણ જમાડે રાધાજીને, કૃષ્ણને રાધીકાય;
પરણીને ઉઠયાં પ્રેમદા, સુંદરી સાસરે જાય. વરરે૦

---

(૧૭૦)
ઇશ્વર વિવાહ.

શંકર શારદાને શીશ નમું, ગરવા ગણપતિ જુઓ મુજ સ્હામુ
સ્મરૂં શારદા સમર્થ જાણી, અંબા આપો અવિચળ વાણી;
પરમ દીન પુછેછે વાત, કેમ પરણ્યા તે શંભુ નાથ
વેહેવા વૈકુંઠનાથે વખાણ્યો, વેહેવા દેવીદાસે જાણ્યો.
પ્રભુજીનું નામ પુછાવું, વેહેવા વિગતે કરીને ગાવું,

વલણ

વેહેવાને વિગતે વર્ણવું, મોરી માતાજી કરો કલ્યાણ;
દીન વચન દેવીદાસના, દેવી કરોને પ્રમાણ.

એક સમે નારદ આવીઆ, જયાં હતા શંભુનાથ;
પ્રીતે શું પ્રભુજીને પુછવુ" કહે ઋષિ આગળ તે વાત.

નારદ કહે નયને નીરખતા, એવી કન્યા ન જાણું કોય;
સમોવટ શંભુનાથની, સરખા સરખી હોય.

રાગ ઊપરનો

વળતી ઋષિએ માંડી વાતરે, તમે સાંભળો શંભુ નાથરે;
અહીંથી દૂર ઘણી ભૂમી થાયરે, ઋષિ રહે છે હિમાચળ રાયરે
તેને કુળે છે કન્યા કુંવારીરે કોડે શોભા તેની ઘણી સારીરે
મહા રૂપ અનુપમ સારરે, દીસે દેવી તણો અવતારરે
શોભા કહેતાં ન આવે પારરે, થાકે શેષના વદન હજારરે
હીંડે હંસ તણી ગતિ ધરતીરે, ભૂમી ઉપર ડગલાંરે ભરતીરે
કટી જાણી એ કેસરી લંકરે, મૂર્ખ જાણી જશી અકલંકરે
વેણુ વાસુકી જેવી જણાયરે, દીસે કંચન સરખી કાયરે
ચરણુ કદળીના સ્તંભ શા જાણુંરે, તમ ઋષિથી અધિક વખાણુંરે
બાળા બેઠીછે બાળ કુંવારીરે, શામા શોધે વરને વિચારીરે
કહે નારદને મેના સરખીરે, દેવ કન્યા છે શંભુના સરખીરે
શંભુ કહે નારદ તમે જાઓરે, વેગે ઋષિવર વેહેલા થાઓરે

શુભ કામ કરો પ્રેમ આણીરે, ઋષિ ચાલ્યા સુણી એવી વાણીરે
એમ કહીને નારદ ત્યાં આવ્યારે, માહાદેવના માગાં લાવ્યાંરે
જેથી માત પિતા મન લોભેરે, એવા વરને કન્યા શોભેરે
વળતી ઋષિએ માંડી વાતરે, વર સારો છે શંભુ નાથરે
જેને સુરીનર મુનીવર જાણેરે, વર રૂડા તે વેદ વખાણેરે
ત્યારે બોલ્યાં મેના માયરે, કોણુ ખંડ છે વર રાયરે
અનુકુળ છે કેવી ન્યાતરે, કહે નારદ સાંભળો વાતરે
અનુકુળ છે આદિ ઉચારૂંરે, એનું સુંદર કુળ બહુ સારૂંરે
દેખી મન આ માન્યું માહારૂંરે, એવો કોઇ નથી એમ ધારૂંરે
જે કોઈ અણુજુગતું કહે તમનેરે, તેની ખોટ વરધ છે અમનેરે
ઇશ્વરજી વેહેવા સરખારે, એવા વચન સુણી રાય હરખ્યારે
જોયા વીના જોવા જેવું કીધુંરે, શંભુનાથનું શ્રીફળ દીધુંરે

વલણ.

રાય કહે ઋષિ સાંભળો, જુગતે શું લાવો જાન
મોટા તે મહીપતી આવશે, રૂડી પેર વધશે વાત.

રાગ ઉપરનો

નારદ કહે સાંભળો રાયરે, કહું મહાદેવનો મહિમાયરે,
બ્રહ્માદિકને શ્રી ભગવાનરે, રાય આવશે, સર્વ સમાનરે
એવાં વચન કહી ઋષિ વળીયારે, પ્રભુજીને પંથે પળિયારે
મહાદેવને મંદિર આવ્યારે, ઋષિ રૂડા સમાચાર લાવ્યારે;
હિમાચળે તે કન્યા દીધીરે, શંભુનાથની સગાઇ કીધીરે,

એવી વાત કહી છેરે વાહાલીરે, શીવે હશીને તે લીધી તાળીરે;
ચાલો જગદીશ પાસે જઇએરે, વેહેવા વૈકુંઠનાથને કહીએરે
લક્ષ્મીવરને તેડી લીજીએરે, પરી પ્રાણુ પ્રભુજી: શું કીજેરે;
હીમાચળને હરખ ન માયરે, મહા મંડપ રચીયો ત્યાંયરે
તેડયા સોની સુથાર તમામરે, તેડયા કારીગરો તે ઠામરે,
બ્રહ્માજીએ મુહુરત સારૂં શોધ્યુરે, દીશા જોઈને દોરડું બાંધ્યુંરે,
ભુમી ચાર યોજન ભરી લીધીરે, પરનાલાની પૂરણી કીધી,રે
મણી જડીત્ર મોડ ઘડાવ્યારે, બ્રહ્મા આદી ત્યાં સર્વે આવ્યારે,
ભુથી ઉંચા ભવન આકાશરે, પડે તેજતણો બહુ પ્રકાશરે,
મહી જુક્તિતણી ગતી જાણીરે, નવરંગીની રચના આણીરે,

વલણ.

રંગની રચના આદરી, જૂજવી જૂજવી જાત,
મેઘ માળા ને ચીત્ર શાળા, લીલી ઓપે છે ભાત,
મેરૂ પર્વત પર પંખી પ્રકટયા, ફળ મેલ્યાં સુખકાર
નયનથી સૌ નીરખીને કહેતાં ન આવે પાર,

રાગ ઉપરનો

એવી મંડપ રચના ઉપાડીરે, ચતુરાઇ થકી ચીત્ર કાઢીરે,
માંહી ભુલ વળી બહુ ભરીરે, માંહી બાજીગર રચના સારીરે
વિષ વેદનો કરતાં વીચારરે, વરણવતાં ન આવે પારરે,
માંહી મન ગમતાં મન ગમતાંરે, ભાટ ચારણ રમતા ને ભમતાંરે,
માંહી ગોપ વાંસળીઓવાળારે, ત્યાં તો ચાલતાં મારગ ઝાલ્યાંરે,

કોઇ ઘોડે ચઢયા અસવારરે, લશ્કર પાયદળનો નહીં પારરે,
માંહી મોટા મેંગળમદ ઝરતાંરે, મદમત્ત લડાઈ તે કરતાંરે,
શૂંઢવાળા ને સાંકળો છાજેરે, ગળે બાંધી તેના રવ ગાજેરે,
ત્યાં તે આનંદ ઉત્સવ થાયરે, એવું લખીયું છે મંડપ માંયરે,
બીજો નાટક ગાયન જાણુંરે, વનસ્પતિ શું મુખથી વખાણુંરે,
માંહી અનુપમ આંબા પૂળીઆરે, જેવા જાણે જાંબુડા ગળીઆરે,
બળ્યાં ખારેક અને ખજુરરે, ફલ પુલને શીંગો મધુરરે,
લીલી કેળ ને કરમદી પાકીરે, માંહી સારી સુખડ નથી બાકીરે,
માંહી તજ જાવંત્રી ઝાઝીરે, બોર બોરડીએ રહ્યાં બાઝીરે,
વળી બદામ ને બીલીરે, તે તો દીસે છે નવરંગ લીલીરે,
વનસ્પતી ભાર અઢારરે, માંહે પંખી તણો નહીં પારરે,
નવરંગી ને નાગરવેલીરે, શોભા વૈકુંઠની લાવી મેલીરે,
જ્યારે મધ્ય મંડપમાં આવ્યારે, ત્યારે શું હંસ લાવ્યારે,
માંહી મોર મધુરાં બોલેરે, જોતાં ન આવે કોયલડીને તોલેરે,
માહે નવરંગ સારસ રૂડારે માંહે બેઠા ચકલી ને સુડારે,
માંહે પાળેલા પોપટ પઢતારે, ત્યાં તો મુરગી કુકડા વઢતારે,
એના બોલે છે શબ્દ મીઠારે, બગ ધ્યાન ધરીને બેઠારે,
પર ભુમી તણા જે પંખીરે, એની જાત લખી છે અસંખીરે,
એવી મંડપ રચના કહાવેરે, કેવી જાત શંભુનાથ લાવેરે,
મઢી આગળ માંડવા ઘાલ્યારે, શંભુનાથ પરણવા ચાલ્યારે,
શિવે જુગતેથી જટા બાંધીરે, પેરી ફાટલી કંથા સાંધીરે,

ભાર ભાંગ ધંતુરાનો આણ્યોરે, પુષ્ટ પોઠીયો પછીથી પલાણ્યોરે,
ગળે પહેરી છે રૂંડની માલારે અંગે લપેટયા ભોરીંગ કાળારે,
શંભુના સમાચાર લાવેરે, એવો વેશ ધરીને આવેરે,
નવ જોબન નયન સમારીરે, સ્હામી આવે એ સુંદરી નારીરે,
જોવા લાગ્યા છે જાન જમાઈરે, પડી મેના ત્યાં મુર્છા ખાઇરે,
ભુંડા બ્રાહ્મણે વ્યર્થ ભમાવ્યારે, અણગમતો આંગણે આવ્યોરે,
એવાં વચન કહીને સૌ જાયરે, જઇને કહ્યું હિમાચળ રાયેરે,
માતા કુંવરીને કહાવેરે, તારો બળદે ચઢીને વર આવેરે,
કુંવરી કહે કરમની વાતરે, હું તો પરણી તે શંભુનાથરે.

ઢાળ.

મેનાનું મન માને નહી, મહાદેવ અવગુણ ગાય,
પેર પેર થઈ પ્રીછવે, આધીન થઈ ઉમીયાય.
જનમ આપે જનેતા, કરમ ન આપે કોય
પાણી પી ઘર પુછીયાં, હવે જાત ભાત શી જોય,
આંગણે આવ્યો વર આશા ભર્યો તે વર્યા વીના કેમ જાય;
કર્મ બંધન તો કીજીયે, તો દોષ લાગે માય.

રાગ ઉપરનો

જેમને રૂષીએ વર આપ્યોરે, તે મેં સત્ય કરીને થાપ્યોરે,
ત્રણ લોકમાં તપ મેં કીધુંરે, શંભુનાથનું સગપણ કીધુંરે,
એવા વચન કહી કહી કરી વાતરે, મુખથી બોલ્યાં તે મેના માતરે,
આ તો પુત્રી મેં કયાં જાયરે, ગળથુથીમાં વીખ ન પાઇરે,

વણ દીઠે શું વર વખાણ્યોરે, હંસ કાગની કોટે બંધાણોરે,
પહેલાં પોંકવા જે કોઇ જાશેરે, એમ માનીની મનમાં વિમાસેરે
કેમ જાયે તે જોગી પાસેરે, રૂપ જોઇને તનયા ત્રાસેરે,
દેવ કન્યા એને કેમ દીજેરે, માટે રૂડું ગમે તે દીજેરે
પહેલાં પોંકવા જે કોઇ જાશેરે, એમ માનીની મનમાં વિમાસેરે
કેમ જાયે તે જોગી પાસેરે, રૂપ જોઇને તનયા ત્રાસેરે,
દેવ કન્યા એને કેમ દીજેરે, માટે રૂડું ગમે તે દીજેરે
સઉ હાંસી કરે એને દેખીને, કન્યા કેમ રીજે એને દેખીને
જો જો કુળવંતા જણાઇરે, દેખી નારી રહી મુરછાઇરે.

વલણ

મેનાનું મન માને નહિ, એને આંગણે ઉભા ઇશ
પાર્વતીનો પ્રેમ જોઇને, રૂપ પ્રગટ્યું ઉમીયા દીશ
સૂર્ય સમો વડ વદન ઝળકે, કળા કોટી પ્રકાશ
જોતામાં ખામી નહિ જરા, તે તો કહું કયમ આભાસ
હવે હરખ્યા હરિ, અંગે વાધ્યો છે ઓછંગ
શણગાર સજી સહુ સુંદરી, બહુ નારી બની નવરંગ
ધુશળ મુસળ કર ધરી, મલપતિ મંગળ ગાય
પોંકી પછી પધરાવીયા, પ્રેમથી મંડપ માંય
બ્રહ્મા સાથે શોભે બ્રહ્માણીરે, ઇન્દ્ર સાથે શોભે ઇન્દ્રાણીરે
રવિ સાથે શોભે રાંદેલ રાણીરે, જોવા જેવી શોભા સૌએ જાણીરે
હિમાચળની સાથેછે મેનારે, વળી હું કરૂં વખાણ કેનારે

શિવ બેઠા પલાંઠી વાળીરે, મધુપર્કમાં કાંસાની થાળીરે
લક્ષ્મી શિવને લુણ ઉતારેરે, સત્યભામા સૌને વારેરે
સૌ બોલે છે નાટક બોલેરે, નહિ આવે જાંબુવંતીને તોલેરે
રૂક્ષ્મણી એણીપેરે ગાયેરે, રાધિકાજી તે વારણે જાયેરે
સૌ બોલે છે શંભુની પક્ષરે, જળ આવ્યાં મેનાને ચક્ષરે
અતિ આનંદે પરણ્યા ઇશરે, સાથે જાનઇઆ જગદીશરે
કન્યાદાન દે હિમાચળ રાયરે, મળી માનીની મંગળ ગાયરે
ધન્ય ધન્ય થયો અવતારરે, વાગે વાજાં દુંદુભી અપારરે
બ્રહ્મા સ્વસ્તિ મુરત બાંધીરે, લીલા વાંસની ચોરી બાંધીરે
સુંદરે મંગળ વરત્યાં ચાલરે, શિવજીએ આરોગ્યા કંસારરે
શિવને હાથ ગૃહણ ત્યાં થાયરે, દાન આપે હિમાચળ રયરે
રાયે હસ્તિ આપ્યા શણગારીરે, ઉપર અંકુશ ને અંબાડીરે
લાંબી ડોકને સાઠીઆ સારરે, ગાયો ભેંસોનાં ટોળાં અપારરે
રાયે રથ આપ્યા છે કરોડરે, સાથે ઘોડા ગાડીની જોડરે
પ્રભુને પહેરામણી ઘણી થાયરે, પીળાં પીતાંબર આપ્યાં રાયે
બધાંને આપ્યાં દીસે ઘરચોળાંરે, ઘણાં લાંબાં પનાદાર પોળાંરે
ભરી જરીયાન મનમાં ભાવેરે, મન ગમતા મશરૂ મંગાવેરે
ઘણી જુગતે જમાડી જાનરે, છુટયા બંધી થકી બંધીવાનરે
શિવજી પરણી ચાલ્યા કૈલાસરે, મૃત્યુ લોક મેલ્યા દેવીદાસરે
વીસવાડામાં વાળ વસે છેરે, અતિ આનંદે વેહેવા કરે છેરે
જે કોઇ ઇશ્વર વિવાહ ગાશેરે, તેના પાપ સૌ પ્રલે થાશેરે

જે કોઇ સાંભળશે નર નારીરે, એની આશા પુરશે ત્રીપુરારીરે
તેને કૃપા કરશે શંભુનાથરે, ઝાલે સંકટ વેળાએ હાથરે
ધન ધાન્ય પુત્ર પરીવારરે, આપે પારવતી ભરથારે

વલણ.

પ્રાત શું આપે શ્રી હરી; તેના મનની પુરી આશ
શ્રોતા જન સૌ સાંભળો; થાશે અવિચળ વાશ

---

(૧૭૧)

મોલેશ્વર વિવાહ.

સરસ્વતિ સ્વામીને વીનવું; ગણપતી લાગું પાય
ગુરૂ કૃપાએ ગાઈશુંરે મોલેશ્વર વેહેવાય
ગુરૂ ગણપતિને આરાધું; મારૂં મનરે મોલેશ્વરમાં લાધ્યું
ધન્ય ધન્ય આ સુરત શેહેર; મહાદેવ મોલેશ્વરની મ્હેર
ગોપીપુરે વસે અવીનાશ; શુકલ અગ્નીહોત્રીની પાસ
મહેતા અભેરામનું દ્રવ્ય વાવરૂં, શીવનું દહેરૂં બંધાવ્યું સારૂં
ઘોંઘાટ ઘણેરો ગાજે, ત્યાં તો કૈલાસ સરખા બીરાજે
શીવરાત્રી સોમવાર ને વ્યતીપાત; મહા પુજા થાયે સારી રાત
તીલ તાંદુલ અબીલ ગુલાલ; નાના વીધની પુજાનો તાલ
ધુપ દીપ નૈવેદ્ય પ્રણામ; આરતી પુષ્પની અંજનીનું ધ્યાન
પંચ વદની ને રૂપાના ઘંટા; ઘીના કળશ ને પુષ્પની જટા
પ્રભાતે પંડયાજી સમર્થ; ભણે વેદત્રયીના અર્થ

વલણ.

અર્થ ભણે આનંદ શું, શ્લોક સહીત વીખ્યાત;
શુકલ બ્રાહ્મણ બહુ મળ્યા; મેહેતે દક્ષિણા આપી સાક્ષાત.

કડવું ૨જું.

દક્ષિણા સઉ પામ્યા સહી, મહાપુજા સંક્ષેપે રઈ;
આઠે દહાડે આવે શિવ જોગ; ગુપ્તેશ્વરના એ લોક;
ગુપ્તેશ્વર નરખીને જાય, કંતારાના દર્શન થાય;
સખી મનના મનોરથ થાય; ગાઈએ મોલેશ્વર વેવાય.
એમાં નથીરે પૂર્વની કથાય, સત્ય જુગમાંહી પાંચાળ રાય;
તેને એક હવિરે કન્યાય, તેના ગુણની તે સંખ્યા ન થાય
તેના કારણરૂપ કહેવાય, સુણો તે કથા સર્વ સભાય.

વલણ.

કારણ કો જાણે નહીં, પૂર્વ જન્મની પ્રીત;
પ્રજાપતિ પ્રીછયા નહિ, તેણે કર્યો વિપરીત.

કડવું ૩ જું.

વિપરતની શી કહું વાત, સતી પુત્રીને શીવ જામાત્ર
ઘેર આરંભ્યા ઉત્તમ કાજ, દુભવીયા તે શીવ મહારાજ.
રાયે પત્ર લખીને તેડાવ્યા, ત્રીભોવન થકી સઉ આવીયા;
દેવ તેત્રીશ કરોડ ત્યાં આવીયા, ઋષિ સહસ્ત્ર અડયાસી પધાર્યો
પાતાળના પરનાગ તેડયા, નવેખંડના નરપતિ ભેળ્યા;
વિદ્યાધર ગાંધર્વ ગાય, ઇંદ્ર અપસરાને લઇને જાય.

શરણાઇને ભેરી ત્યાં વાગે, તેને નાદે તે કૈલાસ ગાજે;
વૈમાન અંતરીક્ષે પળાયે, તેને નાદે તે ગગન છવાયે.
ત્યારે સતી પુછયું ત્રિપુરાર, આજે સ્વર્ગમાં છે કંઇ સાર;
ત્યારે શંકર બોલ્યા ત્યાં વાણી, તમે સાંભળો સતી રાણી
તમારા પિતા પ્રજાપ્રતિ જેહ, મહારુદ્ર કરે છે તેહ;
તેણે આજ વિસાર્યાજી અમને નહિ તેડાં મોકલ્યાંજી તમને.

વલણ.

તમને તો તેડયા નહિ, એ મોટો અપરાધ;
સતી કહે સુણ નાથજી, ભુલ્યા હશે મુજ તાત.

કડવું ૪ થું.

મુજ તાતનો અંત ન લેશો, ભુલ્યા ઉપર દ્વેષ ન ધરશો,
મુજ તાતને પુત્રી અનેક, એમ કરીને વિસરીયા વિવેક.
મુજ તાતના સાહિત્ય, બોળાં એમ કરીને વિસરીયા મહાભોળા
અમને આજ્ઞા આપોની આજ, અમે મૈયેર જઇએ મહારાજ
એવી અવળી ના કરીયે પેર, વણ તેડયા ન જઇએ મહિયેર

વલણ.

વણ તેડયાં જઇએ નહિ, ન કરીયે મૈયેર હાસ;
માન ન પામો માનીની તેણે હોય વિનાશ.

કડવું ૫ મું.

વિનાશની શી કહું વાત, ઘણા ક્રોધે ચડયા મહારાજ;
ત્યારે વજ્ર વચન લાગ્યા મન, તપી ઉઠીયું ક્રોધથી તન;

ત્યારે સતી વિચારે મન, આંસુ આવ્યા તે બન્ને લોચન;
ત્યારે શીવજી તે મનમાં તપાસે, એતો માનીની મમતે જાશે;
શીવે જેમ તેમ આજ્ઞા દીધી, રામાને તે રળીયાત કીધી;
ત્યારે સતીએ નમાવ્યું શીષ, શીવજી બોલ્યા તે એમ ભવીષ્ય.

વલણ.

ભવિષ્ય ભૂલે નહિ, થાશે અવળી પેર;
તત્પર થઇને તારૂણી, ચાલ્યાંરે મૈયેર

કડવું ૬ હું.

મૈયરેને મારગે માહાલે ચતુરા, ચંચળ થઈને ચાલે;
પાયે નેપુર ઘુઘરા ઘમકે, મહા વનમાં વીજળી ચમકે.
તેના તેજ તણો નહીં પાર, કોઇ આદી શક્તી અવતાર;
ક્ષણુ એકમાં આવ્યા પીતા ઘેર ત્યાંતો અવળી દીઠી સૌ પેર;
મંડપમાં તે જગ્યા જોઈ, રૂદ્ર કળશ ત્યાં નહીં દીઠો કંઈ;
ત્યારે સતી મન વ્યાકુળ થયાં, ધીરજ ધરીને મંડપમાં ગયાં
માત તાતને ભ્રાત ભોજાઈ, આવો કરીને ન બોલ્યાં કોઇ,
બેન ભાણેજને સૈયર સાથ, આવો કરીને પુછી બે વાત;
બીજે દહાડે ગયાં સભા માંય, સૌ દેવ બેઠા છેરે ત્યાંય.
સ્હામાસ્હામી રહ્યા સૌ જોઇ, આવો કહીને ન બોલ્યાં કોઈ;
મુખ મરડીને બેઠા તાત, મારા સાચા છે પ્રાણુનાથ
પાપી પિતાને પરહરીએ પાસાણુને પેટે પ્રસવીએ,
પ્રદક્ષિણા કરીને રાખ્યા ધીર, જજ્ઞમાં જંપાવ્યું શરીર

મારે શરીર રાખ્યાનું શું કામ, હું તો આજ કરૂ જંપાપાત.

વલણ.

જજ્ઞમાં જંપાવ્યા સતી, કર્યો દેહ વીનાસ,
હાહાકાર ત્યાં થઇ રહયો, જુધ્ધે ચઢયા ત્રીપુરાર.

કડવું ૭ મું.

ત્રીપુરારી ત્યાં યુધ્ધે આવ્યા, અગણીત સેનારે લાવ્યા,
શીવે જટા પછાડી કીધો ક્રોધ વીરભદ્ર ત્યાં પ્રગટયો જોદ્ધ.
વીરભદ્રને ચઢી છે રીસ; છેદ્યું પ્રજાપતીનું શીશ.
પ્રજાપતીનું મસ્તક કાપ્યું; રાજવંશીના ધડપર જઇને સ્થાપ્યું;
સૌશંભુ કરીને લાગ્યા પાય; પછી હશીચા છે શંકર રાય;
સૌ સૌને સ્થાનકે ગયા; થોડા થોડા સામગ્રે ગયા.

વલણ.

થોડા થોડા સૌ રહ્યા ને પૂર્વ જન્મની પ્રીત;
પ્રજાપતી પ્રીછયા નહી જન્મ્યાં રૂડી રીત,

કડવું ૮ મું.

હીમાચળ ચતુર સુજાણ; તેના મેના નારી પ્રમાણ;
પેલા ભવની સંભારૂં વાત; મેં તો દુભવ્યા શીવ સાક્ષાત,

વલણ.

શીવ સાક્ષાત મેં દુભવ્યા કીધો બહુ અપરાધ
વણ તેડયાં મૈયર ગયા, કીધા પ્રાણના ત્યાગ.

---

(૧૭૨)

શિવ વિવાહ.

જીરે પ્રથમ તે શિવજીને વરણવું જીરે લાગું તે લળીલળી પાય;
હું તો સ્તુતી કરૂં શંકર તણી, જીરે ચૌદ તે લોકના રાય,
હું તો શંકર વરને પ્રીતે વરૂં.
જીરે પાર્વતી તપ માંડીયા, જીરે માંડયા તે ઉગ્ર અપાર;
અન્ન ને જળ બેઉ તજ્યાં, અરે તજીયા તે શોળે શણગાર;
હું તો શંકર વરને પ્રીતે વરૂં.
જીરે કોઈ કહેશે શિવજીને વરી, જીરે નહિ એનાં માત ને તાત;
એ તો બળદ ઉપર બેસીને ફરે, શુણી ઉમયા કહે વાત;
હું તો શંકર વરને પ્રીતે વરૂં.
જીરે પારવતી તે એમ બોલીયાં, જીરે આભુષણ છે એની પાસ;
આખી જગતિના જીવ એની કરે, જન્મ ધરીનેરે આશ;
હું તો શંકર વરને પ્રીતે વરૂં.
જીરે શંકર કહે સુણસુંદરી, જીરે મારો છે જોગીનો વેષ;
કાજ કન્યા તું તો બાળકી. જોગ પતિના સેવાયે વેશ;
હું તો શંકર વરને પ્રીતે વરૂં.
જીરે પારવતી તો પછી એમ બોલીયાં, જીરે તમે છો અકળ સ્વરૂપ;
હું તો ગદગદ કંઠે વાણી વદું; જીરે તમે છો શંકર સ્વરૂપ;
હું તો શંકર વરને પ્રીતે વરૂં.
જીરે મેના મારી માવડી, જીરે કરશે તે મહા ઉત્પાત;

મારા તાત હિમાચલ જાણશે, જીરે કરશેને પ્રાણના ઘાત;
હું તો શંકર૦
જીરે પારવતી એવું ઉચરી, ગયાં પોતાને સ્થાન;
જતાં જતાં વાણી એવી વદયાં, જીરે સારી તે લાવો જાન;
હું તો શંકર૦
જીરે ગોધલે બેસીને રખે આવતા, જીરે રખે ચોળતા રાખ;
જોગી જટા તો ભસ્મે ભરી, જીરે રખે કરતા શંખનો નાદ;
હું તો શંકર૦
જીરે મેનાં તે મ્હારી માવડી, જીરે ઝાઝેરી કરશે રીસ,
હું તો શંકર૦

---

(૧૭૩)

કુંવરી ગીત.

જીરે પ્રભાતે રાધાની માડી જાગી,
તેના મનમાં તે ચટપટી લાગી. કુંવરીએ શું કર્યું,
તેં તો દુઃખના ડુંગર રેલ્યા,
તેં કુળના મારગ મહેલ્યા. કુંવરી૦
તેં તો કુળમાં લગાડી ખામી,
ત્હને કોણ મળ્યો છે સ્વામી. કુંવરી૦
તું તો મીઠી ને તને કોણે દીઠી,
ત્હને કોણે ચઢાવી પીઠી. કુંવરી૦

તેં તો કઇ નગરીમાં દંત વહેર્યો,
    તેં ચુડો કોનો પહેર્યો, કુંવરી૦
તેં તો કયારે માંડવડા રોપ્યા,
    ત્હારા વરને કોણે પહોકયાં. કુંવરી૦
ત્યાં તો કયા દેવતા આવીયા,
    ત્હને વેદ કોણે ભણાવ્યા. કુંવરી૦
તને કોણે ઓરાઢી વરણી,
    તું કોની સાથે પરણી. કુંવરી૦
ત્યાં કોણે કર્યું સૌ તૈયાર,
    તને કોણે જમાડયો કંસાર. કુંવરી૦
તેં તો જીવતાં શીશ મ્હારાં વહેર્યાં,
    પાનેતર કોનાં પહેર્યાં. કુંવરી૦
તેં તો જીવતા શીશ મ્હારાં સાધ્યાં,
    તે મીંઢળ કોના બાંધ્યા. કુંવરી૦
તને કોણે આ મતી આલી,
    વરમાળા કોની ઘાલી. કુંવરી૦
ત્યાં તે કોણે કહ્યાં ને કોણે સાંભળ્યાં,
    તારી કોણે ઉરાડી વાત. કુંવરી૦
જીરે પ્રભાતે રાધિકા રાણી જાગીરે,
    તે તો માતાને પૂછવા લાગીરે, માતા મેં સારૂં કર્યું.
મેં તો દુઃખના ડુંગર નથી રેલ્યા,

મેં કુળ મારગ નથી મેલ્યોરે; માતા મેં સારૂં કર્યું.
મેં તો કુળમાં લગાડી નથી ખામી,
મને મળ્યો છે રાજનો સ્વામી. માતા૦
હું તો મીઠી ને જશોદાએ દીઠી,
મ્હને સૈયરે ચઢાવી પીઠી. માતા૦
મેં તો મથુરા નગરે દાંત વેર્યાં,
મેં ચુડલા અવિચળ પહેર્યાં. માતા૦
મારા વનમાં માંડવડા રોપ્યા,
મારા વરને ઉમયાએ પહોંકયા. માતા૦
ત્યાં તો ત્રીસ કરોડ દેવ આવ્યા.
મને તેણે વેદ ભણાવ્યા. માતા૦
મને ગોપીએ ઓરાડી વરણી,
હું શ્રીકૃષ્ણ સાથે પરણી. માતા૦
મારી સૈયરે સામગ્રી કરી તૈયાર,
મ્હને કૃષ્ને જમાડયો કંસાર. માતા૦
મેં તો જીવતા શીશ નથી વેહેર્યાં,
પાનેતર પ્રભુનાં પહેર્યાં. માતા૦
મેં તો જીવતાં શીશ નથી સાધ્યાં,
મોહનનાં મીંઢળ બાંધ્યાં, માતા૦
મ્હને સદભાગ્યે સુમતિ આલી,
વરમાળ વિઠ્ઠલની ઘાલી, માતા૦

ત્યાં તો ચંદ્રે કહ્યાં ને સુણ્યાં સુરજે,
મારી વાયે ઉરાડી વાત. માતા૦

---

(૧૭૪)

તાપિ વિવાહ.

સરસ્વતી સ્વામીને વીનવું, ગણુપતિ લાગવું પાયરે;
તાપીનાં તેજ છે આકરાં પાણી છે નિર્મળ નિરરે;
સૂરજ બેટી તમ તણી, માગે છે સાવણુ રાયરે;
સાવણુ વાડીએ ઉતર્યો, તાપીને રમતેલી દીઠી,
કે રે તું પરણી કે આદરી, કે રે તું બાળ કુંવારીરે,
નથી પરણી નથી આદરી, હજુએ છું બાળ કુંવારીરે.
ઘેર જઇ માડીને પૂછ્યું, કન્યા રૂપનું ધ્યાનરે;
તેડાવો જોશીના બેટડા, તાપીના લગનને જોવાડોરે.
જોશીએ મુહુર્ત આપીયાં, સાતમને સોમવારરે;
તે લગન લ્હઢ્યા પરમાણુરે, થાળ ભરી સંગ મોતીડે.
લ્યો જોશી કણુવટ આપુંરે, કણુવટ લઈ જોશી ઘેર ગયારે;
જોશેણુ પુછીછે વાતરે, કોની બાઇરે બહુ દીકરી;
કોનાં લુંટયા ગર્થ ભંડારરે, કોનાં લુંટયા ઓરડા ઓરડી,
કોનાં લુંટયાં પેટી મજુસરે,
નથી વાહીરે વહુ દીકરી, નથી લુંટયા ગર્થ ભંડારરે,
નથી લુંટયાં ઓરડા ઓરડી, નથી લુંટયા પેટી ને મજુસરે.

માણેક દડોરે મોતી છડો, તાપીના વહેવા કે માંડયાંરે,
મેં તુને વહેવાઇ વારીયા, જેઠનાં લગ્ન ન લેશોરે.
નહી મળે ખોળ કપાસરે, નહિ મળે પાણી ને ઘાસરે,
વહેવાઇએ આવતા જાણીને, સંબંવિ વાવને ખોદાવીરે.
વાવ ખોદાવી તો ભલે, ચરૂએ ઓસાવ્યાં છે અન્નરે,
અન્ન ઓસાવ્યાં તો ભલે જમાડો વરની જાનરે.
જાન જમાડી તો ભલે, બીડલે બાસઠ પાનરે,
જો વર શેરીએ સંચર્યો, શેરીએ કાચને ઢોળાવોરે.
જો વર સીમે સંચર્યો, સીમે તે સાળ રોપાવોરે,
જો વર પાદરે સંચર્યો, પાદરે પડાને વગડાવોરે.
જો વર ખડકીએ સંચર્યો, ખડકીએ ખડાને વગડાવોરે,
જો વર મંડપે સંચર્યો, મંડપ તો મોગરે છાયારે.
જો વર મ્હાયરે સંચર્યો મ્હાયરાં મોતીએ ભર્યાંરે,
નીસર એલડી ઘેલડી, નીસર કન્યાની માડી,
ના ઘડીઓ વર લુખશે, સૂકાશે મુખના તંબોળરે.
પટકોરે મેરૂરે પાટલડી, કાંચલડીએ કેશ બાંધુરે;
ચાલતી મ્હાલતી નીસરી, જાણે ભાદરવાની ભેંસરે.
ડોલડી ડોલતી નીસરી, જાણે ઉનાળાની ઉંઘરે,
નાક સાહી નર નીરખીયા, ગળે ઘાલ્યાં છે ઘાટરે.
આણી બેસાડયા છે મ્હાયરે, બેસણે માંડયાં છે પાટરે;
કન્યાએ કાંકણ પહેરીયાં, પડીરે પાનેતરે ગાંઠરે.

આડાંરે અંતર પટ ધર્યાં, હોય તંબોળે છાંટરે,
કાથા ચંદન કેરી કુરવડી, રસીસાર કંસારરે.
વેદ મંત્રે કંસાર પચવ્યો, તેડાવે કન્યાની માડીરે,
સોનેલા થાળ અણાવો, રૂપલા ઝારી હાથરે,
ઘી અણાવો ગૌરી તણાં, ખેબલે પીરસોને ખાંડરે.
ત્યાં તો રામ જમાડે સીતાનેરે, ત્યાં તો સીતાને જમાડે રામ.
અન્યોઅન્ય જમાડીયાં, વાજ્યા ઉછીના પાડરે.

---

(૧૭૫)

મહાદેવની જાન.

શિવ શંકર ને શિવ રામરે, ગુરૂવા ગણપતિ કરૂંરે પ્રણામરે
મુજને અવીચળ વાણી આપોરે, મારાં વિધ્ન સમસ્ત ઉથાપોરે
કર જોડીને કહું એક વાતરે, કયાં પરણ્યા તે શંભુ નાથરે
વેહેવા દેવી દાસે જાણ્યોરે, વેહેવા વૈકુંઠનાથે વખાણ્યોરે
વેહેવા જુગતે જોવાડયોરે

વલણ.

વેહેવાને જુગતે જોવાડીએ, મોરી માતાજી ઉમીયાય
એ વર શંભુ સદા શંભુ. શંભુ તે ભોળા કહેવાય
એવા પ્રણમુ તે શંભુજીને સાંભળી કીધી તે રૂષિ આગળ વાત

ત્યાં ઉપર બ્રહ્મા ઘણું છાજે, ત્યાં છે એ મેના નારી

તેને ખોળે એ કન્યા કુંવારીરે, તે તો રૂપ અનુપમ લાવીરે
ચાલે ગજગતિ હંસને સરસીરે, ધરતી પર ડગલાં ભરતીરે
રૂપ અનુપમ જેનું જણાયરે, એની કનકના સરખી કાયરે
વેણી શીર નાગ વળાવ્યારે, એમ કહેતામાં નારદ આવ્યારે
મહાદેવના માગાં લાવ્યારે, ઉરમાં હર્ષ અધિક ઉપજાવેરે
પરદેશી ચીતારા તેડાવોરે, માંહે હંસ ને મોર લખાવોરે

રાગ બીજો.

મોર બોલે મધુરા બોલ, એ કોયલને નહિ તોલ
ત્યાં જાય જાવંત્રી ઝાઝી, નારંગી દીસે તાજી
ત્યાં કેળ ને ખજુરાં, હરિનાં આંગળાં દિસે રૂડાં
રૂંઢ મુંઢ અને વરમાળ, વીંટાળીઆ ભોરંગી કાળા
જુગતે કરી જટા બાંધી, હરીએ ફાટેલી કથા સાંધી
જુવો વાજીંત્ર જાન જમાઇ, જેઓ કહ્યા એ નરના ભાઇ
મેના કહે મેં પુત્રી જાઇ, ગળથુથીમાં વિખ ન પાઈ

વલણ.

એટલે તે બોલ્યાં પારવતી રાણી
તમે એ શું બોલ્યાં મારી માત
જન્મ આપે જનિતા પણ કર્મ ન આપે કોય
પાણી પી ઘર પૂછીયાં હવે જાત ભાત શી જોય
બારણે આવ્યો વર ટહુકા કરે, તે વર્યા વિના કેમ જાય
તોરણે વર આવ્યો આશા ભર્યો, તે પરણ્યા વિના કેમ જાય

પાર્વતી સૈયર મોકલી, શંકર રૂપ પ્રકાશ
શંકર રૂપ પ્રકાશીયું, કોટીક ચંદ્ર પ્રકાશ
હરખે ને નિરખે મેના માવડી, હરખે તે મંગળ ગાય
મેના પોતાના મન વિષે, કંઇ હર્ષ તે ઉભરાય
નાક સાહી વર નીરખીયા, ગળે તે ઘાલ્યા ઘાટ
આણી બેસાડયાં મ્હાયરે, બેસણે માંડયા પાટ
આડો તે અંતરપટ ધર્યો, પાનેતર વાળીયા ગાંઠ
કાયા ચંદન કેરી કુંવરની, ત્યાં રચ્યો છે સાર કંસાર
વેદ મંત્રે કંસાર રચ્યો, હવે તેડાવો કન્યાની માત
સુનલા થાળ અણાવીએ, રૂપલા ઝારી હાથ
ઘી અણાવો ગૌરી તણા, ખોબલે પીરસો ખાંડ
ત્યાં તો જમાડે પાર્વતીને, પાર્વતી જમાડે શિવ
અન્યોઅન્ય જમાડીયા ઉછીના વાળ્યા પાડ

---

(૧૭૬)

સત્યભામા વિવાહ.

પ્રથમ પ્રણમું શ્રી ગુરૂજીના પાય, સમરૂ શ્રી ગોવર્દ્ધન રાય
શુભ મતિ અતિ જન ગુણ ગાય, શ્રી સત્યભામાજીનો વેહેવાય
શ્રીમદ ભાગવદ ભણુંરે આનંદરે, જેમાં રસનિધિ દશમસ્કંધરે
તેમાં છપ્પનમા અધ્યાયરે, સીમંત મણિ તણો મહિમાયરે
શ્રી દ્વારિકા નગરી મોઝાર, ઉગ્રસેન મહામતિ નૃપ સાર

વસે જાદવ ત્યાં છપ્પન કોડ, નથી જુગમાં કો તેની જોડ
જાદવ એક સત્રાજીત નામ, કન્યા એક સત્યભામા ધામરે
પ્રભાકર તેના ઈષ્ટ દેવરે, સત્રાજીત કરે તેની સેવરે
પ્રસન્ન થયો કૃપા કીધી ઘણીરે, સુરજે આપ્યો સીમંત મણીરે
નિત્ય પ્રત્યે પૂજન કરેરે, બ્હાર જાય ત્યારે કંઠે મણી ધરે
એક સમે કંઠે ધરી મણી, સત્રાજીત આવ્યો સભા ભણીરે
દુર થકી દેખી સહુ જનરે, ચકિત થયાં પોતાના મનરે
સહુ મનમાં કરે વિચારરે, આવે સૂર્ય સભા મોઝારરે
કૃષ્ણ કહે દિનકર નવ હોયરે, હશે સત્રાજીત જાદવ સોયરે
આસન આપ્યુ તે આદર કરીરે, ક્ષણ રહીને બોલ્યા શ્રીહરીરે
સાંભળો સત્રાજીત મારી વાતરે, જેથી જશ વધે વિખ્યાતરે
સુર્ય ભક્તિ કીધી તમે ઘણીરે, મોટે ભાગ્યે પામ્યા મણીરે
માટે એ ભેટ ભૂપને કીજેરે, વચન અમારૂં શીર પર લીજેરે
મણી શોભે તે રાજદ્વારરે, આપણે સેવા તણો અધિકારરે
મણી માંગો શું લજા પરહરિરે, સુરજ સેવ્યા મેં સમજ કરીરે
ઉઠયો સત્રાજીત નિરધારરે

વલણ.

પુજા ઠામ પરવારીયા, મણિ સીમંત એવું નામ
આવે કથા કેમ નીપજે, કહે છે જન દયારામ
ભ્રાત સત્રાજીત તણો, પ્રસેન નામે જેહ
વન ગયો કંઠે મણિ ધરી, મૃગયા રમવા તેહ

રમતાં સિંહ મળ્યો એક વાટરે
અશ્વ સહિત હણ્યો મણિ માટેરે
મણિ લઈ ત્યાં થકી સિંહ ચાલ્યોરે
તેને જાંબુવાનને જઈ ઝાલ્યોરે
કન્યા જાંબુવંતી હતી ઘરમાંરે
મણિ જઈ આપ્યો તેના કરમાંરે
રીંછ રાજે હણ્યો સિંહ ઠામેરે
મણિ લઇ ગયો પોતાને ધામેરે
એ કથા રહી એણે ઠામરે
સત્રાજીત કરતો શું કામરે
જ્યારે ઘેર ન આવ્યો ભ્રાતરે
સત્રાજીતે ઉરાડી વાતરે
કૃષ્ણે માર્યો તે મારો ભ્રાતરે
મણિ માટે કરી એની ઘાતરે
સૌને વાત કરે એવું કરીનેરે
એવું કલંક ચોંટયું શ્રી હરીનેરે
સહુ કોઇ વાત વિચારે છે મનરે
કૃષ્ણ કહે ચાલો જઇએ વનરે
જઈ કરીએ મણિનું શોધનરે
એમ કરીને આવ્યા વનરે
જતાં આગળ દીઠો પામ્યો મરણરે

ત્યાંથી સિંહ પડયો દીઠો ઘરણુરે
ત્યાંથી રીંછના પગલાં દીઠાંરે
તે તો ગિરિની ગુફામાં પેઠારે
મુષ્ઠિ પાતે લડે બેઉ બળીયારે
સત્તાવીસ દિવસ એમ પળીઆરે
એવામાં એક દિવસ એવું બનશેરે
જાંબુવંતીને પ્રભુજી પરણુશેરે
રીંછ કન્યા પ્રભુજીને પરણીરે
પેહેરામણીમાં આપ્યો સીમત મણીરે

---

(૧૭૭)

જાંબુવંતી વિવાહ.

રમતાં સિંહ મળ્યો એક વાટેરે
અશ્વ સહિત હણ્યો મણિ માટેરે
મણી સિંહ લઈ ત્યાંથી ચાલ્યોરે
તેને જાંબુવાને આવી ઝાલ્યોરે
રીંછ રાજે હણ્યો સિંહ ઠામેરે
મણી લઇ ગયો નીજ ધામેરે
કન્યા જાંબુવંતી હતી ઘરમાંરે
આપ્યો મણિ તેના કરમાંરે
એકઠા રહી એણે ઠામેરે

કહ્યું નિપજ્યું જે એને ધામરે
ઘેર આવ્યો નહીં જયારે ભ્રાતરે
સત્રાજીતે ઉરાડી વાતરે
મરાવ્યો કૃષ્ણે માહારો ભ્રાતરે
મણી લીધો એવા એ અન્યાઈરે
એવું કલંક ચોટયું હરીને જુઠુંરે
સહુ કો વાત કરે ફરી ફરીનેરે
કૃષ્ણ કહે સાંભળો સહુ જનરે
નિશ્ચે કરી ચાલો સહુ વનરે
સરવે ચાલ્યા જોતા તુરી ચર્ણરે
આગળ દીઠા પામ્યા બેઉ મર્ણરે
ડંખ દીસે વ્યાઘ્રના અંગરે
દાખ્યા કૃષ્ણે હતા જે કો સંગરે
ત્યાંથી ચાલ્યા વ્યાઘ્ર પદ પૃષ્ઠરે
વ્યાઘ્ર પ્રાણ રહીત પડયો દૃષ્ટેરે
ત્યાં રીંછનાં પગલાં દીઠાંરે
તે તો ગિરીની ગુફામાં પેઠારે
ત્યાંથી ચમકયા સરવે ભય પામીરે
પેઠા કંદરામાં અંતરજામીરે
જાંબુવંતીને દીધું દરશનરે
મણી લેતાં કીધું રૂદનરે

એટલે જાંબુવાન આવ્યો ધાઇરે
  જુધ્ધ કીધું અંગે જદુરાઇરે
મુષ્ટિ પ્રહારે વઢ્યા બેહુ બળિયારે
  સત્તાવિસ દિવસ વીતી વળિયારે
જાંબુવાન થયો ગતી ભંગરે
  હરિને પ્રહારે ચૂરણ થયું અંગરે
સાંભળ્યું વચન કહ્યું રઘુનાથરે
  કૃષ્ણ થઇ વઢીશું તુજ સાથરે
તે સાંભળી લજ્જા મન પામ્યુંરે
  કીધું સ્તવન ચરણ શીર નામ્યુરે
ગ્લાની પામ્યો ઘણો થયો અન્યાયરે
  માટે પરણાવી પોતાની કન્યાયરે
જાંબુવંતિ કર હરિ કર થાપ્યોરે
  સસરે મણી પહેરામણીમાં આપ્યોરે
સજોડે આવ્યા શ્યામ સદનરે
  જોઇ હરખ પામ્યાં સહુ જંનરે
સત્રાજીત સભામાં તેડી લીધોરે
  જોતાં સર્વ મણિ કર દીધોરે
વીતી વાત તે સર્વે જાણીરે
  સભામાંથી ઉઠયો લજ્જા પામીરે
પસ્તાતો આવ્યો પોતાને ઘેરરે
  કીધું સમર્થ સાથે વેરરે

---

(૧૭૮)

રાધા વિવાહ.

એક સમે વૃજ કન્યકા, મારા રાજ હો જીરે
  શ્રી રાધાજી છે માંહે કે હું બલીહારીરે મારારાજ
રમતાં આવે વૃંદાવનમાં, મારારાજ હો જીરે
  આવ્યો શ્રી રાધાજીને હાથ કે હું૦
માંગે ગોવિંદ ગોપી ના કહે મારારાજ હો જીરે
  પામો જો રમો હમ સાથ કે હું૦
બોલી લલીતા લાલ શું મારારાજ હો જીરે
  રચીએ વેહેવાના ખેલ કે હું૦
કન્યા રંગીલી રાધીકા મારારાજ હો જીરે
  વર થઈ કરો તમો કેલ કે હું૦
સુણતાં મોહન મન માન્યું મારારાજ હો જીરે
  સરવે થયા રસ રૂપ કે હું૦
સમજી સખા સરકી ગયા મારારાજ હો જીરે
  સખીઓએ માંડી ધામધુમ કે હું૦
મનોહર મંડપ બાંધીયો મારારાજ હો જીરે
  રચ્યો વેહેવાઇનો ધામ કે હું૦
કોઇ કીરત વ્રષ ભાન થઇ મારારાજ હો જીરે
  કોઇ જસોદા નંદ નામ કે હું૦
ગણેશ ગોત્રને બેસાડીઆ મારારાજ હો જીરે

ફરી સહુ લગ્નની રીત કે હું૦
કેટલીક તો તરૂણી જાદરણી મારારાજ હો જીરે
ગીતો ગાએ ધરી પ્રીત કે હું૦
પીઠી ચોળી વર કન્યા મારારાજ હો જીરે
એહુને સજાવ્યા શણગાર કે હું૦
દેવ કલુવો દારા કરે મારારાજ હો જીરે
સાસુએ પોંકયા મોરાર કે હું૦
વરવહુ પધરાવ્યાં માહેરાં માહે મારારાજ હો જીરે
ચોરી રચી નવ રંગ કે હું૦
બ્રાહ્મણ થઇ ભણે કુલી મારારાજ હો જીરે
આનંદ બહુ સહુ અંગ કે હું૦
શુભ લગ્ન ઘડી મુહુરત સમે મારારાજ હો જીરે
થયો જુગ હસ્ત મેળાપ કે હું૦
મંગળ ફેરા દંપત ફર્યા મારારાજ હો જીરે
મીટયા સરવે પરીતાપ કે હું૦
રાધીકા કૃષ્ણ આરોગીઆં મારારાજ હો જીરે
કોડે કરી કંસાર કે હું૦
રીતે ભાતે કીધો ચાંદલો મારારાજ હો જીરે
વામા વધાવાને ચાર કે હું૦
લાડી વળાવવા સાસરે મારારાજ હો જીરે
કીધી હતી રસ કેલી કે હું૦

આનંદ સાગર ઉછળ્યો મારારાજ હો જીરે
વળી છે માહા રંગ રેલ કે હું૦
હળીમળી પૂછે સાહેલીઓ મારારાજ હો જીરે
કેહેની ગમ્યો વર એહ કે હું૦
શામા સુણી નીચું જોઈ હસ્યા મારારાજ હો જીરે
પ્રગટ કહે શું ઉપનો નેહ કે હું૦
કુળની રીતે છોડયા દોરડા મારારાજ હો જીરે
ગાય વાંકાં રસ ગીત કે હું૦
ક્ષણ ક્ષણ હેત હઇએ વધે મારારાજ હો જીરે
ચોરે પરસ્પર ચીત કે હું૦
એમ સદા વૃંદાવનમાં મારારાજ હો જીરે
ખેલે જુગલ સ્વરૂપ કે હું૦
એ છે પ્રાણજીવન દયાદાસના મારારાજ હો જીરે
આનંદ મંગળ રૂપ કે હું૦

---

(૧૭૯)

તોરણે ધવલડો હંસ તો કોણે હંસ ઉરાડીયોરે
આશા વરૂણી જીયાવરના માડી તો તેણે હંસ ઉતાડીયા
કહોને હંસલા કીયો તમારો દેશ તો કહીં તમારી સ્થાપનારે
કાશી હમારો દેશ તો વણારશી અમારી સ્થાપનારે
કહોને હંસલા કેમ જઇએ પરદેશ તો કેમ જળ ડોવીયેરે

પાંખડી જઇ પરદેશ તો જયા ઘડીએ જળ ડોવીયેરે
હંસલા કોટે તુળસીની માળા તો વિશ્વનાથદેવનું હારીયરે
કોણે મારા ટોડા ઢાળી કોણે લખ્યા હંસ ને મોર
મારા ટોડા રળીયામણા કોણે મારા ઝાંપલીયા સમાર્યારે
કોણે કીધી લોહ જડતી વાડ મારા ઝાંપલીયા રળીયામણા
કોરીરે કરવી રૂકિમણી બાઈને હાથ તો વહુવર વેહેવા માલશેરે
પાપડની કોઠીએ દાટા દેશ તો ઢમટાં મેલીશ મોકળારે
ચોખાની કોઠીએ દાટા દેશ તો વાટલીયા મેલીશ મોકળારે

---

(૧૮૦)

વહુ વરના હાથ મળે ત્યારે ગાવાનું ગીત.

ઢોલા ઢમકયારે વર વહુના હાથ મળ્યા
વાજાં વાગ્યાંરે વર વહુના હાથ મળ્યા
હૈડાં હરખ્યાંરે વર વહુના હાથ મળ્યા
નેત્રે નીરખ્યાંરે વર વહુના હાથ મળ્યા
જેમ નદીને નદીનો નાથ મળ્યા
એમ વર ને કન્યાના હાથ મળ્યા
જેમ દૂધમાં સાકર જાય મળી
એમ વર ને કન્યાની જોડ મળી
જેમ ફૂલમાં હોય સુવાસ વળી
એમ વર ને કન્યાની જોડ મળી

જેમ શોભે લેહેરો સાગરમાં
એમ વર ને કન્યા માયરામાં
જેમ સારસ શોભે સજોડે કરી
તેમ વર ને કન્યાની જોડ ઠરી
જેમ ઇંદ્ર ઇંદ્રાણીની જોડ ધરી
તેમ વર ને કન્યાની જોડ ઠરી

---

(૧૮૧)

છૈયા તેં તો છબીલીને છેતરી, તું તો પરણ્યો કન્યાને કપટ કરી
તારાં સારાં નસીબે તને મળી, કન્યા પામ્યો તું કાચની પુતળી
મોટા કુળની કન્યા તને મળી, તેં તો લીધી કન્યાને કળે કરી
ખુશામત કરી ખોળા પાથર્યા, તારા બાપે માગી તારે કારણે
તું તો આંગણે આંગણે આથડયો, તને કન્યા દેનારો કોઇ ન જડયો
તારૂં ભાએગ આજ ઉઘડયું, કન્યા રૂપી રતન તને જડયું
સારા કુળમાં તને મળ્યું સાસરૂં, પડયું આજ નસીબ તારૂં પાધરૂં
પુરા પુન્યનો જથો જામીઓ, તેથી લાખેણી લાડી તું પામીઓ

---

(૧૮૨)

કાચી ઇંટે ચુલા ચણ્યા, દુધડે મેલ્યાં અધરણ
તંબોળીડા રંગ રાતો
દરાખ ચારોળીની રાંધી ખીચડી, લવેંગનો કીધો વઘાર—તંબો૦

માતા દેવકીજી જમાડે, પ્રેમે જમોની ભગવાન–તંબો૦
કાચીને ઈંટે ચુલા ચણ્યા, પાણીએ મેલ્યાં અધરણ–તંબો૦
દાળ ચોખાની ખીચડી, લસણનો કીધો વઘાર–તંબો૦
વેવણ જમાડે લાડકડીને, હોંસે જમીરે લાડકડીરે–તંબો૦
કઈ બેન તે વરના વખાણ કરે એનો વર છે તંબોળી–તંબો૦
બીડાં વાળતાં નહીં આવડે, કાથા ચુનાનો વાળ્યો ડાટ–તંબો૦
ફુલાણી તે વરના વખાણ કરે, એનો વર છે કુંભાર–તંબો૦
હાંલ્લાં તે ઘડતાં નહીં આવડે ચાકનો વાળ્યો છે ડાટ–તંબો૦
ઉપર મુજબ ફેરવીને ગાવું.

(૧૮૩]

માંડવા મુહુરત વખતે ગાવાનું ગીત.

આજે મારો માંડવો ભરીએલો ગાજે
ભરીએલો ગાજે ને નોબત વાગેરે
આજે મારે માંડવે કોણ કોણ આવે
આજે મારે માંડવે શ્રી કૃષ્ણ આવેરે
શ્રી કૃષ્ણ સરખાં રૂક્ષમણી આવેરે
રૂક્ષમણી સરખાં પ્રદ્યુમન આવેરે
આજે મારો માંડવો ભરીએલો ગાજેરે
ભરીએલો ગાજે ને નોબત વાગેરે
આજે મારે માંડવે ગણપતિ આવેરે

ગણુપતિ સરખાં સીદ્ધી બુદ્ધી આવેરે
આજે મારો માંડવો ભરીએલો ગાજેરે
ભરીએલો ગાજે ને નોબત વાગેરે
આજે મારા માંડવે ફુલાણા ભાઇ આવેરે
ફુલાણાભાઇ સરખાં ફુલાણી વહુ આવેરે
ફુલાણી વહુ સરખા તે ક્રીકાભાઇ આવેરે
આજે મારો માંડવો ભરીએલો ગાજેરે
ભરીએલો ગાજે ને નોબત વાગેરે

---

(૧૮૪)

વહુ વર ઘેર આવે ત્યારે ગાવાનું ગીત.

વહુ આવી વહુ ભલેરે આવી, વહુ આવી વહુ તોરણે આવી,
મારૂં ને તારૂં કરતીરે આવી, વહુ આવી વહુના હાથમાં ઝારી
ઓણુ આવી પોર પુત્રની માડી, વહુ આવી વહુના છાપરે નળીઆ,
સવીતાવહુ વસાવસે જુદારેપૂળીઆ, વહુ આવી વહુના હાથમાં લોટા
ઓણુ આવી પોર લાવશેરે બેટા, ભૈયાને ભંભેરતી આવી,
છૈયાને છંછેડતી આવી.

સમાપ્ત.